પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૮-૦૪-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૯૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બે અઠવાડીયાના યુદ્ધ વિરામ અંગે અમેરિકા-ઈરાન સમંત

## યુદ્ધ વિરામ અંગે પાક. પીએમને ક્રેડીટ આપતા ટ્રમ્પ : લેબનોન વિરુદ્ધ યુદ્ધ ચાલુ રહેશે :ઈઝરાયેલ



નવી દિલ્હી, તા. ૦૮

અમેરિકા અને ઈરાન વચ્ચે ૪૦ દિવસથી ચાલી રહેલા યુદ્ધ પછી આખરે ૨ અઠવાડિયાના યુદ્ધવિરામ પર સહમતિ બની ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણય પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફની અપીલ પછી લેવામાં આવ્યો.

યુદ્ધવિરામ પહેલાં ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી હતી કે જો હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને સુરક્ષિત રસ્તો નહીં મળે તો તે તેની આખી સભ્યતા ખતમ કરી દેશે. તેમણે મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની પણ ધમકી આપી હતી.ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, આ ડીલ પાકિસ્તાનની મધ્યસ્થી અને છેલ્લી ઘડીએ ચીનના હસ્તક્ષેપ પછી શક્ય બની. પાકિસ્તાને ૨ અઠવાડિયાના યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને ઈરાને સ્વીકારી લીધો.સમજૂતી હેઠળ, અમેરિકા અને ઈઝરાયલ પોતાના હુમલા રોકશે. ઈરાન પણ હુમલા બંધ કરશે. આ દરમિયાન, હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ, ગેસ અને અન્ય જહાજોની સુરક્ષિત અવરજવર ઈરાની સેનાની મદદથી સુનિશ્ચિત કરવામાં આવશે.આ યુદ્ધવિરામ લેબનોન સહિત અન્ય વિસ્તારો પર પણ લાગુ પડશે. ત્યારબાદ ૧૦ એપ્રિલે અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ઔપચારિક વાતચીત શરૂ થશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામનું જાપાન અને ઈન્ડોનેશિયાએ સ્વાગત કર્યું છે. બંને દેશોએ આ પગલાને સકારાત્મક ગણાવતા શાંતિ અને રાજદ્વારી સંબંધો પર ભાર મૂક્યો છે.ઈન્ડોનેશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા યવોન મેવેંગકાંગે જણાવ્યું હતું કે તમામ પક્ષોએ સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું જોઈએ અને રાજદ્વારી ઉકેલની દિશામાં આગળ વધવું જોઈએ

જ્યારે, જાપાનના ચીફ કેબિનેટ સેક્રેટરી મિનોરુ કિહારાએ આ યુદ્ધવિરામને સકારાત્મક પગલું ગણાવ્યું અને કહ્યું કે ટોક્યો હવે અંતિમ કરારની રાહ જોઈ રહ્યું છે.બહેરીનમાં કથિત ઈરાની હુમલા બાદ લાગેલી આગને સિવિલ ડિફેન્સે ઓલવી દીધી છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું

અનુસંધાન પાના ૭ પર

## શેરબજારમાં લાલચોળ તેજી ક્રૂડમાં ૧૯ ટકાનો કડાકો

મુંબઈ, તા. ૦૮

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક યુધ્ધમાં 'નિર્ણાયક એટેક' પૂર્વે જ આજે ૪૦મા દિવસે બે અઠવાડિયાના સીઝફાયરની જાહેરાત થતાં માર્કેટોમાં જબરદસ્ત તેજી થઇ છે.

વિશ્વભરના શેરબજારોમાં જોરદાર ઉછાળા વચ્ચે ભારતીય સેન્સેક્સમાં ૨૭૫૦ પોઈન્ટથી વધુનો જોરદાર ઉછાળો નોંધાયો હતો. નિફટી ૨૪૦૦૦ની નજીક પહોંચ્યો હતો. સોના-ચાંદી તથા રૂપિયામાં તેજી થઇ હતી. જયારે ક્રૂડતેલમાં ૧૯ ટકાનો પ્રચંડ કડાકો સર્જાયો હતો.



### સોનામાં ૩૧૦૦ તથા ચાંદીમાં ૧૧૭૦૦નો ઉછાળો : ડોલર સામે રૂપિયો ૪૧ પૈસા ઉચકાયો

મધ્ય પૂર્વ યુધ્ધને કારણે દુનિયાભરમાં પેટ્રોલીયમ સંકટથી માંડીને સપ્લાય ચેઈન પ્રભાવિત થવા લાગી હતી. વૈશ્વિક અર્થતંત્ર પર ગંભીર અસર થવાના ભણકારા વાગવા લાગ્યા હતા તેવા સમયે જ બે સપ્તાહનું યુધ્ધવિરામ જાહેર થતાં હવે વાટાઘાટો દ્વારા કાયમી ઉકેલની આશા ઉભી થઇ છે.

આ જાહેરાતને પગલે શેરબજાર ગેપઅપ ખુલ્યું હતું. ઓલરાઉન્ડ લેવાલી તથા મોટાપાયે વેચાણ કાપણીથી તેજીના માર્ગે આગળ દોડવા લાગ્યું હતું. ક્રૂડમાં કડાકાથી તથા સપ્લાય ચેઈન પૂર્વવત થવાની આશાથી મોટો હાશકારો હતો.

શેરબજારમાં આજે અશોક લેલેન્ડ, ઈન્ડીગો, પ્રેસ્ટીજ એસ્ટેટ, ચોલા ઈન્વેસ્ટમેન્ટ, એચડીએફસી બેંક, લાર્સન, આઈસીઆઈસીઆઈ બેંક, બીએસઇ, વોડાફોન, યસ બેંક, ટાઈટન, આનંદ રાઠી, વારી એનર્જી સહિતના શેરો ઉંચકાયા હતા. ઓઈલ ઈન્ડિયા, કોલ ઈન્ડિયા, નેલ્કો, ઓએનજીસી જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૨૭૧૧ પોઈન્ટના ઉછાળાથી ૭૭૩૨૭ હતો તે ઉંચામાં ૭૭૩૧૨ તથા નીચામાં ૭૭૦૪૨ હતો. નિફટી ૭૯૭ પોઈન્ટના ઉછાળાથી ૨૩૯૨૦ હતો તે ઉંચામાં ૨૩૯૩૮ તથા નીચામાં ૨૩૮૨૮ હતો. બેંક

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધ વિરામ પાછળ અસલી ભેજુ કોણ?

### પાકિસ્તાની પીએમએ એક્સ પર મૂકેલો મેસેજ કોપી-પેસ્ટ

નવી દિલ્હી, તા. ૦૮

અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે પોતાને 'ચૌધરી' બતાવવાનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની મૂર્ખામીનો ભાંડો ફરી એકવાર ફૂટી ગયો છે. શાહબાઝ શરીફની એક ઓનલાઈન પોસ્ટ સામે આવી છે, જેનાથી ઈરાન સંકટમાં પાકિસ્તાનની ભૂમિકા પર સવાલો ઉઠી રહ્યા છે. આ શાહબાઝની X પરની એક પોસ્ટ પછી થયું, જેને તાત્કાલિક એડિટ કરવામાં આવી હતી. પરંતુ આ એડિટે લોકોનું ધ્યાન ઝડપથી ખેંચ્યું અને હવે તેને લઈને પાકિસ્તાનના વડાપ્રધાનની મજાક ઉડી રહી છે.

શરીફે મંગળવારે ટ્રમ્પના યુદ્ધવિરામની જાહેરાત પહેલા X પર એક પોસ્ટ કરી હતી. પાકિસ્તાનના વડાપ્રધાને તેમાં ટ્રમ્પને ઈરાન પરના તેમના હુમલાની સમયમર્યાદા વધારવા અને રાજદ્વારી વાટાઘાટોને તક આપવા અપીલ કરી હતી. શરીફે લખ્યું, રાજદ્વારીને પોતાનો માર્ગ નક્કી કરવા દેવા માટે, હું રાષ્ટ્રપતિ ટ્રમ્પને સમયમર્યાદા બે અઠવાડિયા માટે વધારવા નમ્ર વિનંતી કરું છું.

અનુસંધાન પાના ૭ પર

## ટ્રમ્પની ડેડ લાઈનના બે કલાક પહેલાજ ઈરાનનું વલણ બદલાયું

### ટ્રમ્પે હુમલા બંધ કરવા અમેરિકી દળોને આદેશ આપ્યો

વોશિંગ્ટન, તા. ૦૮

'એક સદીયો જુની સભ્યતાને ખત્મ કરીશુ' અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એ ઈરાનને સમજુતી માટે આવેલા અલ્ટીમેટમના ૨ કલાક પુર્વે જ નાટયાત્મક દ્રશ્યો બાદ અમેરિકા અને ઈરાને બે સપ્તાહ માટે યુદ્ધ વિરામની જાહેરાત કરતા સમગ્ર વિશ્વનાં શ્વાસ હેઠે બેઠો હતો.પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યુ કે ઈરાન હોર્મુઝ જળમાર્ગ ખોલવા સંમત થઈ ગયુ છે અને તે પુરેપુરો અને સુરક્ષિત રીતે ખોલશે તથા બન્ને દેશો વચ્ચે ઈરાને પાઠવેલી ૧૦ મુદાની સમજુતીમાં હકારાત્મક વલણ બન્યુ છે. તેથી એ અમેરિકી દળોને તાત્કાલીક રીતે ઈરાન પર હુમલા બંધ કરી દેવા આદેશ આપ્યા છે.

પ્રમુખ ટ્રમ્પના આ વિધાનને સમાંતર ઈરાન જાહેર કરશે. જો અમારા પરના હુમલા બંધ થશે તો અમો હોર્મુઝ જળમાર્ગ બે સપ્તાહ સુધી ખોલવા સંમત છીએ. ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ તેના દેશની આ જાહેરાતને શરતી યુદ્ધ વિરામ ગણાવ્યુ હતું તો ઈરાની સ્ટેટ મિડીયાએ દાવો કર્યો કે અમેરિકાએ પીછેહઠ કરી છે. ૪૦ દિવસ ચાલેલા આ યુદ્ધમાં જો કે ઈઝરાયેલની સંમતિ અંગે પ્રશ્ન છે.

અનુસંધાન પાના ૭ પર

## યુપી, એમપી અને રાજસ્થાનમાં વાવાઝોડા સાથે વરસાદ ઝીંકાયો

### જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલન

નવી દિલ્હી, તા. ૦૮

દેશમાં બેક-ટુ-બેક બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી હવામાન બદલાઈ ગયું છે. આજે યુપી-રાજસ્થાન સહિત ૨૦ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની સંભાવના છે. જ્યારે ૧૦ રાજ્યોમાં કરા પડી શકે છે.

જમ્મુ-કાશ્મીરના રામબનમાં ભૂસ્ખલનને કારણે જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ થઈ ગયો. જ્યારે હિમાચલના ચંબામાં મંગળવારે સવારે ભૂસ્ખલનને કારણે નિર્માણાધીન પુલ તૂટી ગયો.ઉત્તર પ્રદેશના લખનઉમાં મંગળવારે મોડી સાંજે ધૂળભરી આંધી ચાલી. ૧૦થી વધુ જિલ્લાઓમાં વરસાદ થયો, ઘણી જગ્યાએ વૃક્ષો અને વીજળીના થાંભલા પડ્યા. રાજસ્થાનના ઉદયપુરમાં આંધીના કારણે મકાનની દીવાલ પડી ગઈ, જ્યારે રણ પ્રદેશના જિલ્લાઓ જેસલમેર-નાગૌરમાં પણ વરસાદ ઉપરાંત કરા પડ્યા. મધ્ય પ્રદેશના ઉપલા ભાગમાં ૩ સાયક્લોનિક સર્ક્યુલેશન (ચક્રવાત) સક્રિય છે. આ કારણે ૧૮ જિલ્લાઓમાં વરસાદ-આંધીનું એલર્ટ છે. મંગળવારે ૧૯ જિલ્લાઓમાં વરસાદ થયો.૮ એપ્રિલઃ જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપીમાં ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના છે. ૪૦ થી ૬૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બિહાર, ઝારખંડ, બંગાળ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વરસાદ સાથે કરા પડવાની આશંકા છે.૯ એપ્રિલઃ જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. ૩૦ થી ૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આસામ-મેઘાલયમાં ભારે વરસાદનું એલર્ટ છે, જ્યારે મધ્ય અને પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે હળવા વરસાદની સંભાવના છે.

## સબરીમાલામાં મહિલાઓના પ્રવેશનો નિર્ણય ખોટો : સરકાર

### ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે ભેદભાવના મુદ્દે સુપ્રીમમાં બીજા દિવસે સુનાવણી

નવી દિલ્હી, તા. ૦૮

ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવના કેસ પર સુપ્રીમ કોર્ટમાં બીજા દિવસની સુનાવણી શરૂ થઈ ગઈ છે. નવ ન્યાયાધીશોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. મંગળવારે પાંચ કલાક ચાલેલી સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધને ટેકો આપ્યો.સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, "મહિલાઓને મંદિરમાં પ્રવેશ ન આપવો એ તેમનું અપમાન નથી. તેઓ ભારતમાં પૂજનીય છે. મંદિરની પરંપરાને 'અસ્પૃશ્યતા' (અસ્પૃશ્યતા અથવા કલમ ૧૭) કહેવા સામે અમને વાંધો છે. જાતિના આધારે અસ્પૃશ્યતા પાળવામાં આવતી હતી; આ મુદ્દો તેનાથી અલગ છે."તેમણે વધુમાં કહ્યું, "જેમ આપણે મસ્જિદ, મંદિર અથવા ગુરુદ્વારાની મુલાકાત લેતી વખતે માથું ઢાંકીએ છીએ, તેવી જ રીતે સબરીમાલાની પણ એક અલગ પરંપરા છે, અને તેનું સન્માન કરવું જોઈએ. આ ધાર્મિક શ્રદ્ધા અને સમુદાયની સ્વાયત્તતાનો મુદ્દો છે, જે કોર્ટના અધિકારક્ષેત્રની બહાર છે."

અનુસંધાન પાના ૭ પર

## ભવાની પુર બેઠક પરથી મમતા બેનર્જીએ નોંધાવેલી ઉમેદવારી

### મમતા સામે ભાજપના સુવેન્દુ અધિકારીની ટક્કર

નવી દિલ્હી, તા. ૦૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. ભાજપે આ બેઠક પરથી સુવેન્દુ અધિકારીને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ વિરોધ પક્ષના નેતા પણ છે.

સુવેન્દુએ ૨ એપ્રિલે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. ચૂંટણી દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ તેમની સાથે હાજર હતા. ભવાનીપુર ઉપરાંત, મમતા અને સુવેન્દુ નંદીગ્રામમાં પણ આમને-સામને છે, જ્યાં તેમણે ૨૦૨૧માં મમતાને હરાવ્યા હતા.

આ દરમિયાન, તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન આજે કરુર અને ઈરોડમાં ચૂંટણી રેલીઓ કરશે. ૯ એપ્રિલે આસામ, કેરળ અને પુડુચેરીમાં એક જ તબક્કામાં મતદાન છે. તેથી, ત્રણેય રાજ્યોમાં પ્રચાર મંગળવારે સાંજે ૫ વાગ્યે સમાપ્ત થયો.

ગુરુવારે (૯ એપ્રિલ) યોજાનારી કેરળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓના ભાગ રૂપે તિરુવનંતપુરમમાં મતદાન કર્મચારીઓને ઈફસ સહિતની ચૂંટણી સામગ્રી પૂરી પાડવામાં આવી રહી છે.ભારતના ચૂંટણી પંચે ટ્વીટ કર્યું - આ વખતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ચોક્કસપણે ભયમુક્ત, હિંસામુક્ત, ધમકીમુક્ત, પ્રલોભનમુક્ત, કોઈપણ દરોડા વિના અને બૂથ કેપ્ચરિંગ વિના થશે.તમિલનાડુના ડેપ્યુટી સીએમ અને તિરુવલ્લીકેનીથી ડીએમકેના ઉમેદવાર ઉધયનિધિ સ્ટાલિને તિરુવલ્લુરમાં રોડ શો કર્યો.

## ફ્રાન્સ દ્વારા ૧૨૯ ટન સોનું ઉંચા ભાવે વેંચી મોટી કમાણી

### અમેરિકામાં રહેલુ સોનું ગુપ્તચુપ રીતે ફ્રાન્સે વેચી માર્યુ

નવી દિલ્હી, તા. ૦૮

ઈરાન યુધ્ધના કારણે અમેરિકાના 'નાટો' સાથેના સંબંધો બગડ્યા છે અને જે રીતે આ દેશો અમેરિકાની મદદે પહોંચતા નથી તે વચ્ચે ફ્રાન્સએ એક મહત્વના પગલામાં અમેરિકામાં રાખવામાં આવેલું પોતાનું સોનુ પેરીસમાં શીફ્ટ કર્યુ છે.

હાલમાં જ અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રો વચ્ચે તડાફડી થઈ હતી અને ટ્રમ્પે મેક્રો માટે અનેક ખોટા શબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો તે વચ્ચે હવે ફ્રાન્સમાં પગલું મહત્વનું ગણાય છે.

ફ્રાન્સની સેન્ટ્રલ બેંક બેંક ઓફ ફ્રાન્સ દ્વારા આ સોનુ પાછુ લાવવામાં લાંબો વિવાદ સર્જાય તેવી ધારણા હોવાથી ફ્રાન્સે તેમ કરવાના બદલે ૧૨૯ ટન સોનુ આંતરરાષ્ટ્રીય બજારમાં વેંચી નાખ્યું હતું. જ્યારે સોનાની કિંમત અત્યંત ઉંચી હતી ત્યારે ફ્રાન્સે ચાલાકીપૂર્વક આ સોનુ વેંચીને એક સાથે બે હેતુ પાર પાડ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

## વ્યાજદરો યથાવત રાખતી રીઝર્વ બેંક

### ઈરાન યુદ્ધને કારણે સપ્લાય-મોંઘવારીના જોખમથી રિઝર્વ બેંકનું સાવચેતીભર્યું વલણ

નવી દિલ્હી, તા. ૦૮

૪૦માં દિવસે ઈરાન યુદ્ધમાં ચીઝફાયર જાહેર થયુ છે પરંતુ તેના કારણે સપ્લાય, મોંઘવારી તથા અર્થતંત્ર પરની સંભવિત અસરને ધ્યાને રાખીને રિઝર્વ બેંકે સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોય તેમ ધિરાણ નીતિની સમીક્ષા બેઠકમાં વ્યાજદર-રેપોરેટમાં કોઈ બદલાવ નહી કરવાનો નિર્ણય લીધો છે.

રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં યોજાયેલી મોનેટરી પોલીસી કમીટીની બેઠકમાં કોર્પોરેટ ૫.૨૫ ટકાએ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો હતો. ૨૦૨૬-૨૭ના ચાલુ નાણાકીય વર્ષની આ પ્રથમ બેઠકમાં પોલીસીનું વલણ પણ 'ન્યુટ્રલ' તરીકે યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.





રિઝર્વ બેંક દ્વારા વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં કુલ ૧.૨૫ ટકાનો ઘટાડો કરાયો હતો. આ વખતે પણ રેપોરેટમાં ન્યુ ઘટાડાના સંકેત હતા. પરંતુ ઈરાન યુદ્ધને કારણે તેમાં પાણી ફરી વળ્યુ છે.

બેઠકમાં થયેલા નિર્ણય પ્રમાણે સ્ટેન્ડીગ ડિપોઝીટ ફેસીલીટી રેટ પાંચ ટકા પર યથાવત રહેશે. માર્જીનલ તથા સ્ટેન્ડીગ ફેસીલીટી તથા બેંક રેટ ૫.૫ ટકાએ રાખવામાં આવ્યા છે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું કે ચાલુ વર્ષે વાસ્તવિક વિકાસદર ૬.૯ ટકાનો રહેવાનો અંદાજ છે. એપ્રિલથી જુનના ત્રિમાસિક ગાળામાં ૬.૮ ટકા, જુલાઈ-સપ્ટેમ્બરમાં ૬.૭ ટકા, ઓકટોબર-ડિસેમ્બરમાં ૭ ટકા તથા જાન્યુઆરી-માર્ચમાં ૭.૨ ટકાના વિકાસદરનુ અનુમાન દર્શાવાયુ છે.રિઝર્વ બેંકના ગવર્નર મલ્હોત્રાએ જાહેરાત કરી છે કે રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.ઈરાન સંકટને કારણે ઉભી થયેલી મોંઘવારી ફરી એકવાર આર્થિક જોખમ ઊભું કરી રહી છે, જેના કારણે વ્યાજદરમાં ઘટાડો કરવાને બદલે આર્થિક સ્થિરતા અને વિકાસ દર જાળવી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે રેપો રેટ એ મુખ્ય બેન્ચમાર્ક છે જેના આધારે તમામ બેંકો લોન પરના વ્યાજદર નક્કી કરે છે.

અનુસંધાન પાના ૭ પર

## તા. ૧૦ એપ્રિલથી ટોલ પ્લાઝા પર રોકડ વસૂલી સદંતર બંધ

### ડ્રાઈવર પાસે પોતાનું ઓળખપત્ર હોવું જરૂરી

નવી દિલ્હી, તા. ૦૮

નેશનલ હાઈવે અને એક્સપ્રેસ પર ૧૦ એપ્રિલથી ટોલ પ્લાઝા પર રોકડ પેમેન્ટ બંધ થઇ જશે. ફાસ્ટેગ ટોલ વસુલીનું મુખ્ય માધ્યમ બની રહેશે. જો કોઇ વાહનમાં ફાસ્ટેગ નહીં હોય તો યુપીઆઈથી પેમેન્ટનો વિકલ્પ મળશે, પરંતુ તેના માટે ૧.૨૫ ગણો ટોલ ચૂકવવો પડશે.માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે હાલમાં સૂચના જાહેર કરી ટોલ નિયમોમાં ફેરફાર કર્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે જો કોઇ ગાડી પર ફાસ્ટેગ નથી કે તે સક્રિય નથી તો ચાલકને યુપીઆઇથી પેમેન્ટ કરવાની સુવિધા મળશે પણ આ સ્થિતિમાં ચાલકે વધારાનો ટોલ ભરવો પડશે.

જો કોઇ ચાલક ફાસ્ટેગ અને યુપીઆઇ બન્નેથી ટોલ ભરવાનો ઈન્કાર કરે છે તો નિયમ અનુસાર ટોલ કર્મચારી વાહનને આગળ જતું રોકી શકે છે. આવા મામલામાં વાહન માલિકને ઇ-નોટીસ પણ મોકલી શકાય છે. હવે બાકી રકમ ત્રણ દિવસ સુધીમાં જમા ન કરાવી તો ટોલની રકમ ડબલ થઇ શકે છે.

અનુસંધાન પાના ૭ પર

# સોશિયલ આર્મી ગ્રુપ દ્વારા ત્રિદિવસીય શ્રીમદ્ ભાગવત ગીતા કોર્સનું આયોજન

## પ્રખર વક્તા પારસ પાંધી ગહન ચર્ચા કરી સરળ સમજણ આપશે

સુરત, તા.૮

સોશિયલ આર્મી ગ્રુપ દ્વારા ત્રિદિવસીય શ્રીમદ્ ભગવદ્ ગીતા કોર્સ કાર્યક્રમનું ભવ્ય અને દિવ્ય આયોજન તા. ૯, ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાતના પ્રખ્યાત આધ્યાત્મિક અને મોટીવેશનલ વક્તા પારસ પાંધી ઉપસ્થિત રહેશે. આજના આધુનિક સમયમાં, જ્યારે ટેક્નોલોજી અને સમય સાથે ચાલવાની હોડમાં માણસ પોતાની જીવનશૈલીમાં અનેક પ્રશ્નો સાથે ઝઝૂમી રહ્યો છે — જેમ કે તાત્કાલિક લેવાતા નિર્ણયોના વિપરીત પરિણામો, યોગ્ય માર્ગદર્શનનો અભાવ, યુવાવસ્થામાં નિરાશા અને જીવન ટૂંકાવવાના વિચારો — તેવી દરેક સમસ્યાઓનું સમાધાન શ્રીમદ્ ભગવદ્ ગીતામાંથી કઈ રીતે મળી શકે, તે વિષય પર ગહન ચર્ચા અને સરળ સમજણ આપવામાં આવશે.



સાથે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાશે. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક અને આધ્યાત્મિક સંગીત તથા નૃત્યથી સુશોભિત રહેશે. દીવ્ય કીર્તન ગુજરાતના ખ્યાતનામ કલાકારો ઉર્વશીબેન રાદડિયા અને ઋષભભાઈ અગ્રાવતના સુમધુર કંઠે સાંભળવા મળશે.

તેમજ વિખ્યાત સંગીતકાર અને સિતારવાદક ભગીરથભાઈ ભટ્ટ પોતાની સિતાર વાદનની અદભૂત કળાથી ઉપસ્થિત સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેશે. તેમના સાથી કલાકારોની ટીમના સહયોગથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની જશે. આ સમગ્ર કાર્યક્રમ ત્રણેય દિવસ રાત્રે ૮:૦૦ વાગ્યે, આઉટર રિંગ રોડ સ્થિત સંપદા ફેસ્ટિવિટી હોલ, સુરત ખાતે યોજાશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોમાં ગીતા પ્રત્યે જાગૃતિ લાવવાનો, જીવનમાં તેના મહત્વને સમજાવવાનો અને ભગવાન શ્રી કૃષ્ણના વિચારો દ્વારા શ્રેષ્ઠ માર્ગદર્શન પ્રદાન કરવાનો છે, જેથી ગીતાસારથી આજના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય.

# સ્થાનિક ચૂંટણીમાં ક્ષત્રિય સમાજને પ્રતિનિધિત્વ આપવા ઉઠેલી માંગણી

## તમામ પક્ષો ક્ષત્રિય સમાજને પ્રતિનિધિત્વ આપે તેવી માંગ કરતા પ્રિન્સ મહિડા

સુરત, તા.૮

રાજસ્થાન ક્ષત્રિય રાજપુત સમાજ સુરત ઉપખંડ શાખા અમરોલીનો ૧૬ મોં સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ નાં અધ્યક્ષ રાજસ્થાન રાજપૂત સમાજ સુરત નાં શ્રી સુમેર સિંહજી શેખાવતજી,અમરોલી વિભાગ નાં અધ્યક્ષ મહેન્દ્રસિંહ રાઠોડ સહિત અનેક મહાનુભાવો ની આગેવાની માં તારીખ ૦૫.૦૪.૨૦૨૬ ને રવિવાર નાં રોજ શગુન ફાર્મ સ્વસ્તિક કોલોની ના રસ્તા પર અમરોલી ખાતે રાખવામાં આવ્યો હતો



કાર્યક્રમની શરૂઆતમાં પધારેલ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીયા બાદ સરસ્વતી વંદના, અતિથિઓનો સત્કાર, પ્રતિભાશ્રીઓનું સન્માન,વિચાર પ્રગટ,સાંસ્કૃતિક કાર્યક્રમ જેવાં અનેકવિધ કાર્યક્રમ યોજાવામાં આવ્યા હતાં.સમાજ નાં આગેવાનો દ્વારા સમાજ ની અંદર સંપ,સુહદભાવ,એકતા રાખવા થી સમાજ સંગઠિત થશે,સમાજની અંદર એકતા જળવાઈ રહે તેવી વાતો કરવામાં આવી હતી.હાલ નજીક નાં દિવસોમાં સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી યોજાવા જઈ રહી છે.ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તમામ પક્ષો દ્વારા ક્ષત્રિય સમાજને પ્રતિનિધિત્વ કરવા માટે એવી પ્રબળ માંગ સાથે રાજપૂત સમાજ નાં યુવા આગેવાન પ્રિન્સ મહિડા માંગ કરવામાં આવી હતી

# સ્ટેટ બારમાં વિજયી એડવોકેટ પ્રીતિબેન જોષીનું ભવ્ય સન્માન

## એનજીઓ દ્વારા કવિ કલાપી ગાર્ડનમાં યોજાયો કાર્યક્રમ

સુરત, તા.૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ઈલેકશન માં ભવ્ય જીત મેળવનાર સુરત શહેર તેમજ ઓલ ઈન્ડિયા માં પ્રશનિય કાયૅ કરીને નારી શક્તિ નો પરચો બતાવનાર એવા સુરત શહેર ના સૌના વ્હાલા એવા એડવોકેટ ની સાથે જનસેવા માં અગ્રણય ભુમિકા ભજવનાર સન્માનીય શ્રીમતી પ્રીતિબેન જોષી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત માં ભવ્ય જીત મેળવવા બદલ એન. જી. ઓ. મીનાક્ષીબેન બોડાવાલા ની ટીમ તેમજ મહિલા વકીલો ની સાથે સુરત ના અડાજણ વિસ્તારમાં આવેલ



કવિ કલાપી ગાડૅન માં ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. બહેન શ્રી પોતાની જાત મહેનત થી નિરંતર પરિશ્રમ તેમજ પ્રમાણિકતા થી. આગળ આવ્યા છે. નિસ્વાર્થ ભાવે સેવા ની સાથે અસીલો ને સારી સમજ આપતા. બન્ને પક્ષે કાઉન્સિલીગ કરાવી સમાધાન કરાવતા. શકય નહીં બને તો મહિલા સમાજ મા ઉંચુ શીર રાખીને જીવીશકે એવું જીવન નિર્વાહ માટે ભરણપોષણ અપાવવાનુ ઉમદા કાયૅ કરી રહ્યા છે. બહેનશ્રી ને જીતાડવા માટે મહિલા વકીલો તો ખરા સાથે વકીલભાઈઓ તેમજ એન. જી. ઓ. ટીમો વગર કહે સૌ પ્રચાર માં લાગી ગયા. એ બહેન શ્રી ની સેવાકીય પ્રવૃત્તિઓ ને આભારી છે.બહેન શ્રી જંગી બહુમતી થી જીત્યા. પ્રીતિબેન જોષી નું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. તેમજ ઈચ્છા વ્યકત કરી. સાથે બહેન તમારી અન્યાય ની સામે ની લડત ચાલુ રાખજો મીનાક્ષીબેન બોડાવાલા.




# ખડગે દ્વારા ગુજરાતની જનતાના અપમાન વિરોધમાં મૌન ધરણા

## સુરત મહાનગર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું

સુરત, તા.૮

કેરલમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને અશિક્ષિત અને મૂર્ખ કહી વિવાદિત નિવેદન આપવામાં આવ્યું હતું . તેમણે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના બહાને ગુજરાતીઓને અશિક્ષિત અને મૂર્ખ કહીને તેમનું અપમાન કર્યું હતું અને અને ગુજરાતીઓની લાગણીઓને ઠેસ પહોંચાડી હતી .

ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ , માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સન્માનીય શ્રી જગદીશ વિશ્વકર્માજી દ્વારા પણ આ નિવેદનને વખોડી કાઢવામાં આવ્યું છે. આ વિવાદિત નિવેદન વિરુદ્ધ આજે સાંજે સુરત શહેરના અડાજણ વિસ્તારમાં ગુજરાત ગેસ સર્કલ ખાતે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા મો પર કાળી પટ્ટી બાંધી "ગુજરાતની અસ્મિતા અમારું ગૌરવ છે—અને તેનું અપમાન કોઈ પણ કિંમતે સહન નહીં થાય!" તેવા બેનર સાથે મૌન ધરણા પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪ સુરત લોકસભાના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ , સુરત મહાનગર - ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી કરશનભાઈ ગોંડલીયા , શ્રી વિરલ ગિલિટવાલા, શ્રી દુર્ગા પ્રસાદ પાંડે, સુરત મહાનગરના પૂર્વ મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સુરત મહાનગર મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી જાગૃતિબેન દેસાઈ , સુરત મહાનગર યુવા મોરચા પ્રમુખ શ્રી બીપીન તળાવીયા, ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર પૂર્વ પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા,પૂર્વ મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ , શ્રી કાળુભાઈ ભીમનાથ સહિત ખૂબ મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# કાલે શ્રીલાલા બાપાની પૂણ્યતિથિની ઉજવણી

સુરત, તા.૮




સુરત લાલાબાપા યુવક મંડળ કતારગામ મોચી સમાજ આયોજિત સંત શિરોમણી ભક્તરાજ શ્રી લાલા બાપાની ૮૫ મી પુણ્યતિથિ મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે તારીખ ૯=૪=૨૦૬ ગુરુવાર આયોજન કરેલ કરવામાં આવ્યું છે સાંજે ૬:૩૦ કલાકે મહા આરતી સાંજે ૭-૧૦ સાત દસ મિનિટે મહાપ્રસાદ સ્થળ સવાણી ફાર્મ નાનીવેડ ડી માર્ટ ની સામે ડભોલી ખાતે કાર્યક્રમ યોજવામાં આવશે.

# પશ્ચિમ રેલ્વે દ્વારા છ જોડી ખાસ ટ્રેનોના દોડને લંબાવી

## જુદી-જુદી ખાસ ટ્રેનની વિગતો વેબ સાઈટ પર પણ ઉપલબ્ધ

સુરત, તા.૮

મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા અને વધારાના મુસાફરોના ધસારાને સમાવવાના ઉદ્દેશ્ય સાથે, પશ્ચિમ રેલ્વેએ વિવિધ સ્થળો વચ્ચે કાર્યરત ૬ જોડી ખાસ ટ્રેનોના દોડને લંબાવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર ૧. ટ્રેન નં. ૦૯૧૮૯ મુંબઈ સેન્ટ્રલ-કટિહાર સાપ્તાહિક વિશેષ ૧૬ મે થી ૨૫ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૯૦ કટિહાર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ૧૯ મે થી ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૨. ટ્રેન નં. ૦૯૧૮૩ મુંબઈ સેન્ટ્રલ-બનારસ સાપ્તાહિક વિશેષ ૨૦ મે થી ૨૯ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૮૪ બનારસ-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ૨૨ મે થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી

અનુસંધાન પાના ૭ પર

# રેલ્વેમાં વગર ટીકીટે મુસાફરી અંગે એક કરોડથી વધુનો દંડ

## પશ્ચિમ રેલ્વેના ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી

સુરત, તા.૮



પશ્ચિમ રેલ્વેએ મુસાફરોમાં શિસ્તને મજબૂત બનાવવાની સાથે સાથે આવકને શ્રેષ્ઠ બનાવીને સતત એક માપદંડ સ્થાપિત કર્યો છે; અનિયમિતતાઓને કાબુમાં લેવામાં તેના કર્મચારીઓ દ્વારા ભજવવામાં આવતી મુખ્ય ભૂમિકા પશ્ચિમ રેલ્વેની કાર્યકારી કાર્યક્ષમતા અને સેવા શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી અનુસાર, તમામ છ વિભાગો - મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને રતલામ - તેમજ મુખ્યાલયની ફ્લાઈંગ સ્ક્વોડ - માં ટિકિટ ચેકિંગ સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી છે, જે રેલ્વે બોર્ડ દ્વારા નિર્ધારિત લક્ષ્યોને વટાવી ગઈ છે. ચર્ચગેટ સ્થિત ફ્લાઈંગ સ્ક્વોડના બે ટિકિટ ચેકિંગ કર્મચારીઓ - શ્રી આશુતોષ કુમાર સિંહ અને શ્રી લક્ષ્મણ કુમાર - એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અસાધારણ કામગીરી દર્શાવી છે. ડેપ્યુટી ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર (DCTI) શ્રી આશુતોષ કુમાર સિંહે ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરીના આશરે ૧૦,૦૦૦ કેસ શોધી કાઢ્યા - જેમાં બુક ન કરાયેલા સામાનનો પણ સમાવેશ થાય છે - અને ૧.૧૭ કરોડનો દંડ વસૂલ્યો. તેમણે દરરોજ સરેરાશ ૪૦,૦૦૦ એકત્રિત કર્યા, જેમાંથી દરરોજ સરેરાશ ૩૪ કેસ શોધી કાઢ્યા.

તેવી જ રીતે, ડેપ્યુટી ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર (DCTI) શ્રી લક્ષ્મણ કુમારે ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરીના આશરે ૧૨,૮૦૦ કેસ શોધી કાઢ્યા - જેમાં બુક ન કરાયેલા સામાનનો પણ સમાવેશ થાય છે - અને કુલ ૧.૦૮ કરોડનો દંડ વસૂલ્યો. તેમણે દરરોજ સરેરાશ ૩૭,૫૦૦ એકત્રિત કર્યા, જેમાંથી દરરોજ ૪૦ થી વધુ કેસ શોધી કાઢ્યા. બંને ટિકિટ ચેકિંગ કર્મચારીઓ દ્વારા આ ઉત્કૃષ્ટ કામગીરી તેમના સમર્પણ, નિયમો અને નિયમોના તેમના ગહન જ્ઞાન અને અનિયમિત મુસાફરોના અસરકારક સંચાલનને પ્રતિબિંબિત કરે છે. તેમના સતત પ્રયાસોએ આવકના લિકેજને રોકવામાં અને વાસ્તવિક મુસાફરો માટે શિસ્તબદ્ધ અને ન્યાયી મુસાફરી વાતાવરણ સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પશ્ચિમ રેલ્વે તેના ટિકિટ-ચેકિંગ કર્મચારીઓના પ્રામાણિક પ્રયાસો અને સમર્પણની પ્રશંસા કરે છે અને મુસાફરોના અનુભવને વધુ વધારવા અને રેલ્વે આવકનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે ટિકિટ-ચેકિંગ પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# ઉધના યાર્ડના વિવિધ પ્રશ્નોની રઈશ શેખ દ્વારા કમિશનર સામે રજૂઆત

સુરત, તા.૮



ગતરોજ રઈસ શેખ(પૂર્વ સભ્ય શિક્ષણ સમિતિ સુરત અને કોંગ્રેસ નેતા) દ્વારા સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.નાગરાજન (I.A.S) સાથે રૂબરૂ મુલાકાત કરી શુભેરછા પાઠવી અને ઉધનયાર્ડ લિંબાયત વિસ્તારના પ્રશ્નો અને સમસ્યા જેવા કે ખાડી ડાયવર્સન ની સમસ્યા ક્વિક રિસ્પોન્સ સેલ દ્વારા તાત્કાલિક કરાવવા, કોમ્યુનિટી હોલ, ગુજરાતી અને ઉર્દૂ માધ્યમ સુમન સ્કૂલ, ગોવિંદ નગર ઉધનાયાર્ડ માં અંડરપાસ ની માંગણી, લિંબાયતમાં ગાર્ડનની માંગણી અને તમામ રસ્તાઓ બનાવવાની માંગણી વિગેરે પ્રશ્નોની રજૂઆત આવેદન પત્ર આપીને કરી. જેમાં કમિશનરશ્રીએ હકારાત્મક પ્રતિસાદ આપ્યું હતું.આ મુલાકાતમાં વિસ્તારના આગેવાનો અસલમ શેખ, ઈમ્તિયાઝ મલેક, જુનેદ શેખ વિગેરે હાજર રહ્યાં હતા.



# મહારાણા પ્રતાપ અને ઈશ્વર પેટલીકર પ્રા.શાળામાં પ્રવેશ માટે ભારે ધસારો

## ખાનગી શાળાઓને ટક્કર આપતી સુરત મહાનગરપાલિકાની સરકારી શાળા: પ્રવેશ માટે સવારે ૩ વાગ્યાથી કતારો લાગી

સુરત, તા.૮

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક—૨૭૨ અને ઈશ્વર પેટલીકર શાળા ક્રમાંક-૧૬માં આગામી શૈક્ષણિક સત્રના પ્રવેશ માટે નામાંકન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ શાળાઓની ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તાથી પરિચિત વાલીઓ પ્રવેશ માટે એટલા આતુર છે કે વહેલી સવારે ૩ વાગ્યાથી જ શાળાના દ્વારે લાંબી લાંબી કતારો લગાવીને ઊભા રહી ગયા હતા, યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શાળાના પ્રાર્થનાખંડમાં બેસાડવામાં આવ્યા તો છતાં પણ રોડ સુધી લાંબી કતાર હતી.

ધોરણ ૨ થી ૮માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વાલીઓએ જણાવ્યું હતું કે, "આ શાળામાં શિસ્ત અને સંસ્કાર સાથે ઉત્તમ શિક્ષણ આપવામાં આવે છે, તેથી તે અમારી પ્રથમ પસંદગી છે." એક વાલીએ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩માં તેઓ પોતે આ શાળાના વિદ્યાર્થી રહી ચૂક્યા છે અને હવે તેઓ પોતાની દીકરીને પણ આ જ શ્રેષ્ઠ શાળામાં ભણાવવા ઈચ્છે છે.

શાળાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિ અને આચાર્યા શ્રીમતી વૈશાલીબહેન સુતરિયાએ વિગતો આપતા જણાવ્યું કે, શિક્ષકોની મહેનત, વાલીઓનો સહકાર અને વિદ્યાર્થીઓના પુરુષાર્થના ત્રિવેણી સંગમને કારણે આ શાળા આજે સમગ્ર ગુજરાતમાં ગૌરવવંતું સ્થાન ધરાવે છે. NMMS, CET, PSE અને જ્ઞાનસાધના જેવી રાજ્ય કક્ષાની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ જ્વલંત સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત, રમતોત્સવમાં પણ બંને શાળાઓ કુમાર અને કન્યા વિભાગમાં ચેમ્પિયન રહી છે.

નોંધનીય છે કે, સુરત મહાનગરપાલિકાની ગુજરાતી માધ્યમની શાળાઓમાં મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા સૌથી વધુ સંખ્યા ધરાવતી શાળા છે. હાલમાં બંને શાળામાં કુલ ૩૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં ૪૨ ઓરડા હોવા છતાં સંખ્યાના ભારણને કારણે તે ઓછા પડે છે, જેના લીધે દર વર્ષે પ્રવેશ માટે ડ્રો પદ્ધતિ અપનાવવી પડે છે. ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળામાં પ્રવેશ લેવાનો પ્રવાહ વર્ષ ૨૦૦૮માં આ શાળાથી જ શરૂ થયો હતો, જ્યારે એકસાથે ૪૯૨ વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી અહીં પ્રવેશ મેળવ્યો હતો. આજે બે હજાર જેટલા વાલીઓએ નામાંકન કરાવ્યું છે, આગામી ત્રણ દિવસ સુધી નામાંકન પ્રક્રિયા શરૂ રહેશે.

# બળાત્કારના ગુનામાં ચાર વર્ષથી ફરાર આરોપી આખરે ઝડપાયો

## સુરત જિલ્લા એલ.સી.બી.પોલીસે આરોપી રતિલાલ ઉર્ફે રાજુ નોંઘણવદરાને ઉમરા ગામે તેના ઘરમાંથી દબોચી લીધો

સુરત, તા.૮

સુરત જિલ્લા એલ.સી.બી. પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન ઓલપાડ પોલીસ મથકમાં નોંધાયેલ બળાત્કાર ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો-ફરતો વોન્ટેડ આરોપી રતિલાલ ઉર્ફે રાજુ નોંઘણવદરાને તેના ઉમરા ગામનાં રહેઠાણનાં ઘરેથી દબોચી લીધો છે. વિગત મુજબ મંગળવાર,તા.૦૭ નાં રોજ સુરત જિલ્લા એલ.સી. બી.શાખાના એ.એસ.આઇ. જગદીશ કામરાજ,અ.હે.કો વિક્રમ સગરામ તથા અ.હે.કો.મહેશ ચંદુભાઈની ટીમ વિવિધ ગુનાઓમાં નાસતા-ફરતા ભાગેડુ આરોપીઓ ને શોધવા પેટ્રોલિંગ કરી રહ્યા હતાં.તે દરમ્યાન બાતમી મળી હતી કે, ઓલપાડ પોલીસ સ્ટેશનમાં સને- ૨૦૨૨ માં ઓલપાડ પોલીસ મથકમાં ઇ.પી.કો.કલમ-૩૭૬(૨), ૫૦૬(૨)મુજબ નોંધાયેલ ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ભાગતો-ફરતો વોન્ટેડ આરોપી રતિલાલ ઉર્ફે રાજુ નાનુભાઇ નોંઘણવદરા (રહે.બી-૩,૧૦૪,શિવ રેસીડેન્સી, ઉમરા ગામ,અબ્રામા,સુરત શહેર)હાલમાં પોતાના ઘરે હાજર છે.જે બાતમીનાં આધારે પોલીસે આરોપીના ઘરે છાપો મારી આરોપીને દબોચી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કર્યો હતો.

# આર. એન. જી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા ભરતી મેળો યોજાયો

## બારડોલી ખાતે રિલાયન્સ સોલર, જામનગર દ્વારા ત્રિ-દિવસીય મેગા રિક્રુટમેન્ટ ડ્રાઈવ

બારડોલી, તા.૮



બારડોલી સ્થિત દક્ષિણ ગુજરાતની અગ્રણી અને પ્રથમ ઓટોનોમસ સંસ્થા આર. એન. જી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (RNGPIT) ખાતે તા. ૨, ૩ અને ૪ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન રિલાયન્સ સોલર, જામનગર દ્વારા આયોજિત ત્રિ-દિવસીય મેગા રિક્રુટમેન્ટ ડ્રાઈવ ને ગુજરાતભરના ડિપ્લોમા, ડિગ્રી તથા બી.વોક કોર્સના વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો હતો.

રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે, ખાસ કરીને સોલર એનર્જીમાં ઝડપથી વધી રહેલા વિકાસને ધ્યાનમાં રાખીને રિલાયન્સ દ્વારા જામનગર ખાતે ૧૦ GW ક્ષમતા ધરાવતા અદ્યતન ટેક્નોલોજી આધારિત પ્રોજેક્ટ નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે મોટા પાયે કુશળ માનવબળની જરૂરિયાતને પહોંચી વળવા કંપનીએ દક્ષિણ ગુજરાતની વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત સંસ્થા આર. એન. જી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, બારડોલી ખાતે આ વિશાળ ભરતી પ્રક્રિયાનું આયોજન કર્યું હતું. આ રિક્રુટમેન્ટ ડ્રાઈવમાં આશરે ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી લગભગ રિલાયન્સ કંપની દ્વારા ૨૦૦ વિદ્યાર્થીઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી , જે સંસ્થાની

અનુસંધાન પાના ૭ પર

# કીમ- સાયણ રોડ ક્રોસ કરતા બિહારી શ્રમિકનું અકસ્માતમાં મોત

સુરત, તા.૮

કીમ-સાયણ રોડ ઉપર કારેલી ગામની સીમમાં રોડ ક્રોસ કરતા એક બિહારી શ્રમિકને અજાણ્યા મો.સા.ચાલકે અડફતે લેતા નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ઈજાગ્રસ્ત શ્રમિકનું ચાલુ સારવાર દરમ્યાન આઠ દિવસ પછી કરૂણ મોત થયું છે. મુળ બિહાર રાજ્યના મહારાજગંજ જિલ્લાનો શ્રમિક રાજનકુમાર છિબન સયાની(ઉ.વ.૩૦)હાલમાં સાયણ સુગર ઉપર આવેલ સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝ ગેટ પાસે આવેલ નંદની રેસીડેન્સીની રૂમમાં રહી મજુરી કામ કરતો હતો.ગત તા.૨૯ મી માર્ચના રોજ સવારે-૮:૩૦ કલાકના સુમારે રાજનકુમાર કારેલી ગામની સીમમાં લક્ષ્મીનગર સોસાયટીની સામેથી રોડ ક્રોસ કરી રહ્યો હતો,તે સમયે રોડ ઉપર પુરઝડપે દોડતી મો.સા.નં:યુપી-૪૪,બી.જે-૧૩૭૦ ના અજાણ્યા ચાલકે તેને અડફતે લીધો હતો.જેથી સર્જાયેલા અકસ્માતમાં રાજનકુમારને માથાના ભાગે ગંભીર ઈજા થઈ

અનુસંધાન પાના ૭ પર



# શું તમારી સાથે પણ એવું થાય છે કે ઉનાળામાં દૂધ બગડી જાય છે? આ ટિપ્સ ફોલો કરશો તો દૂધ ક્યારેય નહીં બગડે...

શું તમારી સાથે પણ એવું થાય છે કે ઉનાળાની ઋતુમાં ગમે એટલી સાવધાની કે તકેદારી રાખ્યા બાદ પણ બજારમાં લાવેલું દૂધ બગડી જાય છે? આ પરિસ્થિતિમાં ઉનાળાની ઋતુમાં ગૃહિણીઓ માટે રસોડામાં દૂધને સાચવવું એક મોટો પડકાર બની જાય છે. વધતા તાપમાનને કારણે બેક્ટેરિયા ઝડપથી વધે છે, જેના લીધે સવારે લાવેલું તાજું દૂધ બપોર સુધીમાં જ ફાટી જતું હોય છે. જો તમને પણ આ સમસ્યા સતાવતી હોય તો આ સ્ટોરી તમારે ચોક્કસ સુધી વાંચી જવી પડશે કારણ કે અહીં દૂધને કઈ રીતે બગડતું અટકાવી શકાય છે એની ટિપ્સ આપવામાં આવી છે.

### યોગ્ય રીતે ઉકાળવું:

ઉનાળામાં ઘણી વખત એવું થાય છે કે દૂધ બગડી જાય છે. આવી સ્થિતિમાં દૂધને બજારમાંથી લાવ્યા બાદ તરત જ સારી રીતે ઉકાળવું જોઈએ. કાચું દૂધ ગરમીમાં ખૂબ જ ઝડપથી બગડી જાય છે.

### ઝડપથી ઠંડું કરવું:

ઉનાળામાં વાતાવરણ ખૂબ જ ગરમ હોય છે. આવી સ્થિતિમાં દૂધને બરાબર ગરમ કર્યા બાદ તેને લાંબો સમય સુધી બહાર રાખવાને બદલે તરત જ ઠંડું પડે એટલે ફ્રિજમાં મૂકી દેવું જોઈએ, જેથી તે ખરાબ ન થઈ જાય.

### સ્વચ્છતાનું ધ્યાન:

દૂધને બગડતું બચાવવું હોય તો જ્યારે પણ દૂધને કોઈ પણ વાસણમાં કાઢો ત્યારે એક વાતની ચોકસાઈ રાખો કે વાસણ એકદમ સાફ સૂથરું હોય. આ સિવાય દૂધ કે મલાઈ કાઢવા માટે વપરાતી ચમચી કે અન્ય વાસણ પણ એકદમ સ્વચ્છ હોવા જરૂરી છે, કારણ કે થોડી પણ ગંદકી દૂધને બગાડી શકે છે.

હંમેશા ઢાંકીને રાખવું:

ઉનાળામાં જ નહીં પણ દૂધને તો આમ પણ ઢાંકીને જ રાખવું જોઈએ, જેથી તેમાં કચરો કે કોઈ બીજી વસ્તુ ના પડે. પરંતુ ઉનાળામાં તો દૂધને ગરમ કર્યા બાદ હંમેશા વ્યવસ્થિત રીતે ઢાંકીને રાખવું જેથી તેમાં ધૂળ કે અન્ય ગંદકી ન જાય.

સાકર પણ કરશે તમારી મદદ

જી હા, સાંભળવામાં થોડું વિચિત્ર લાગશે, પણ આ હકીકત છે. એક સિમ્પલ હોમ રેમેડિઝ અનુસાર દૂધ ઉકાળતી વખતે તેમાં એક નાની ચમચી સાકર ઉમેરવાથી દૂધ લાંબા સમય સુધી તાજું રહે છે અને બગડતું નથી. આ ઉપરાંત સાકર નાખવા છતાં પણ તેના સ્વાદમાં પણ ફેરફાર થતો નથી.

છે ને એકદમ કામની માહિતી? આ માહિતી તમારી બહેનપણીઓ અને અન્ય મહિલા મંડળ સાથે ચોક્કસ જ શેર કરો, જેથી તેઓ પણ આ સમસ્યામાંથી મુક્તિ મેળવી શકે. આવી જ બીજી કામની માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો...

# જામનગરનો ભૂજિયો કોઠો નવા રંગ રૂપ સાથે તૈયાર..

જામનગર (નવાનગર)માં આમ તો અસંખ્ય પ્રાચીન સ્થળો આવેલા છે. એટલે જ જામનગર છોટા કાશી તરીકે ઓળખાય છે. જામનગરમાં આમ તો અનેક જોવાલાયક સ્થળો આવેલાં છે. અહીં રાજાશાહી વખતની અનેક ઈમારતો અને મહેલો આજે પણ અડીખમ ઊભી છે. આ ઐતિહાસિક સ્મારકને કારણે જામનગરની સુંદરતમાં ચાર ચાંદ લાગી રહ્યાં છે. જો કે આ બધા સ્મારકમાં સૌથી ખાસ છે ભૂજિયો કોઠો.

(Bhujiyo Kotho) અંદાજે ૧૭૪ વર્ષ પહેલા બનેલા આ ઐતિહાસિક સ્થળનું કામ પૂર્ણ થઈને ૧૯ મી માર્ચ ૨૦૨૬ નાં પબ્લિક માટે ખુલ્લો મુકાયેલ છે, પરંતુ ભૂજિયો કોઠોની ઈમારત પોતાના ઘેરાવ અને ઊંચાઈને કારણે ખૂબ જ લોકપ્રિય છે. ભૂજિયો કોઠા રાજ્યનું સૌથી ઊંચું રક્ષિત સ્મારક છે જેની ઉંચાઈ ૨૦૦ ફૂટ છે.

વર્ષ ૨૦૦૧માં ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભયાનક ભૂકંપના આંચકાને કારણે ભૂજિયો કોઠાની ઈમારતને ઘણું નુકસાન પહોંચ્યું હતું. ત્યારબાદ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી યોજના અંતર્ગત આ ઈમારતનું રેસ્ટોરેશન, રિહેબિલિટેશનનું કામ પૂર્ણ થતા. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે ૨૩.૭૫ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ મનાય છે. જામનગરના હેરિટેજ વારસાને સંરક્ષિત કરવા માટે આ કામગીરીના ફેઝ-૨માં ખંભાળીયા ગેટ, ભૂજિયો કોઠો અને રણમલ



તળાવ વચ્ચેના લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઇન દ્વારા જોડવામાં આવી રહ્યા છે.

વાત કરવામાં આવે ભૂજિયો કોઠાની તો અહીં પાંચ માળનું બાંધકામ છે અને છઠ્ઠો માળ વોચ ટાવર છે. જયાંથી ચારેય બાજુ વોચ રાખવામાં આવતી હતી. વર્ષો પહેલા અહીં રાજાઓ દ્વારા શસ્ત્રો રાખવામાં આવતા હતા. વર્ષ ૧૮૯૦, ૧૮૯૫ અને ૧૯૦૨માં જામનગરમાં કાળમુખા દુષ્કાળ પડ્યા હતા. એ વખતના રાજાઓ દ્વારા દુષ્કાળમાં પ્રજાને રોજીરોટી મળી રહે તે હેતુથી શહેરમાં અનેક બાંધકામ કરાવવામાં આવ્યા હતા. જેમાં ભૂજિયો કોઠોનો પણ સમાવેશ થાય છે. ભૂજિયો કોઠોના બાંધકામમાં અંદાજે ૧૩ વર્ષ લાગી ગયા હતા. જામનગરની ઐતિહાસિક ઈમારત પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકાતા પ્રવાસીઓમાં ખુશીનો માહોલ છે.

કહેવાય છે કે આ સ્મારકની ટોચ પર ઊભા રહીને જોતા કચ્છનું ભુજ શહેર દેખાતું હતું. આથી જ આ ઈમારતનું નામ ભૂજિયો કોઠો રાખવામાં આવ્યું છે. જામનગરનો ૧૭૪ વર્ષ જૂનો ઐતિહાસિક ભૂજિયો કોઠો હવે તેની ભવ્યતા સાથે નવા રંગરૂપમાં તૈયાર થઈ ગયો છે, અને તા.૧૯મી માર્ચ ૨૦૨૬નાં પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. લાંબા સમયથી ચાલતી રિસ્ટોરેશન કામગીરી પૂર્ણ થતાં શહેરને એક મહત્ત્વપૂર્ણ હેરિટેજ ભેટ મળી છે. તસવીરમાં ધરતીકંપ પહેલા, ધરતીકંપ પછી અને અત્યારે બનેલ ભજિયો કોઠો જુઓ.

# શું તમે પણ ફ્રીજનું ઠંડું પાણી પીવો છો? સાવધાન, હૃદય અને પાચન પર પડી શકે છે ભારે!



ઉનાળાના આકરા તાપમાં ફ્રીજનું ઠંડુ પાણી પીવાથી તરસ તો છીપાય છે, પરંતુ શું તે તમારા શરીર માટે સુરક્ષિત છે? સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે, પાણીનું તાપમાન આપણા શરીરની આંતરિક પ્રણાલી પર સીધી અસર કરે છે. તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે અતિશય ઠંડુ પાણી પીવાથી પાચન તંત્ર અને હૃદયના ધબકારા પર નકારાત્મક અસર પડી શકે છે. ખાસ કરીને જેમને અન્ન નળીને લગતી સમસ્યાઓ હોય, તેમણે ઠંડા પાણીના સેવનથી દૂર રહેવું જોઈએ.

ઠંડુ પાણી હંમેશા નુકસાનકારક નથી હોતું. વર્ષ ૨૦૧૨ માં થયેલા એક સંશોધન મુજબ, ભારે કસરત કે વર્કઆઉટ દરમિયાન ઠંડુ પાણી પીવાથી શરીરના વધતા તાપમાનને નિયંત્રિત કરવામાં મદદ મળે છે. એથ્લેટ્સના સારી રીતે કામ કરવા માટે ઠંડુ પાણી ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, કેટલાક લોકો એવો પણ દાવો કરે છે કે ઠંડુ પાણી પીવાથી કેલરી બર્ન કરવામાં અને વજન ઘટાડવામાં અમુક અંશે મદદ મળી શકે છે.

આયુર્વેદિક સિદ્ધાંતો અનુસાર, પાચનની પ્રક્રિયા માટે શરીરમાં કુદરતી ગરમીની જરૂર હોય છે. ઠંડુ પાણી પીવાથી 'પાચન અગ્નિ' નબળી પડે છે, જેના કારણે ખોરાક પચવામાં અવરોધ ઉભો થાય છે. વિજ્ઞાન પણ કહે છે કે ઠંડુ પાણી રક્તવાહિનીઓને સંકોચી દે છે, જે પાચન સંબંધી ગંભીર સમસ્યાઓ અને કબજિયાત જેવી તકલીફો નોતરી શકે છે. જો તમે વારંવાર પેટની સમસ્યાઓથી પરેશાન રહો છો, તો ફ્રીજનું પાણી ટાળવું જોઈએ.

બહુ ઓછા લોકો જાણે છે કે અતિશય ઠંડુ પાણી તમારા હૃદયના ધબકારા ઘટાડી શકે છે. ફ્રીજનું ઠંડુ પાણી પીવાથી શરીરમાં રહેલી 'વેગસ નર્વ' (ફ્ક્ફ્ફ્ેજ ઢ્ીદ્દિ) ઉત્તેજિત થાય છે. આ ચેતા સીધી રીતે હૃદય ગતિને નિયંત્રિત કરે છે, અને ઠંડા પાણીના સંપર્કમાં આવતા તે ધબકારા ધીમા પાડી શકે છે. લાંબા ગાળે આ સ્થિતિ હૃદય રોગના જોખમને વધારી શકે છે. નિષ્ણાતોના મતે, સામાન્ય તાપમાનનું પાણી પીવું એ સ્વાસ્થ્ય માટે સૌથી ઉત્તમ છે.ડિસ્ક્લેમરઃ આ સમાચાર માત્ર સામાન્ય જાણકારી માટે છે. કોઈપણ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યામાં નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવી અનિવાર્ય છે.

## શું તમે પણ દિવસભર થાક અનુભવો છો?

# મોબાઈલની આ એક આદત હોઈ શકે છે જવાબદાર

આજના દોડભાગથી ભરેલા જીવનમાં અકારણ થાક અને આળસ અનુભવવી એ એક સામાન્ય બાબત બની ગઈ છે. મોટાભાગના લોકો તેને કામનું ભારણ અથવા વધતી ઉંમરની અસર માનીને અવગણતા હોય છે. પરંતુ તાજેતરના રિપોર્ટમાં આ મામલે ચોંકાવનારા ખુલાસા થયા છે. જેને જોઈને ખ્યાલ આવે છે કે, આ સુસ્તી પાછળ કોઈ ગંભીર બીમારી નહીં પરંતુ આપણી રોજિંદી કેટલીક નાની ભૂલો જવાબદાર હોઈ શકે છે. સવારે ઉઠતાની સાથે જ સ્ફૂર્તિના બદલે ભારેપણું અનુભવવું એ સંકેત છે કે તમારી જીવનશૈલીમાં ક્યાંક મોટું ગાબડું છે.



મોબાઈલ સ્ક્રોલિંગઃ સ્ફૂરતી ઘટાડવાનું મુખ્ય કારણ

થાકનું સૌથી મોટું અને ગુપ્ત કારણ રાત્રે સૂતા પહેલા કલાકો સુધી મોબાઈલનો ઉપયોગ કરવાની આદત છે. ઘણા લોકો રિલેક્સ થવા માટે સોશિયલ મીડિયા ફેંદતા હોય છે, પરંતુ મોબાઈલની સ્ક્રીનમાંથી નીકળતી 'બ્લુ લાઈટ' મગજને સતત સક્રિય રાખે છે. આનાથી કુદરતી ઊંઘની પ્રક્રિયામાં ખલેલ પહોંચે છે, જેને કારણે રાત્રે ઊંઘ મોડી આવે છે અને સવારે ઉઠવું અત્યંત મુશ્કેલ બની જાય છે. સતત સ્ક્રીન સામે જોવાથી માનસિક થાક વધે છે, જેની સીધી અસર બીજા દિવસે વ્યક્તિના કાર્ય પરફોર્મન્સ અને એકાગ્રતા પર પડે છે.

આ સમસ્યામાંથી બહાર આવવા માટે કોઈ દવાની નહીં પણ શિસ્તની જરૂર છે. નિષ્ણાતો સૂચવે છે કે સૂવાના ૩૦-૪૦ મિનિટ પહેલા મોબાઈલ ફોનને સંપૂર્ણપણે બંધ કરી દેવો જોઈએ. મોબાઈલના બદલે પુસ્તક વાંચન, હળવું સંગીત સાંભળવું અથવા આગામી દિવસનું આયોજન કરવા જેવી આદતો અપનાવવાથી મન શાંત થાય છે. આ નાના ફેરફારથી ઊંઘની ગુણવત્તા સુધરે છે અને વ્યક્તિ સવારે વધુ તાજગી અનુભવે છે. ઊંડી ઊંઘને કારણે દિવસભર શરીરમાં એનર્જી જળવાઈ રહે છે અને મગજ પણ હળવું લાગે છે.

આપણે વારંવાર સમસ્યાઓના ઉકેલ બહાર શોધતા હોઈએ છીએ, પરંતુ વાસ્તવિકતા આપણી આદતોમાં છુપાયેલી હોય છે. જો તમે પણ કોઈ ખાસ કારણ વગર સતત સુસ્તી અને થાક અનુભવતા હોવ, તો તમારી ડેઈલી રૂટિન ખાસ કરીને 'સ્લીપિંગ હેબિટ્સ' પર ધ્યાન આપવું જરૂરી છે. મોબાઈલનો મર્યાદિત ઉપયોગ અને પૂરતી ઊંઘ એ માત્ર આરામ માટે જ નહીં, પણ લાંબા ગાળે માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પણ અનિવાર્ય છે. યાદ રાખો, તમારી રાતની આદતો જ તમારા આખા દિવસની સફળતા નક્કી કરે છે.

# શું રોબો માણસ જેવા ભાવુક થઇ શકે?

રોબો ફેશિયલ રિકગ્નીશન, સેન્સર્સ તેમ જ આર્ટિફિશિયલ ઈમોશન, ઈન્ટેલિજન્સ વગેરેના સહયોગથી માનવીય ભાવનાઓને પીછાણી રહ્યા છે અને તેના પર પ્રતિક્રિયા પણ આપી રહ્યા છે પરંતુ શું આ યંત્રમાનવો માનવીય ભાવનાઓની વાસ્તવમાં અનુભૂતિ કરી શકશે અને તે અનુસાર પ્રતિભાવ આપી શકશે? જો આવું થાય તો શું થશે? આવા અનેક પ્રશ્નો રોબોની આત્મહત્યાથી ઊભર્યા છે. સંતોષજનક જવાબ ભલે ન મળે, પરંતુ પ્રશ્નોનો મારો વધતો જાય છે. ગયા મહિને દક્ષિણ કોરિયાની ગુમી સિટી કાઉન્સિલમાં કાર્યરત ત્યાંના વરિષ્ઠ પ્રશાસનિક અધિકારીએ વધુ પડતા કામકાજના બોજાને લીધે ટેન્શનમાં આત્મહત્યા કરી લીધી. ઑગસ્ટ ૨૦૨૩માં સેવા શરૂ કરનાર આ અધિકારી વાસ્તવમાં તો એક રોબો અર્થાત્ યંત્રમાનવ હતો. કામના વધુ પડતા બોજને કારણે ઊપજેલા દબાણ, તણાવ અને નિરાશાને કારણે લાખો લોકો આત્મહત્યા કરી રહ્યા છે. એવું મનાતું હતું કે મશીનો આવ્યા બાદ માણસો પરથી કામનો બોજો ઓછો થશે. રૂટિન કાર્યોથી છુટકારો મળશે, પણ ખુદ યંત્ર જ ભાર હેઠળ દબાઈને આપઘાત કરવા મજબૂર થઈ ગયું. એ પણ વર્ષનો ઓછો કાર્યકાળ અને માત્ર ૯ થી ૬ની બાંધેલી ડ્યૂટી છતાંય. હાલમાં તો રોબોની આત્મહત્યાનો આ પહેલો જ મામલો બહાર આવ્યો છે. પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત દુનિયાભરના વૈજ્ઞાનિકો માટે આ ઘટના એક પડકાર બની ગઈ છે. આ ક્ષેત્રે તો અનેક પ્રશ્નો ઉઠ્યા છે સાથે સાથે સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે પણ સવાલો ઉત્પન્ન થઇ રહ્યા છે. આજે પણ નિષ્ણાતોને આ મામલે કોઇ સંતોષકારક જવાબ નથી મળી રહ્યો.

આ આત્મઘાતી રોબોના નિર્માતા કેલિફોર્નિયા સ્થિત બેયર રોબોટિક્સના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે કમાન્ડ દેવામાં ઘણી ભૂલો કરી હતી તેના પરિણામે આ આપઘાત થયો. આ કારણે જ તે માનસિકરૂપે ત્રસ્ત થયો અને આખરે છ ફૂચ ઊંચી સીડીથી પોતાની જાતને ધકેલી કામ તમામ કરી લીધુ. હવે સવાલ એ ઊભો થાય છે કે શું રોબો આવી માનવીય પ્રવૃત્તિઓ વિકસાવી શકે? પોતાના જીવનને લગતા સ્વતંત્ર નિર્ણય લેવાને લાયક બની શકે. પોતાનો નિર્ણય લઇ શકે તો શું બીજા લોકો વિશે આવું ન કરી શકે? શું આ યંત્રમાનવોમાં પણ મનુષ્યોની જેમ પ્રેમ, ઘૃણા કે ધૂર્તતા જેવી ભાવનાઓ અને ગુણ-અવગુણ વિકસિત થઇ શકે છે? શું તેમનામાં માનવીય ચેતનાનો સંચાર સંભવ છે? શું તેઓ તર્કશક્તિ વિકસાવી પોતાના જ નિર્માતા માલિકને હણશે કે પછી સ્વામીભક્ત સહાયક બની રહેશે? કારોબારીઓને શંકા એ છે કે જો આપણે કાર્યક્ષેત્રના દરેક સ્તર પર ખુદ નિર્ણય લઇ શકે એવા રોબો નિયુક્ત કરીએ તો એ બીજા રોબોકર્મીઓને પણ ભડકાવી શકે છે.

તંત્રી લેખ... -

બુધવાર, તા. ૦૮ એપ્રિલ ૨૦૨૬

# ખડગેનું ગુજરાત વિરોધી બયાન અસ્વીકાર્ય

ગુજરાતમાં ગઈ વિધાનસભા ચૂંટણી દરમ્યાન અમદાવાદના બહેરામપુરા ખાતેની એક જાહેરસભામાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ દરેક ચૂંટણી માટે મોદી ઉપર જ વધુ પડતો ભરોસો રાખવા બદલ ભાજપ પર પ્રહાર કરતાં નરેન્દ્રભાઈને પૂછ્યું કે, તમારી પાસે રાવણ જેટલાં ૧૦ માથાં છે ? વડાપ્રધાનની તુલના રાવણ સાથે થતાં જ ભાજપનો પારો ચડી ગયો હતો... ગુજરાતીઓનું અપમાન લેખાવીને ભાજપે ખૂબ નકારાત્મક પ્રચાર કર્યો હતો. ચાર વર્ષે ફરી ખડગેએ ગુજરાતને નિશાન બનાવ્યું છે. કેરળની જાહેર રેલીમાં કહ્યું કે, મોદીજી ગુજરાત કે અન્ય સ્થળે અભણ લોકોને મૂર્ખ બનાવી શકે, પરંતુ કેરળના લોકો મૂર્ખ બને એમ નથી. કેમ કે, અહીંની જનતા શિક્ષિત અને હોશિયાર છે. આ બયાને ઘમસાણ મચાવ્યું છે. કેન્દ્રીય નેતાઓએ તો તેનો જવાબ આપ્યો જ છે. સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેને રાજ્યની સાડા છ કરોડ જનતાનું અપમાન લેખાવીને કોંગ્રેસ પ્રમુખની માફીની માગણી કરી છે. મલ્લિકાર્જુન ખડગે ભૂલી જાય છે કે, ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે. આ ધરતીએ વિક્રમ સારાભાઈ જેવા મહાન વિજ્ઞાની અને પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા જેવા ક્રાંતિકારી દેશને આપ્યા છે. પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન મોરારજી દેસાઈ અને અત્યારે દુનિયા આખીને કુશળ નેતૃત્વશક્તિથી જેમણે પ્રભાવિત કરી છે એવા નરેન્દ્ર મોદી પણ ગુર્જર ધરાનાં સંતાન છે. ભૂપેન્દ્રભાઈ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ટકોર સાચી છે કે, કોંગ્રેસ ચૂંટણીઓમાં મળતી નિરંતર નિષ્ફળતાની હતાશા અનુભવી રહી છે. ખડગે પરિપક્વ રાજનેતા છે. વિદ્વાન છે. તેમની જીભ વારંવાર લપસે ? ૨૦૧૮ની ચૂંટણીમાં ખડગેએ મોદીને 'ચાવાળો' કહ્યા હતા અને એ પછી 'ઝેરીલો સાપ' લેખાવ્યા હતા. બફાટ કરવામાં બીજા કોંગ્રેસી નેતાઓએ પાછળ નથી. અધીર રંજન ચૌધરી રાષ્ટ્રપતિને 'રાષ્ટ્રપત્ની' કહી ચૂક્યા છે. મણિશંકર ઐયરે મોદીને નીચ આદમી કહી દીધા હતા. રાહુલ ગાંધીએ 'ગલી ગલી મેં શોર હૈ, ચોકીદાર ચોર હૈ'નો નારો આપીને એવું માન્યું હતું કે, કોંગ્રેસ મેદાન મારી જશે, પરંતુ જનતાનો ગુસ્સો એવો ફૂટયો કે કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયાં હતાં. રાજકીય મેદાનમાં વાર-પ્રહાર થાય, વાક્યુદ્ધો થાય, પરંતુ એનું સ્તર નીચું ન ઊતરવું જોઈએ. ઘણીવાર શિવસેના કે ભાજપના નેતાઓ પણ બફાટ કરી નાખે છે. મતદારો સમજદાર છે, એમને શાલીનતા અને પ્રામાણિકતા વધુ પસંદ હોય છે. રાજનેતાઓ ભદ્ર વ્યવહાર રાખે એ તેમનાં અને તેમના પક્ષનાં હિતમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાદા શબ્દોમાં કોંગ્રેસને પૂછ્યું છે કે, ગુજરાતીઓ અભણ અને મૂર્ખ હોય તો રાજ્યનો આટલો વિકાસ કઈ રીતે થયો ? મોદી ગુજરાતમાં સફળ શાસન કર્યા પછી જ બઢતી મેળવીને દેશની ધૂરા સંભાળવા દિલ્હી પહોંચ્યા. ગુજરાત આજે દેશના જીડીપીમાં આઠ ટકાથી વધુ યોગદાન આપે છે. ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશના ૧૭ ટકા અને દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકા હિસ્સો ગુજરાતનો છે. મેડિકલ ફાર્મા, ગ્રીન એનર્જી, માઇન એન્ડ મિનરલ્સમાં ગુજરાત અને ગુજરાતીઓનો ડંકો વાગે છે. આ હકીકતો પ્રત્યે મલ્લિકાર્જુન ખડગેનું ધ્યાન જવું જોઈએ. ગુજરાતમાં પાલિકા-પંચાયત ચૂંટણીનો માહોલ જામવા લાગ્યો છે એ દરમ્યાન ખડગેનાં નિવેદન અને મુખ્યમંત્રી તરફથી તેના જવાબે રાજકીય પારો ઊંચકાયો છે.

# વૃદ્ધ માતા-પિતાની વહારે

આધુનિક ભારતમાં બદલાઈ રહેલી સામાજિક અને પારિવારિક શૈલીમાં બુઝુર્ગ માતા-પિતાની દેખભાળની સમસ્યા દિવસોદિવસ ગંભીર સ્વરૂપ લઈ ચૂકી છે. આ સંદર્ભમાં પરિવારના આ વરિષ્ઠ સભ્યો તરફની જવાબદારીને તેમના સંતાનો બરાબર અદા કરે તે માટે તેલંગાણાની રાજ્ય સરકારે બનાવેલી નીતિ ખરા અર્થમાં રાષ્ટ્રીયનીતિ બનવી જોઈએ એવી આવકારદાયક ચર્ચા છેડાઈ રહી છે. તેલંગાણામાં ગયા સપ્તાહે વિધાનસભાએ એક ખરડો પસાર કરીને પરિવારના બુઝુર્ગ માતા-પિતાની દેખભાળ માટે સરકારી અને ખાનગી કર્મચારીઓ તથા લોકપ્રતિનિધિઓની જવાબદારી નક્કી કરી છે. ઉલ્લેખનીય છે કે, આધુનિકતાની કાળી બાજુ સમાન હકીકતોમાં બુઝુર્ગ માતા-પિતાની તેમના સંતાનો દ્વારા દેખભાળ થતી ન હોવાના કિસ્સા

ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સંતાનો ગામડાંમાં માતા-પિતાને છોડીને શહેરોમાં સ્થાયી થતાં આ વડીલોની હાલત કફોડી બની જતી હોય છે. એવા કિસ્સા વધી રહ્યા છે જ્યાંના વરિષ્ઠ નાગરિકોને એકાકી જીવન જીવવાની ફરજ પડે છે અથવા વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે છે. આમ તો આપણા દેશમાં બુઝુર્ગોની દેખભાળ માટે કડક કાયદાકીય જોગવાઈ છે, પણ આ કાયદાની છટકબારીનો લાભ લઈને પરિવારના વડીલોને જાકારો આપતા સંતાનો અચકાતા નથી. વળી આવા બુઝુર્ગો શારીરિક અથવા આર્થિક મુશ્કેલીને લીધે કાયદાની મદદ લઈ શકતા નથી. જો કે, હવે તેલંગાણા સરકારે એવો ખરડો પસાર કરીને વૃદ્ધ માતા-પિતાની દેખભાળ માટે એક નવતર નીતિ તૈયાર કરી છે. ગયા સપ્તાહે પસાર કરાયેલા આ ખરડા મુજબ કોઈ પણ ખાનગી કે સરકારી ક્ષેત્રના કર્મચારી અથવા લોકપ્રતિનિધિ માટે તેમના માતા-પિતાની સારસંભાળ લેવાનું અનિવાર્ય કરાયું છે. આ અનિવાર્યતાનું પાલન ન કરી શકનારા સંતાનોને તેમના પગારમાંથી ૧૫ ટકા અથવા દસ હજાર રૂપિયા એ બન્નેમાંથી જે ઓછું હોય તે રકમ માતા-પિતાને ભરપોષણ સ્વરૂપે આપવું પડશે. આ ખરડાનો ઉદ્દેશ કર્મચારીઓને તેમના પારિવારિક મૂલ્યો તરફ સભાન કરવા તથા બુઝુર્ગોને તેમના એકાકી સમયમાં આર્થિક સલામતી પૂરી પાડવાનો છે. દેશમાં છેલ્લા ઘણા સમયથી પરિવારના બુઝુર્ગ માતા -પિતાની સરસંભાળનો મુદ્દો ચર્ચામાં રહ્યો છે. સંતાનો તેમના વાલીઓને તરછોડીને કફોડી હાલતમાં મૂકી રહ્યા છે. આવામાં વિવિધ સ્તરે અલગ-અલગ સૂચનો પણ સામે આવતાં રહ્યાં છે. આવામાં તેલંગાણામાં લેવાયેલી પહેલને ખરેખર અન્ય રાજ્યોએ અનુસરવાની જરૂરત છે. રાષ્ટ્રીય સ્તરે આવો કાયદો લવાય તો સોનાંમાં સુગંધ ભળી શકે. તેલંગાણાએ કરેલી પહેલની કેવી અસર પડશે એ ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ જશે. આ કાયદાનો રાજ્ય સરકાર પ્રામાણિક્તાથી કડકાઈ સાથે અમલ કરીને તેના સારા ઉદ્દેશને સાકાર કરશે તો સંખ્યાબંધ બુઝુર્ગોની કઠણાઈનો અંત આવી શકશે.

**ડો. ભાભાનું ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ, વિમાની દુર્ઘટનામાં મોત થયેલું.**

# ભારતના પરમાણુ કાર્યક્રમના પિતામહ ડો. ભાભા ભુલાયા

## ડો. ભાભા એર ઇન્ડિયા ફ્લાઇટ ૧૦૧માં જિનીવા જઈ રહ્યા હતા.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઊર્જાના કકળાટ વચ્ચે હમણાં ભારતે એક મહત્ત્વની સિદ્ધિ મેળવી તેની બહુ નોંધ નથી લેવાઈ. બે દિવસ પહેલાં તમિળનાડુના કલપક્કમ ખાતે આવેલા 'પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર' પીએફબીઆર એ ક્રિટિકાલિટી પ્રાપ્ત કરીને ઈતિહાસ રચી દીધો. સામાન્ય માણસને આ ટેકનિકલ ભાષામાં સમજ પડે એટલા માટે તેને થોડીક સરળ ભાષામાં સમજાવી દઈએ. રિએક્ટરનું કામ પરમાણુ ઊર્જા પેદા કરવાનું છે કે જેનો ઉપયોગ વીજળી પેદા કરવા માટે કરી શકાય છે. કલપક્કમમાં આવેલા ૫૦૦ મેગાવોટના રિએક્ટરે ક્રિટિકાલિટી હાંસલ કરી તેનો અર્થ એ થયો કે, આ રિએક્ટરમાં પરમાણુ ચેઈનમાં રીએક્શન્સ આપમેળે અને નિયંત્રિત રીતે શરૂ થઈ ગયાં છે. તેના કારણે રિએક્ટર બહાર ઉપયોગમાં લઈ શકાય એવી ઉર્જા તો પેદા કરશે જ પણ પોતાના માટે જરૂરી ઊર્જા પણ પેદા કરશે. મતલબ કે, રિએક્ટરને ચલાવવા માટે બહારથી કોઈ ફ્યુઅલની જરૂર નથી. મતલબ કે, રિએક્ટર જેટલી ઊર્જા ખાશે તેના કરતાં વધારે ઊર્જા ઉત્પન્ન કરશે. ભારત સિવાય રશિયાનાં રિએક્ટર્સ આ રીતે કામ કરે છે તેથી ભારતની આ સિદ્ધિ બહુ મોટી છે. આ સિદ્ધિ માટે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિજ્ઞાનીઓ અને એન્જિનિયર્સને અભિનંદન આપ્યા પણ કમનસીબે આ સિદ્ધિના મૂળમાં જે માણસ છે એ ડૉ. હોમી જહાંગીર ભાભાને યાદ ના કર્યા. ડૉ. હોમી ભાભા ભારતના ફરગોટન હીરો છે. ભારત પરમાણુ મહાસત્તા બન્યું તેની વાત નિકળે ત્યારે ડૉ. અબ્દુલ કલામ જેવા બહુ પાછળથી આવેલા અને નગણ્ય યોગદાન આપનારા લોકોને શ્રેય આપી દેવાય છે કેમ કે લોકોને ઈતિહાસનું જ્ઞાન નથી. આ કારણે ડૉ. ભાભા પણ ભુલાઈ ગયા પણ વાસ્તવમાં ભારતીય પરમાણુ વિજ્ઞાનના દાદા ડો. હોમી ભાભાના પ્રતાપે ભારતમાં ન્યુક્લિયર રિસર્ચ શરૂ થયું, બાકી આપણે તો હજુય આત્મા ને પરમાત્માની વાતોમાંથી ઉંચા ના આવતા હોત. ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ ટીઆઈએફઆર અને એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ, ટ્રોમ્બે (હવે બીએઆરસી) ની સ્થાપના કરીને ભારતમાં પરમાણુ સંશોધનના સુવર્ણ પ્રકરણની શરૂઆત કરી હતી. ભારતે પરમાણુ મહાસત્તા બનીને પાકિસ્તાન ને ચીન જેવાં હલકટ પાડોશીઓની બોલતી બંધ કરી દીધી ને તેમનામાં ડર પેદા કર્યો તેનો યશ ડૉ. ભાભાને જાય છે. ડો. ભાભા પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગના હિમાયતી હતા તેથી ભારત પરમાણુ ઊર્જાનો ઉપયોગ કરીને વીજળી પેદા કરી શકે છે તેનું શ્રેય પણ ડૉ. ભાભાને જાય છે. ડો. ભાભા પરમાણુ ઊર્જાનો દેશની રક્ષા કરવામાં ઉપયોગ કરવામાં પણ માનતા તેથી તેમણે પરમાણુ બોમ્બ બનાવવા માટેનું સંશોધન પણ શરૂ કરાવેલું. અમેરિકા સહિતના દેશો ડૉ. ભાભાની તાકાતને જાણતા તેથી તેમણે ડૉ. ભાભાની હત્યા કરાવી દીધી હોવાનું કહેવાય છે. ડૉ. ભાભાનું ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ, વિમાની દુર્ઘટનામાં મોત થયેલું. ડૉ. ભાભા એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૦૧માં જિનીવા જઈ રહ્યા હતા. જિનીવા એરપોર્ટ પર ઉતરવાનો પ્રયત્ન કરતી વખતે આલ્પ્સની પર્વતમાળામાં મોન્ટબ્લેન્ક નજીક પ્લેન ક્રેશ થયું તેમાં ભાભા સહિત તમામ ૧૦૬ મુસાફરો અને ૧૧ ક્રૂ સભ્યોનાં મોત થયેલાં. જિનીવા એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) અને પાઈલટ્સ વચ્ચે પર્વત પાસે પ્લેનની સ્થિતિ અંગેની ગેરસમજને કારણે વિમાન તૂટી પડ્યું એવું સત્તાવાર કારણ આપવામાં આવ્યું હતું પણ વાસ્તવમાં ભાભાની હત્યા અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએએ કરાવી હોવાનું કહેવાય છે. યોગાનુયોગ ડૉ. ભાભા અને લાલ બહાદુર શાસ્ત્રીના મોત વચ્ચે ૧૩ દિવસનો જ ગાળો હતો અને બંનેના મોતનાં રહસ્ય કદી બહાર ના આવ્યાં. ૧૯૯૩માં પત્રકાર ગ્રેગરી ડગ્લાસે સીઆઈએના ભૂતપૂર્વ એજન્ટ રોબર્ટ ક્રોલી સાથે વાત કરી હોવાનો દાવો કરીને ધડાકો કરેલો કે, ડૉ. ભાભાની હત્યા સીઆઈએએ કરાવી હતી. ડગ્લાસે ૨૦૧૩માં કન્વર્ઝેશન્સ વિથ ધ ક્રો નામનું પુસ્તક પ્રકાશિત કર્યું તેમાં ક્રોલીએ દાવો કર્યો હતો કે ભારતના પરમાણુ કાર્યક્રમને નિષ્ફળ બનાવવા માટે ૧૯૬૬માં ૧૩ દિવસના અંતરે હોમી ભાભા અને વડા પ્રધાન શાસ્ત્રીની હત્યા સીઆઈએએ કરાવી હોવાનું ક્રોલીએ સ્વીકાર્યું હતું. ક્રોલીએ ડગ્લાસને સાફ શબ્દોમાં કે વિમાનના કાર્ગો સેક્શનમાં મૂકેલા બૉમ્બથી ડૉ. ભાભાની હત્યા કરાઈ હતી. સીઆઈએને એમ હતું કે, ભારતને બેવડો ફટકો મારવાથી પરમાણુ કાર્યક્રમ પડી ભાંગશે પણ શાસ્ત્રી પછી આવેલાં ઈન્દિરા ગાંધી વધારે આક્રમક સાબિત થયાં. ઈન્દિરાએ ડૉ. ભાભા અને શાસ્ત્રીના મોતના ૭ જ વર્ષમાં પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરાવીને અમેરિકાનું નાક વાઢી લીધેલું કેમ કે આ પરમાણુ પરીક્ષણની તૈયારીની અમેરિકાને ગંધ સુધ્ધાં નહોતી આવી. ડૉ. ભાભાનું નિધન ભારત માટે મોટો ફટકો હતો પણ ભાભા એવા વિઝનરી હતા કે, પોતે ના રહે તો પણ ભારતના પરમાણુ કાર્યક્રમને આંચ ના આવે એટલા માટે તેઓ રોડમેપ બનાવીને ગયા હતા. ડૉ. હોમી ભાભાએ દેશની આઝાદી પહેલાં ૧૯૪૫માં તાતા ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરેલી ને ૧૯૫૦માં તો ભારત માટે ત્રણ તબક્કાનો પરમાણુ રોડમેપ તૈયાર કરીને ભારત સરકારને આપી દીધેલો. ભારત સરકારે આ રોડમેપનો અમલ કરવા સિવાય કશું કરવાનું ના રહે એવી ગોઠવણ તેમણે કરી દીધી હતી. ડો. ભાભાએ ૭૦ વર્ષમાં એટલે કે ૨૦૨૦ સુધીમાં ત્રણ તબક્કા પૂરું કરવાનું લક્ષ્ય નક્કી કરેલું પણ ભારતને સાયન્સ અને ટેકનોલોજીને સમજે એવા શાસકો ના મળ્યા તેમાં આપણે હજુ બીજા તબક્કા લગી જ પહોંચ્યા છીએ. હોમી ભાભા જેવો દૂરંદેશી ધરાવતો વિજ્ઞાની હોવા છતાં આપણે નબળા શાસકોના કારણે તેમના વિઝનને સમયસર સાકાર ના કરી શક્યા એ આ દેશની કમનસીબી કહેવાય. ડૉ. ભાભાના ત્રણ તબક્કાના પહેલા તબક્કામાં યુરેનિયમ આધારિત પરંપરાગત પરમાણુ રિએક્ટર બનાવવાનો સમાવેશ થતો હતો. ભારતે ગુજરાતના કાકરાપાર સહિતનાં સ્થળે યુરેનિયમ આધારિત પરમાણુ રિએક્ટર્સ સફળતાપૂર્વક સ્થાપી દીધાં છે. બીજા તબક્કામાં ફાસ્ટ બ્રીડર ટેકનોલોજી વિકસાવીને થોરિયમનો ઉપયોગ કરીને રિએક્ટર્સ બનાવવાનાં છે અને ત્રીજા તબક્કામાં આ રિએક્ટર્સને કામ કરતાં કરીને વીજળી પેદા કરવાની છે.દુનિયાના વિકસિત દેશો આ ટેકનોલોજી પર કામ કરતા નથી કેમ કે તેમાં જોખમ છે પણ ભારત આ ટેકનોલોજીમાં આગળ વધ્યું કેમ કે ભારત પાસે બીજા વિકલ્પ નથી. યુરેનિયમ આધારિત રિએક્ટર્સ માટે અમેરિકા સહિતના પશ્ચિમના દેશો પર નિર્ભર રહેવું પડે જ્યારે ફાસ્ટ બ્રીડર ટેકનોલોજીમાં થોરિયમ અને પ્લુટોનિયમનો ઉપયોગ થાય છે. ભારત પાસે આ બંને મોટા પ્રમાણમાં છે તેથી ભારત માટે જોખમી હોવા છતાં આ ટેકનોલોજી વધારે કારગત છે. આશા રાખીએ કે, ત્રીજા તબક્કા સુધી પહોંચવામાં બહુ મોડું ના થાય ને ઊર્જા ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બને.

**શૈલેષભાઈ-સંગીતાબહેનને એકનો એક લાડકો દીકરો સંજીવ જેટલો દેખાવડો એટલો જ ચબરાક.**

# માતા-પિતા પાસે ઘરખર્ચની અપેક્ષા રખાય?

> • આ વર્ષો દરમિયાન શૈલેષભાઈની તબિયત બગડી. કિડનીનો પ્રોબ્લેમ ધીમે ધીમે પ્રોબ્લેમ ડાયાલિસિસ સુધી પહોંચ્યો. શૈલેષભાઈને દર અઠવાડિયે ડાયાલિસિસ માટે જવું પડતું.

તમારો દીકરો બે યુવાન સંતાનનો બાપ થઈ જાય અને છતાંયે તમારી અપેક્ષા રાખ્યા કરે તે યોગ્ય છે? એ દીકરો હજુ પણ ઈચ્છે કે તેના મા- બાપ ઘરખર્ચમાં ભાગ આપે એ પણ અડધો અડધ એ વાત યોગ્ય છે? શું મા- બાપની જિંદગીનાં છેલ્લાં કેટલાંક વર્ષ દીકરો માતા-પિતા માટે ખર્ચ ન કરી શકે?

કરવો જ જોઈએ. મા- બાપ પાસે ઘરખર્ચમાં પૈસાની અપેક્ષા શા માટે રાખવાની? આ વૃદ્ધ માતા-પિતા પાસે કોણ જાણે એ કેટલાં વર્ષ બચ્યા હશે? બોનસના વર્ષ તે જીવી રહ્યા છે. એવા સમયે એક દીકરો મા-બાપ પાસેથી ઘરખર્ચમાં ભાગ માગે એ કેટલું વિચિત્ર લાગે છે નહીં? છેલ્લાં વર્ષો તો તેમને શાંતિથી કોઈ જવાબદારી વગર જીવવા દો ને, યાર,,, ના, પણ એવું નથી થતું. આજનું પ્રેક્ટિકલ થયેલું જનરેશન ફ્કત પૈસાની જ ભાષા સમજે છે, દિલની નહીં. શૈલેષભાઈ અને સંગીતાબહેન સાથે આવું જ બન્યું.

શૈલેષભાઈ-સંગીતાબહેનને એકનો એક લાડકો દીકરો સંજીવ જેટલો દેખાવડો એટલો જ ચબરાક. નાનો હતો ત્યારથી જોતા જ ગમી જાય એવા સંજીવને સગાં-વહાલા, આડોશી-પાડોશી સૌ રમાડવા લઈ જાય. સંગીતાબહેનના હાથમાં એ બહુ ઓછો આવે. એથી સંગીતાબહેનને તો ખબર જ ના પડી કે સંજીવ ક્યારે મોટો થઈ ગયો. ઉચ્ચ શિક્ષણ લીધાં બાદ સંજીવનું મન પરદેશ ભણવા જવા માટે હતું, પણ માતા-પિતાનું મન માનતું ન હતું. એકના એક દીકરાને નજરથી દૂર કરવાની તેમની ઈચ્છા ન હતી. માતા-પિતાની લાગણીને માન આપીને સંજીવ માની ગયો અને કરિયર સ્વદેશમાં જ શરૂ કરી સાથે નોકરી કરતી યુવતી સાથે પ્રેમબંધનમાં બંધાયો અને પછી માતા-પિતાના આશીર્વાદ સાથે લગ્નબંધનમાં બંધાયો. માતા-પિતાની ખુશીનો પાર નથી. સંજીવ જેવી જ દેખાવડી સાંચી વહુ ઘરમાં આવી. બધું સરસ ચાલતું હતું. ઘરમાં શૈલેષભાઈ-સંગીતાબહેન અને સંજીવ-સાંચી એમ ચારનો પરિવાર. વર્ષો સુધી તો ઘર ખર્ચ શૈલેષભાઈ ઉઠાવતા હતા.

સંજીવ કમાતો થયો તો પણ શૈલેષભાઈ તેની પાસેથી ઘરખર્ચ માટે કંઈ લેતા ન હતા. સંજીવના લગ્ન પછી સંજીવે જ ઘરખર્ચમાં પોતાનો ભાગ આપવા માંડ્યો. શૈલેષભાઈએ ના પાડી સંગીતાબહેને સમજાવ્યું, 'ક્યાં સુધી તમે જવાબદારીઓ માથે લઈને ફરશો? હવે સંજીવ નાનો નથી એને માથે પણ જવાબદારી નાખો અને ક્યાં તમે પૂરું ઘરખર્ચ એના માથે નાખો છે? એમ કરો જે ખર્ચ થાય તે અડધો અડધો કરી નાખો.'

શૈલેષભાઈને સંગીતાબહેનની વાત જચી ગઈ અને પિતા-પુત્ર જે ઘરખર્ચ થાય તે અડધો-અડધ કરી લેતા.

થોડા સમય પછી સાંચીએ ખુશખબર આપ્યા. પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ. પ્રથમ પગલે લક્ષ્મીજી પધાર્યા. સૌએ ખુશી ખુશી દીકરીને વધાવી આમ પણ સંગીતાબહેનને પોતાને દીકરી ન હોવાથી તેઓ તો ઈચ્છતા જ હતા કે સાંચી દીકરીને જન્મ આપે તો સારું. માતા-પિતા અને દાદા-દાદીના પ્રેમમાં તરબોળ દીકરી મોટી થવા લાગી. ત્રણ વર્ષ બાદ સાંચીને ફરી સારા દિવસો રહ્યા. આ વખતે સાંચીને ટ્વિન્સ જનમ્યા. એક દીકરો અને એક દીકરી. ઘરમાં બાળકોનો કલરવ ગુંજી ઊઠ્યો. દાદા-દાદી ખુશખુશાલ છે.

પરિવારમાં ચાર સભ્ય હતા તેમાંથી હવે સાત સભ્ય થઈ ગયા. ખર્ચો બહુ જ વધી ગયો. ત્રણ તો નાના બાળક બાળકોનો ખર્ચ તો બાપરે બાપ! હવેના જમાનામાં બાળક ઉછેરવું મોંઘું પડે એવી સ્થિતિ છે.

આ વર્ષો દરમિયાન શૈલેષભાઈની તબિયત બગડી. કિડનીનો પ્રોબ્લેમ ધીમે ધીમે પ્રોબ્લેમ ડાયાલિસિસ સુધી પહોંચ્યો. શૈલેષભાઈને દર અઠવાડિયે ડાયાલિસિસ માટે જવું પડતું. ડાયાલિસિસનો ખર્ચ, દવાનો ખર્ચ. શૈલેષભાઈનો પોતાનો ખર્ચ વધતો જતો હતો અને ઘરનો ખર્ચ પણ વધતો જતો હતો. કોઈ ડોનર મળે તો કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી પણ કરાવવાની હતી. ડોનરને પણ પૈસા ચૂકવવા પડે. શૈલેષભાઈને ચિંતા થવા લાગી. હવે બધાં ખર્ચને કઈ રીતે પહોંચી વળાશે? તે મેડિકલેઈમનું પ્રીમિયમ પણ ભરી શક્યા ન હતા તેથી હવે તો બધો ખર્ચ પોતાના ખિસ્સામાંથી જ કરવો પડે એમ હતો.

શું કરવું? સંગીતાબહેન સાથે ચર્ચા કરી. સંગીતાબહેને કહ્યું. 'સંજીવને વાત કરીએ. તેને કહીએ કે અમે હવે અડધોઅડધ ઘરખર્ચ નહીં આપીએ. આમ પણ તે બધા પાંચ છે અને આપણે બે જ છીએ. વળી બાળકોનો ખર્ચ બહુ મોટો છે. આપણી પાસે હવે વધારે બચત રહી નથી.' પતિ-પત્નીએ મસલત કરીને દીકરાને વાત કરી.

દીકરો ભડક્યો, 'તમે બે જ છો તો શું થઈ ગયું? તમે એ.સી. નથી વાપરતા? ટી.વી. નથી જોતા? ને મારાં બાળકો છે તો એ તમારા કાંઈ નથી? તમે એના ખર્ચની ગણતરી કરો છો?'

'બેટા, અમે બાળકોના ખર્ચની ગણતરી નથી કરતા પણ અમારી હાલત પણ કથળી ગઈ છે. બચત ઘટતી જાય છે. હવે અમે પહોંચી શકતાં નથી.'

સંજીવ માતા-પિતાની વાત સાંભળવા તૈયાર જ ન હતો. હવે શૈલેષભાઈ-સંગીતાબહેન મુંઝાયાં છે. ઘરમાં મનમુટાવ શરૂ થઈ ગયો છે. આવા વાતાવરણમાં વૃદ્ધ પતિ-પત્ની મુંઝાય છે? શું કરવું? જુદા થઈ જવું. હાલમાં પોશ એરિયામાં મોટું ઘર છે. એમાં થોડા ઘટતા પૈસા સંજીવે પણ આપ્યા હતા. એ ઘર વેચીને તેના ભાગ પાડીને દૂરના પરામાં નાનકડો ફ્લેટ લઈને રહેવું કે પછી આવી જ હાલતમાં રહેવું? હવે કોઈ સંજોગોમાં શૈલેષભાઈ અડધો-અડધ ખર્ચ અફોર્ડ કરી શકે તેમ જ નથી. અને સંજીવ-સાંચીને એ મંજૂર નથી. શૈલેષભાઈ-સંગીતાબહેન શું કરવું? શું ન કરવું? ની કશ્મકશમાં અટવાયેલા છે...

**આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે.**

# તમારે ગુરુની જરૂર નથી

■ **તમે પોતે ગુરુ જ છો.'પ્રવચન પછી સૌનું વલણ બદલાઇ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.**

જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઈશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે. વાલોડમાં વિદ્વાન બ્રાહ્મણો રહે છે, તેમાં પાછા આર્યસમાજી તાર્કિકો. આ ડાહ્યાભાઇ કોઇ ધૂની માણસ છે. સિંહોની સાથે બકરાને બાથ ભિડાવવા લઇ જઇ રહ્યા છે. કાલ તો સૌ શ્રદ્ધાળુ શ્રોતાઓ હતા એટલે મારી કાલીઘેલી વાતોને પણ અહોભાવથી સાંભળતા હતા, પણ આજે તો કર્કશ તાર્કિકો છે. તે તર્કો કરશે. પ્રશ્નો પૂછશે. મને શું આવડે છે કે હું જવાબ આપી શકીશ? પ્રભો, તું જ લાજ રાખજે.'

આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે. સાંજ પડવાની તૈયારી હતી અને હું વાલોડ પહોંચ્યો. નદીકિનારે ગણપતિનું મંદિર. હું જ્યારે મંદિરમાં પહોંચ્યો ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ વિદ્વાનો બેઠેલા. ગામોમાં સાંજે સૌ નવરા હોય એટલે મંદિરના ઓટલે આવીને બેસે. આરતી કરીને ઘેર જાય. યુરોપમાં કોઇ નવરું નહિ એટલે આવું શાંતિથી બેઠેલું કોઇ ટોળું ભાગ્યે જ જોવા મળે.મને હતું કે ડાહ્યાભાઇ પહોંચી ગયા હશે અને મારી વ્યવસ્થા કરી દીધી હશે. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. મને આવેલો જોઇને પેલા વિદ્વાનોએ કશી નોંધ લીધી નહિ. એક ખૂણામાં થેલો મૂકીને નાહવાના કપડા કાઢીને હું ચુપચુપ પેલી મઢીવાળી નદી જે અહીં પણ આવતી હતી ત્યાં નહાવા ગયો. સ્નાન-સંધ્યા કરીને પાછો આવ્યો. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. આરતી કરીને સૌ વીખરાવા લાગ્યા. અહીં મંદિરમાં જ રહેનાર કોઇ પૂજારી ન હતો. મંદિર ખુલ્લા જેવું જ હતું એટલે 'ઇધર રહનેકા નહીં હૈ'નો ડર ન હતો. સારું થયું કે મારે સાંજે જમવાનું ન હતું. નહીંતો પણ અહીં કોને પડી હતી કે મારે જમવાનું છે કે નહિ એમ પૂછે? બે-પાંચ માણસો સિવાય બધાય ધીરેધીરે વીખરાઇ ગયા.

અંતે તો મારા સમાજે (સાધુસમાજે) જે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠા સ્થાપિત કરી છે તેના જ ફળ મારે વીણવાના હતા. કોઇએ મારો ભાવ ન પૂછ્યો તેમાં સાધુસમાજનું સમગ્ર રૂપ જવાબદાર હતું.મંદિરના એક ખૂણામાં બેઠો બેઠો ડાહ્યાભાઇના ધૂનીપણાને હું આક્રોશી રહ્યો હતો. 'મને અહીં ધકેલી દીધો અને પોતે તો હજી આવ્યા જ નથી.' ત્યાં તો જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ભાઇસાહેબ ચમક્યા. મોડા આવવાનું કારણ બતાવી, જે બે-પાંચ માણસો બેઠા હતા તેમને ધમકાવવા લાગ્યા. 'ઓળખો છો આ કોણ છે? શુકદેવ છે શુકદેવ!' ગામ સાથે તેમનો આત્મીયતાનો સંબંધ હતો એટલે તથા તેમની નિખાલસતા તથા ભાવુકતાથી સૌ પરિચિત હોવાથી સૌ હસતા ચહેરે તેમની ઝાટકણીને સહન કરતા રહ્યા.ગઇકાલની મઢીની વાત રંગોળી પૂરીને કરી. સૌ ગામમાં ગયા અને જોતજોતામાં તો લોકો આવવા લાગ્યા. મંદિરનો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. મારી ચિંતાનો પાર ન હતો. 'આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો? ના... ના... હવે તો નહિ જ જાઉં.' હું વિચારના ચકડોળે ચકરીઓ ખાઇ રહ્યો હતો.આજે અહીં કાલની માફક વ્યાસપીઠ ગોઠવાઇ ન હતી. શ્રોતાઓમાં મોટો ભાગ પુરુષો અને તેમાં પણ બ્રાહ્મણોનો હતો. ડાહ્યાભાઇએ પ્રવચન માટે મને આગ્રહ કર્યો. હું ઊભો થયો અને કાંઇ અગડંબગડં બોલવા લાગ્યો. સવા-દોઢ કલાક બોલ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો.એક પ્રખર આર્યસમાજી વિદ્વાન ઊભા થયા અને પ્રવચન કરવા લાગ્યા. તેનો સાર હતો કે 'તમારે ગુરુ કરવાની જરૂર નથી. તમે પોતે ગુરુ જ છો.'પ્રવચન પછી સૌનું વલણ બદલાઇ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.ડાહ્યાભાઇના ચહેરા ઉપર વિજયસ્મિત ફરકી રહ્યું હતું. તે જે બતાવવા માગતા હતા તે બતાવી દીધું હોય તેમ તેમને લાગતું હતું.આગળ મહારાષ્ટ્ર શરૂ થશે અને તમને તકલીફ પડશે. અમે તમને પ્રયાગરાજ સુધીની ટિકિટ કરાવી આપીએ, બીજી ચીજવસ્તુઓ લઇ આપીએ, તેવો ઘણાનો આગ્ર હોવા છતાં મેં કશું સ્વીકાર્યું નહિ. બીજા દિવસે પેલા વિદ્વાનને ત્યાં જમીને હું પાછો મંદિરે આવ્યો. જોઉં તો સફેદ ખાદીની સાડીઓમાં પ્રભાવશાળી ચાર-પાંચ ભદ્ર બહેનો મારી રાહ જોઇ રહી હતી. મારું નામ સાંભળીને નજીકના કોઇ સર્વોદય આશ્રમમાંથી તે ચર્ચા કરવા આવી હતી.સંન્યાસ ના લેવો જોઇએ તેવો તેમનો આગ્ર તથા સલાહ હતા. ત્યારે હું ખાદી કે ગ્રામઉદ્યોગ સંબંધી કાંઇ જાણતો નહિ. મારા નિર્ધારમાં મને દૃઢ જોઇને તે બહેનો આશીર્વાદ આપીને વિદાય થઇ. હું પણ સૌની ભાવપૂર્ણ વિદાય લઇને પાછો રેલવેના પાટા તરફના માર્ગ ચાલી નીકળ્યો.

# લોકો તમારા કપડાં પરથી જ તમારા વિશે ધારણાઓ બાંધી લે છે : જાહન્વી

## સ્કૂલ દરમિયાન મેં મારી તસ્વીર એક પોર્ન સાઇટ પર જોઈ અને હું ચોંકી ગયેલી



જાહન્વી કપૂર તાજેતરમાં એક પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે એઆઈના દુરુપયોગ અને લોકોની માનસિકતા વિશે વાત કરી હતી. જાહન્વીએ જણાવ્યું કે પોતાની લોકોની નજરમાં બને તેટલી ઓછી આવે એવાં પ્રયત્નો છતાં, લોકો તમને કેવી રીતે જુએ છે તે પર તેના પર તમારું ખાસ નિયંત્રણ નથી. જાહન્વીએ કહ્યું, "હું શક્ય તેટલી ઓછી દેખાઉં તે માટે ઘણાં પ્રયત્નો કર્યા છે, પરંતુ મારી પહેલેથી જ ઘણી તસવીરો અને વિડિઓઝ ઓનલાઈન છે, જેથી એવું લાગે છે કે હું ક્યાંય ગઈ જ નથી."

જાહન્વીએ જણાવ્યું કે આ સતત ફરતી તસવીરો તમારી ઓળખને માત્ર દેખાવ સુધી સીમિત કરી દે છે અને સેક્સ્યુઅલાઈઝેશનનું એક એવું ચક્ર ઉભું કરે છે, જેમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. તેણે કહ્યું, "મને ગમતું નહોતું કે લોકો મને આવા દ્રશ્યો અને ઈૈં દ્વારા બનાવેલી વસ્તુઓને કારણે કેવી રીતે જુએ છે. આની સીધો અસર તેનાં વર્તન અને કારકિર્દી પર પડી છે. હું એવું નથી વિચારતી કે હું હોટ લાગી રહી છું, ચાલો પોસ્ટ કરીએ. પણ હવે હું દસ વખત વિચારું છું, કારણ કે કોઈ પણ વસ્તુનો ખોટો અર્થ કાઢી શકાય છે."

જાહન્વીએ ખાસ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું, "પ્રેક્ષકો તમારા કપડાં પરથી તમારું વ્યક્તિત્વ કેવું છે એ નક્કી કરી લે છે. સેક્સ્યુઅલાઈઝેશન માત્ર સપાટી સુધી મર્યાદિત નથી — તે તમારી વિશ્વસનીયતા અને તકોને પણ અસર કરે છે."

જાહ્નવી કપૂરે શરૂઆતના ચોંકાવનારા ડીપફેક અનુભવ વિશે યાદ કરતાં કહ્યું, "મને ખાતરી નથી કે તે ટેક્નિકલી ડીપફેક હતું કે નહીં, પરંતુ કંઈક આવું જ હતું. મેં મારી તસ્વીર એક પોર્ન સાઇટ પર જોઈ. અમે સ્કૂલમાં ક્લાસમાં હતાં અને છોકરાઓ મજા માટે આવી સાઈટ્સ પર જતા અને ત્યાં મારી તસ્વીરો હતી. હું હજી સ્કૂલમાં હતી, ત્યારે આવું થયું. એ બહુ જ અજીબ અનુભવ હતો."

તેણે સ્વીકાર્યું કે આ ઘટનાએ તેને નાની ઉંમરે જ પબ્લિક ફિગર હોવાના નકારાત્મક પાસાં સમજાવ્યાં હતું. "એક સમયે મને લાગ્યું — 'શા માટે? શું આ કિંમત ચૂકવવી પડે?' આ બાબતોમાં નૈતિકતા જ નથી. સોશિયલ મીડિયા સાથે, દરેક કોઈ કંઈપણ મૂકી દે છે. ઘણા લોકો માને છે કે 'તમે પબ્લિક ફિગર છો, એટલે આ તો થશે જ.'

આવી બાબતોની કામ પર પડતી અસર વિશે તેણે ઉમેર્યું, "કાલે જો હું કોઈ ફિલ્મમાં કામ કરું અને ડિરેક્ટરને કહું કે મને કંઈક પહેરવું અનુકૂળ નથી, તો તેઓ કહી શકે — 'પણ તમે આ પહેલેથી કર્યું છે, લોકો એ જોઈ ચૂક્યા છે.'

# રેમો ડિસૂઝાએ પોતાની છઠ્ઠી ડાન્સ ફિલ્મ પર કામ શરૂ કર્યું

## આ ફિલ્મનું નામ એબીસીડી ૩ હોવાની શક્યતા અને ચર્ચા



૨૦૧૩માં, રેમો ડિસૂઝાએ 'એબીસીડી– એની બડી કેન ડાન્સ' દ્વારા ડાન્સ ફિલ્મ જોનરની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં કોઈ મોટા સ્ટાર નહોતા, છતાં તેણે અક્ષય કુમાર અભિનિત સ્પેશિયલ ૨૬ (૨૦૧૩) જેવી ફિલ્મની સ્પર્ધા હોવા છતાં ૫.૫૦ કરોડની ઓપનિંગ કરી હતી. તેની થીમ, સ્માર્ટ પ્રમોશન, યુથ અપીલ, હિટ ગીતો અને ખાસ કરીને ડાન્સને કારણે, ફિલ્મે આખરે ૪૫.૫૦ કરોડની કમાણી કરી હતી. તેનો બીજો ભાગ એબીસીડી – એની બડી કેન ડાન્સ – ૨ (૨૦૧૫) આવી, જેમાં વરુણ ધવન અને શ્રદ્ધા કપૂર હતાં, તે પહેલી ફિલ્મ કરતાં પણ વધુ મોટી હિટ સાબિત થઈ અને કમાણીમાં ૧૦૦ કરોડનો આંક પાર કર્યો હતો. હવે એવા અહેવાલો છે કે, રેમો ડિસૂઝાએ ફરી એક નવી ડાન્સ ફિલ્મ પર કામ શરૂ કર્યું છે અને તેનું નામ એબીસીડી ૩ હોઈ શકે છે.

એક સુત્રે વધુમાં જણાવ્યું, "આ ફિલ્મ ટ્રિગર હેપ્પી સ્ટુડિયોઝના અમિત ચંદ્રા પ્રોડ્યુસ કરશે. રેમો ડિસૂઝા અને તેની ટીમે ફિલ્મ માટે એક બહુ સારા આઈડિયા તૈયાર કર્યો છે અને હવે તેઓ સ્ક્રીનપ્લે પર કામ કરી રહ્યા છે. છેલ્લી વખત ડાન્સ ફિલ્મ બનાવ્યા પછી દર્શકોની પસંદગી, વિવિધ ડાન્સ ફોર્મ્સની સમજ વગેરેમાં ઘણું પરિવર્તન આવ્યું છે. રેમોએ આ બધા ફેરફારોને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને જેન ઝી અને જેન અલ્ફાના દર્શકોને ધ્યાનમાં રાખીને પોતાની આગામી ફિલ્મની કલ્પના કરી છે."

બીજા એક સુત્રે જણાવ્યું કે આ ફિલ્મ એબીસીડીના પ્રથમ બે ભાગની જ આગળની કહાની હોઈ શકે છે. એટલે કે, આ ફિલ્મમાં એબીસીડી – એની બડી કેન ડાન્સના પાત્રો ફરી જોવા મળી શકે છે.

રેમો ડિસૂઝાએ પોતાની કારકિર્દીની શરૂઆત કોરિયોગ્રાફર તરીકે કરી હતી અને પછી તેણે બંગાળી ફિલ્મ લાલ પહારેર કથા (૨૦૦૭)થી ડિરેક્શન ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તેનું હિન્દી ડિરેક્ટોરીયલ ડેબ્યુ ફાલતુ (૨૦૧૧)થી થયું, ત્યારબાદ એબીસીડી– એની બડી કેન ડાન્સ અને એબીસીડી – એની બડી કેન ડાન્સ – ૨ આવી. ત્યારબાદ તેમણે એ ફ્લાઈંગ જટ્ટ (૨૦૧૬), રેસ ૩ (૨૦૧૮) અને સ્ટ્રીટ ડાન્સર ૩ઙ (૨૦૨૦)નું નિર્દેશન કર્યું. ગયા વર્ષે, તેની ડાન્સ ફિલ્મ બી હેપી (૨૦૨૫) અમેઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ હતી.

# રણવીરની ઝોમ્બી થ્રિલર પ્રલય બ્લાઇન્ડનેસની રિમેક હોવાનો હંસલ મહેતાનો ઇનકાર

## રણવીર સિંહની આગામી ફિલ્મ પ્રલય એક મોટા બજેટની ઝોમ્બી થ્રિલર ફિલ્મ છે જેનું ડિરેક્શન જય મહેતા કરશે

રણવીર સિંહ હાલમાં ધુરંધર ૨ની સફળતાનો આનંદ માણી રહ્યો છે, કારણ કે તે થિયેટરોમાં સફળતાપૂર્વક ચાલી રહી છે. હવે તે ઝોમ્બી થ્રિલર પ્રલયમાં જોવા મળશે, ત્યારે એવી ચર્ચા હતી કે આ ફિલ્મ ૨૦૦૮ની ફિલ્મ બ્લાઈન્ડનેસની રિમેક અથવા એડેપ્ટેશન છે. એક ઈન્ટરવ્યુમાં પ્રોડ્યુસર હંસલ મહેતાએ આ દાવાઓ અને ચર્ચાને નકારી કાઢ્યાં છે. તેમણે કહ્યું, "આ એડેપ્ટેશન નથી. જય અને વિશાલ કપૂરે એક નવી વાર્તા લખી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે પોર્ટુગીઝ લેખક જોઝે સારામાગોના કામને સ્ક્રીન પર અનુવાદિત અને રૂપાંતરિત કરવું મુશ્કેલ હોત.

જો આ અંગ્રેજી ફિલ્મની વાત કરવામાં આવે તો, બ્લાઈન્ડનેસ ૨૦૦૮ની એક થ્રિલર ફિલ્મ છે, જેમાં જુલિયાન મૂર અને માર્ક રફેલો અભિનય કરે છે. આ ફિલ્મ એક અચાનક ફેલાયેલી અંધત્વની મહામારી પર આધારિત છે, જે એક શહેરના લગભગ દરેક વ્યક્તિને અસર કરે છે અને ત્યારબાદ સર્જાતી સામાજિક અસ્થિરતાને દર્શાવે છે.

આ જ વાતચીતમાં, હંસલ મહેતાએ એવું પણ જણાવ્યું કે રણવીર આ પ્રોજેક્ટ સાથે કેવી રીતે જોડાયો. તેમણે કહ્યું, "જય લાંબા સમયથી આ વિચાર પર કામ કરી રહ્યા હતા. જ્યારે રણવીર સિંહે તેમનું કામ જોયું, ત્યારે તેણે પોતે સંપર્ક કર્યો અને પછી જયે તેને આ પ્રોજેક્ટ વિશે રજૂઆત કરી. જ્યારે રણવીરે આ વિચાર પસંદ કર્યો, પછી અમે તેમાં રોકાણ કર્યું અને જયને ફિલ્મની દુનિયા બનાવવામાં મદદ કરી."

પ્રલય એક આવનારી ઝોમ્બી થ્રિલર ફિલ્મ છે, જે પોસ્ટ-એપોકેલિપ્ટિક દુનિયામાં સ્થિત છે. હંસલ મહેતા દ્વારા ટ્રૂ સ્ટોરી ફિલ્મ્સ હેઠળ નિર્મિત આ પ્રોજેક્ટમાં રણવીર સિંહ પણ તેનાં પ્રોડક્શન હાઉસ મા કસમ ફિલ્મ્સ હેઠળ સહ-પ્રોડ્યુસર તરીકે જોડાયો છે. મોટા બજેટમાં બની રહેલી આ ફિલ્મથી જય મહેતા નિર્દેશન ક્ષેત્રમાં ડેબ્યુ કરી રહ્યા છે, જેણે વિશાલ કપૂર સાથે મળીને સ્ક્રિપ્ટ લખી છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના મધ્યમાં શરૂ થવાની શક્યતા છે અને તેમાં કલ્યાણી પ્રિયદર્શન સહ-અભિનેત્રી તરીકે જોવા મળી શકે છે, જેનું આ બોલિવૂડમાં ડેબ્યુ હશે.

બ્લેઈડનેસ પરથી પ્રેરિત ફિલ્મ અંગેની ચર્ચા મુદ્દે હંસલ મહેતાએ સ્પષ્ટપણે કહ્યું કે આ દાવાઓ ખોટા છે. "આ એડેપ્ટેશન નથી. બ્લાઈન્ડનેસ જેવી કૃતિને ફિલ્મમાં રૂપાંતરિત કરવી સરળ નથી. મેં ૨૦૦૮ની તેની ફિલ્મ આવૃત્તિ (જુલિયન મૂર અને માર્ક રફેલો અભિનિત) જોઈ હતી અને તે ખાસ સારી નહોતી. સારામાગો અથવા સલમાન રશ્દી જેવા લેખકો... મને લાગે છે કે તેમની કૃતિઓ કાગળ પર જ શ્રેષ્ઠ લાગે છે. સિનેમામાં તેને રજૂ કરતાં તેમની જાદુઈ અસર ઘટી જાય છે."

તેમણે ભારપૂર્વક એવું પણ જણાવ્યું કે ફિલ્મની સફળતા મોટા ભાગે તેની દુનિયા કેટલી વિશ્વસનીય રીતે સ્ક્રીન પર રજૂ થાય છે તેના પર નિર્ભર રહેશે. "જયની ફિલ્મની જીત તેની ઈમર્સિવ પ્રકૃતિ પર આધારિત રહેશે. તમે પોસ્ટ-એપોકેલિપ્ટિક, ડિસ્ટોપિયન દુનિયાને વિશ્વસનીય કેવી રીતે બનાવશો? તે માટે અમે વિશ્વભરના શ્રેષ્ઠ પ્રતિભાશાળી લોકો સાથે કામ કરી રહ્યા છીએ. અમે હોલિવૂડ કરતાં ઘણાં ઓછા ખર્ચે આ હાંસલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ."

તેના મહત્ત્વાકાંક્ષી વિષય અને ઈમર્સિવ સ્ટોરીટેલિંગ પરના ફોકસ સાથે, પ્રલય ભારતીય સિનેમાના હાઈ-કોન્સેપ્ટ ફિલ્મોના વિકસતા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ઉમેરો બનવા જઈ રહી છે.





# ક્લેપ એન્ડ કટ..! : નકલ ને અક્કલ વચ્ચે અંતર ખરું?

જે ફિલ્મને લીધે અક્ષય કુમારની 'ભૂત બંગલા'ને એક અઠવાડિયું મોડું આવવું પડ્યું એ જ ફિલ્મની તે કોપી કરવા જઈ રહ્યું છે. આ ફિલ્મના મેકર્સ અનુસાર ૯ એપ્રિલે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થશે. આમ તો ૧૦ એપ્રિલે 'ભૂત બંગલા' આવવાની હતી, પણ હવે તે 'ધુરંધર ધ રિવેન્જ'ની અદભુત અને ઐતિહાસિક સફળતાને કારણે એને ૧૭ એપ્રિલ પર ખસેડવામાં આવી છે, પરંતુ 'ભૂત બંગલા'ના મેકર્સ પોતાની રિલીઝને નડેલી ફિલ્મની જ એક વાતની કોપી કરી રહ્યાં છે. પોતાની ફિલ્મની થિયેટર રિલીઝનાં એક દિવસ પહેલાં તેનો પેડ પ્રિવ્યુ રાખવામાં આવ્યો છે... એકદમ 'ધુરંધર સ્ટાઈલ!'. વાત જાણે એમ છે કે 'ધુરંધર'નાં પહેલાં ભાગે દેશભરમાં ગજબની હલચલ મચાવી દીધી હતી. એને લીધે જ એનાં બીજા ભાગની બધા અતિશય ઉત્કંઠાથી રાહ જોઈ રહ્યાં હતાં. આ ઉત્કંઠાને રોકડી કરવા માટે જ આદિત્ય ધર આણી કંપનીએ 'ધુરંધર'નાં બીજાં ભાગનો પેડ પ્રિવ્યુ ગોઠવ્યો હતો જેમાં તે સફળ રહ્યા. બીજી તરફ, 'ભૂત બંગલા'ની આવી કોઈ હાઈપ આજે દેખાઈ નથી રહી. અક્ષય કુમારની છેલ્લી ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર પાણી પણ નથી માગી શકી. એવામાં ક્યાંક આ 'બ્રેવાડો'નો 'ફિયાસ્કો' ન થઈ જાય...








## બોલિવૂડ પર યુદ્ધનાં ઓછાયા

હાલમાં ચાલી રહેલાં અમેરિકા + ઈઝરાયલ વિરુદ્ધ ઈરાનનાં યુદ્ધમાં ભારત એક ટકો પણ સામેલ નથી, પરંતુ આપણે ઊંચે જીવે છીએ. આપણાં બધા પર ગેસ સિલીન્ડર કે પેટ્રોલ-ડીઝલની તંગી-તકલીફ ઝળુંબી રહી છે. આ કટોકટીમાંથી બોલિવૂડ કેમ બાકાત રહી જાય? આ યુદ્ધને કારણે ફક્ત બોલિવૂડ જ નહીં, પરંતુ ભારતીય ફિલ્મ ઉદ્યોગને તકલીફ પડી છે.

આ યુદ્ધનો પ્રથમ ભોગ બની યશની 'ટોક્સિક'. યશનાં ફેન્સ આરબ દેશોમાં ઢગલાબંધ સંખ્યામાં છે. હવે યુદ્ધ ચાલુ થતાં જેવા દુબઈ, અબુધાબી વગેરે સ્થળો પર બોમ્બમારો શરૂ થયો કે યશની 'ટોક્સિક' પાછળ ખેંચાઈ ગઈ. આમ તો એ 'ધુરંધર' સાથે રિલીઝ થવાની હતી, પરંતુ યુદ્ધને લીધે હવે તે પછીથી રિલીઝ થશે એવું કારણ આ ફિલ્મને મળી ગયું.એ જ રીતે શાહરુખ ખાનની આવનારી ફિલ્મ 'કિંગ'નું ઘણું શૂટિંગ દુબઈમાં થવાનું હતું, પણ યુદ્ધને લીધે હવે ત્યાં શુટિંગ શક્ય નથી, આથી શાહરુખની કંપની 'રેડ ચિલીઝે' નિર્ણય કર્યો છે કે હવે જે કામ દુબઈમાં કરવાનું હતું એ હવે મુંબઈમાં કરી લઈશું. લાંબા સમયથી બની રહેલી મલ્ટીસ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ જંગલ' આ યુદ્ધને કારણે હજી વધુ લંબાય એવી શક્યતા ઊભી થઈ છે. આ ફિલ્મનાં અમુક સિક્વન્સ અને એક ગીત દુબઈમાં શૂટ થવાનાં હતાં તેનાં પર બ્રેક લાગી ગઈ છે એટલે હવે આ ફિલ્મ વધુ મોડી થશે. પ્રશ્ન એ છે કે આ યુદ્ધ તો અત્યારે બંધ થવાનું નામ નથી લેતું, તો હજી કેટલી બધી રાહ ફિલ્મવાળા જોશે?

## 'રામાયણ' માટે રણબીરે ના પાડી હતી..!

હાલમાં અમેરિકામાં 'રામાયણ' ફિલ્મને લગતી એક ઈવેન્ટ આયોજિત થઈ ગઈ. એમાં ફિલ્મનાં પ્રોડ્યુસર્સ, ડાયરેક્ટર અને 'રામ'નો રોલ ભજવનાર રણબીર કપૂર હાજર રહ્યા. કાર્યક્રમની શરૂઆત 'જય શ્રી રામ'નાં જયઘોષ સાથે થઈ હતી. હવે આ પ્રકારની ઈવેન્ટ હોય એટલે કલાકારો અને ઓડિયન્સ સાથે તેમ જ ફિલ્મની ટીમ પણ એકબીજાં સાથે વાતચીત કરે.આવી વાતચીતમાં અજાણતાં કે જાણીજોઈને અમુક એવી વાતો કરવામાં આવે છે જે ફિલ્મને લગતી હોય પણ ખરી અને જેને લીધે ફિલ્મનું માર્કેટિંગ પણ થઈ જાય. તો આવી જ એક વાત રણબીરે આ ફંક્શનમાં કરી હતી. રણબીરનું માનીએ તો લગભગ ચાર વર્ષ અગાઉ તેને 'રામાયણ'નાં રામનાં રોલની ઓફર કરવામાં આવી ત્યારે રણબીરે તુરંત જ ના પાડી દીધી. રણબીરને એ સમયે એવું લાગ્યું હતું કે તે આ રોલ માટે યોગ્ય નથી. વાત પણ સાચી કે પ્રભુ શ્રી રામનાં વ્યક્તિત્વને મેચ કરવું કોઈની માટે સરળ નથી. ઉપરાંત રણબીર પર રામાનંદ સાગરની 'રામાયણ' સિરિયલની પણ ઊંડી અસર હતી એટલે એ પણ ના પાડવા પાછળ એક મહત્ત્વનું કારણ હતું. આમ છતાં, પુત્રી રાહાનો જન્મ થયો પછી રણબીરનાં કહેવા અનુસાર ત્યારથી એ દુનિયાને સાવ અલગ નજરથી જોવા લાગ્યો, એટલે તેને પછી થયું કે તે હવે રામનાં રોલ માટે યોગ્યતા ધરાવે છે અને તેણે આ ફિલ્મ સ્વીકારી લીધી. નીતીશ તિવારીની 'રામાયણ' આ દિવાળીએ રિલીઝ થવાની છે. હોંગકોંગનાં એક મલ્ટિપ્લેક્સે 'ધુરંધર'નાં બંને ભાગોને જોડીને એક મેરેથોન શો રાખ્યો છે. આ માટે અહીંના સેન્સર બોર્ડે અલગથી સર્ટીફિકેટ પણ આપ્યું છે...



# મુંબઈ પર જયસ્વાલ-સૂર્યવંશીનો પ્રહાર, રાજસ્થાન રોયલ્સનો ભવ્ય વિજય

## વરસાદ બાદ ૧૧-૧૧ ઓવરની મેચમાં વૈભવ સૂર્ય વંશીના ૧૪ બોલમાં ૩૯, રોયલ્સની ધમાકેદાર બેટિંગ, આપીએલમાં યશસ્વીના ૧૦૦ છગ્ગા પુરા

ભારતીય ક્રિકેટ અને રાજસ્થાન રોયલ્સના બે ઉભરતા સિતારા અને ડાબોડી બેટર યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીએ મંગળવારે પોતાની પ્રતિષ્ઠા મુજબ અત્યંત આક્રમક બેટિંગ કરીને મુંબઈ ઈન્ડિયન્સના બોલર્સને હતપ્રભ કરી દીધા હતા. મુંબઈ ઈન્ડિયન્સ સામે અહીં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સનો ૨૭ રનથી ભવ્ય વિજય થયો હતો. વરસાદને કારણે આ મેચ ૧૧-૧૧ ઓવરની કરી દેવાઈ હતી.

લગભગ અઢી કલાક રાહ જોયા બાદ આખરે ૧૦.૦૦ વાગ્યા બાદ મેચ શરૂ થઈ હતી જેમાં મુંબઈએ ટોસ જીતીને બેટિંગ આપ્યા બાદ રોયલ્સે ધમાકેદાર પ્રારંભ કર્યો હતો. યશસ્વી જયસ્વાલ અને સૂર્યવંશીએ પુરવાર કરી દીધું હતું કે તેઓ જ ટી૨૦ ક્રિકેટનું ભાવિ છે કેમ કે હરીફ ટીમમાં રોહિત, હાર્દિક. સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ અને રિકેલ્ટન જેવા ધુરંધર હતા. રાજસ્થાન રોયલ્સે તેની ૧૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૦ રનનો સ્કોર ખડકી દીધો હતો. જેના જવાબમાં મુંબઈનો પ્રારંભથી જ ધબડકો થયો હતો અને અંતે ૧૧ ઓવરમાં નવ વિકેટે ૧૨૩ રન કરી શક્યું હતું.

જયસ્વાલે પહેલી જ ઓવરમાં દીપક ચાહર સામે ૨૨ રન ઝૂડી નાખ્યા હતા તો સૂર્યવંશીએ બુમરાહ જેવા બોલરની બોલિંગમા સિક્સર ફટકારી હતી. જયસ્વાલ ૩૨ બોલમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૭૭ રન ફટકારીને અણનમ રહ્યો હતો તો સૂર્યવંશીએ ૨૭૮ના સ્ટ્રાઈક રેટથી ૧૪ બોલમાં પાંચ સિક્સર સાથે ૩૯ રન ફટકાર્યા હતા. બંનેએ મળીને નવ સિક્સર ફટકારી હતી.

# નેશનલ અંડર-૧૭ ચેસમાં નંદીશ અને પ્રતિતી ચેમ્પિયન

## ઓલ ઈન્ડિયા ચેસ એસો.ના સેક્રેટરી દેવ પટેલ તથા મહાનુભાવોના હસ્તે પુરસ્કારો એનાયત કરાયા




ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશન અને ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના નેજા હેઠળ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સમર્થનથી રાજપથ ક્લબ ખાતે યોજાયેલી ૩૫મી નેશનલ અંડર-૧૭ ઓપન અને ગર્લ્સ ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ઓપન વિભાગમાં તામિલનાડુનો તામિલનાડુના નંદીશ વી.એસ. અને ગર્લ્સમાં કર્ણાટકની પ્રતિતી બોરદોલોઈએ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. ૧૧મા અને અંતિમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ તામિલનાડુના એફએમ નંદીશ વીએસે ઓપન કેટેગરીમાં ૯.૫ પોઈન્ટ સાથે ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. ૧૧મા અને અંતિમ રાઉન્ડમાં નંદીશે મધ્યપ્રદેશના માધવેન્દ્ર પ્રતાપ શર્માને હરાવીને બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગોવાના આઈએમ વાઝ એથન દ્વારા પણ શાનદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેણે નવ પોઈન્ટ સાથે બોર્ડમાં બીજું સ્થાન મેળવ્યું હતું તો માધવેન્દ્ર પ્રતાપ શર્મા ૮.૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. ગર્લ્સ વિભાગમાં કર્ણાટકની WFM પ્રતિતી બોરદોલોઈએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવ્યું અને અંતિમ રાઉન્ડમાં તેણે આંધ્ર પ્રદેશની ઉહ્લસ સરન્યા દેવી નરહરીને હરાવી અને નવ પોઈન્ટ સાથે બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આંધ્ર પ્રદેશની WFM સરન્યા દેવી નરહરી અને મહારાષ્ટ્રની અનુષ્કા બાપુ કુટવાલે અનુક્રમે ૮.૫ પોઈન્ટ અને આઠ પોઈન્ટ સાથે બોર્ડમાં બીજો અને ત્રીજો ક્રમ મેળવ્યો હતો.

ગુજરાતના સ્થાનિક ખેલાડી એફએમ વિવાન વિશાલ શાહે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સારું પ્રદર્શન કર્યું અને ટોપ-૨૦માં સ્થાન મેળવવામાં સફળ રહ્યો હતો. તેણે ૭.૫ પોઈન્ટ મેળવ્યા અને બોર્ડમાં ૧૯મું સ્થાન હાંસલ કર્યું હતું. ટુર્નામેન્ટને અંતે ઈનામ વિતરણ પ્રસંગે દેવ પટેલ (સેક્રેટરી, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને પ્રમુખ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશન), કૃષ્ણા ગઢિયા (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશન), ભાવેશ પટેલ (GSCA), મિશાલ પટેલ (સેક્રેટરી, રાજપથ ક્લબ), મુકેશ ઘિયા (રાજપથ ક્લબ) અને ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના અન્ય મહાનુભાવો ખીજર મેહરાજ વારજરી, ચેરમેન, કમિટી ફોર ચેસ ડેવલપમેન્ટ ઈન નોર્થ ઈસ્ટ અને આંદામાન અને નિકોબાર, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, અતુલ કુમાર ગુપ્તા, ચેરમેન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, રાજેશ રવિન્દ્રનાથ, ચેરમેન, આર્બિટર્સ કમિશન, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, મનીષ કુમાર, સંયુક્ત સચિવ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, અનિલ કુમાર રાયઝાદા, ઉપપ્રમુખ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, પ્રશાંત કુંડુ, સંયુક્ત. સેક્રેટરી, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, એ. કે. વર્મા, ઓપરેશનલ હેડ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, કે. એસ. પ્રસાદ, ચેરમેન, ચેસ ઈન સ્કૂલ્સ કમિશન, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, જીએમ દિવ્યેન્દુ બરુઆ, વાઈસ પ્રેસિડેન્ટ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન, એચ. લલ્થલામુઆના, સંયુક્ત સચિવ, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન ખાસ હાજર રહ્યા હતા અને તમામ વિજેતાઓનું સન્માન કર્યું.

# સંઘર્ષ કરી રહેલી ગુજરાતની ટીમ આજે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે

## એક તરફ દિલ્હી એકેય મેચ હાર્યું નથી તો ગુજરાતને વિજયનું ખાતું ખોલાવવાનું છે, સાંજે ૭.૩૦થી પ્રારંભ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનની બુધવારે રમાનારી મેચમાં યજમાન દિલ્હી કેપિટલ્સ તેના હોમગ્રાઉન્ડ અરૂણ જેટલી સ્ટેડિયમ (કોટલા) ખાતે ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે. ગુજરાતની ટીમ હાલમાં સંઘર્ષ કરી રહી છે અને હજી સુધી આ સિઝનમાં એકેય મેચ જીતી નથી તો બીજી તરફ અક્ષર પટેલની આગેવાનીમાં દિલ્હી કેપિટલ્સ એકેય મેચ હારી નથી. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

આમ દિલ્હી કેપિટલ્સ ફોર્મ ગુમાવી બેઠેલી ગુજરાત ટાઈટન્સ સામે પોતાની જીતની લય જાળવી રાખવા માટે મેદાનમાં ઉતરશે. આ મેચમાં દિલ્હીની ટીમ તેના કેપ્ટન અક્ષર પટેલની આગેવાની હેઠળના ટોપ-ઓર્ડર પાસેથી મજબૂત બેટિંગની અપેક્ષા રાખશે.

આ ઉપરાંત સમીર રિઝવી શાનદાર ફોર્મ ધરાવે છે અને બુધવારે શુભમન ગિલની ટીમના બોલર્સે રિઝવીથી સંભાળવું પડશે. દિલ્હી કેપિટલ્સ માટે પાછલી બે મેચો બોલિંગની દ્રષ્ટિએ શાનદાર રહી છે. બેટિંગમાં ૨૨ વર્ષીય સમીર રિઝવીએ નાની ઉંમરે પરિપક્વતા દાખવીને ટીમનો મોટાભાગનો બોજ ઉપાડ્યો છે. જો રાહુલ અને અન્ય ખેલાડીઓ ફોર્મમાં આવી જાય તો દિલ્હીની ટીમ વધુ શક્તિશાળી બની જશે. અગાઉની બંને મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ બંને સામે દિલ્હીએ બીજી બેટિંગ કરીને છ વિકેટના સમાન અંતરથી મેચો જીતી હતી. હવે કે એલ રાહુલ શરૂઆતની બે ઈનિંગ્સમાં જે રીતે આઉટ થયો તે જોતા કહી શકાય કે તે ટૂંક સમયમાં જ પોતાની લય પાછી મેળવી લેશે. ત્રીજા ક્રમે બેટિંગમાં નિતિશ રાણા પર થોડું દબાણ જોવા મળી શકે છે. બીજી તરફ પાથુમ નિસાન્કાએ છેલ્લી મેચમાં આક્રમક બેટિંગ કરી હતી, જે તેને પાવરપ્લેમાં કેગિસો રબાડા અને મોહમ્મદ સિરાઝનો સામનો કરવા માટે આત્મવિશ્વાસ આપશે.





સમીર રિઝવી હાલમાં શાનદાર ફોર્મમાં છે અને સતત બે અડધી સદી ફટકારી ચૂક્યો છે. તે સ્પિનરો સામે મોટા શોટ્સ મારવાની ક્ષમતા ધરાવે છે અને હવે તે ઝડપી બોલરો સામે પણ ગિયર બદલીને આક્રમક રમી શકે છે. ગુજરાત પાસે સ્પિન બોલિંગમાં ખાસ વિકલ્પ જણાતા નથી કેમ કે થોડા દિવસ અગાઉ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે માત્ર રાશીદ ખાન જ અસરકારક પુરવાર થયો હતો પરંતુ તે સિવાયના સ્પિનર ખાસ પ્રભાવ દાખવી શક્યા ન હતા જેને પરિણામે રાજસ્થાન રોયલ્સની ટીમ ૨૧૦ રનનો સ્કોર રજૂ કરવામાં સફળ રહી હતી. જોકે ગુજરાતે બેટિંગમાં લડત આપી હતી અને મેચને અંતે બંને ટીમ વચ્ચે માત્ર છ રનનો ફરક રહી ગયો હતો.

આમ છતાં શુભમન ગિલની ટીમ અપેક્ષા મુજબનો પ્રદર્શન કરી રહી નથી અને તેથી જ તેઓ હાલમાં દસ ટીમમાં નવમા ક્રમે છે અને ચેન્નાઈ સુપર કિંગ્સની માફક એકેય પોઈન્ટ ધરાવતા નથી. દિલ્હી કેપિટલ્સની બોલિંગમાં મુકેશ કુમારે પ્રભાવિત કર્યા છે જ્યારે કેપ્ટન અક્ષર પટેલ પાવરપ્લે અને મિડલ ઓવર્સમાં હંમેશાની માફક અસરકારક સાબિત થયો છે. લુંગી એંગિડી, ટી. નટરાજન અને કુલદીપ યાદવની હાજરીથી દિલ્હીનું બોલિંગ આક્રમણ મજબૂત જણાય છે. ગુજરાત ટાઈટન્સની ટીમ અત્યારે બંને મોરચે સંઘર્ષ કરી રહી છે. ટીમ માત્ર ઉપરના ક્રમના બેટ્સમેનો પર નિર્ભર દેખાઈ રહી છે. રાજસ્થાન રોયલ્સ સામે ૨૧૧ રનના ટારગેટનો પીછો કરતા સાઈ સુદર્શને સારી શરૂઆત અપાવી હતી પરંતુ મધ્યક્રમ તેનો લાભ ઉઠાવી શક્યો ન હતો. ગ્લેન ફિલિપ્સ, વોશિંગ્ટન સુંદર અને રાહુલ તેવટિયાના બનેલા મધ્યક્રમે દબાણની સ્થિતિમાં સારું પ્રદર્શન કરવાની જરૂર છે.

# T-૨૦ વર્લ્ડકપ વિવાદ પછી BCB પ્રમુખને હટાવ્યા:તમીમ ઇકબાલને એડ-હોક કમિટીના વડા બનાવ્યા; ૯૦ દિવસની અંદર ચૂંટણી



ટી-૨૦ વર્લ્ડ કપ વિવાદ બાદ બાંગ્લાદેશની નેશનલ સ્પોર્ટ્સ કાઉન્સિલ (NSC) એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ના અધ્યક્ષ અમિનુલ ઈસ્લામ બુલબુલને હટાવી દીધા છે. એટલું જ નહીં, બોર્ડના અન્ય ૬ ડિરેક્ટરોએ પણ રાજીનામું આપી દીધું છે.

બોર્ડના કામકાજ સંભાળવા માટે એક એડ-હોક કમિટી બનાવવામાં આવી છે, જેની કમાન પૂર્વ કેપ્ટન તમીમ ઇકબાલને સોંપવામાં આવી છે. આ કમિટી ૯૦ દિવસની અંદર ક્રિકેટ બોર્ડની ચૂંટણી કરાવશે. NSC એ મંગળવારે BCB બોર્ડને ભંગ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ નવી એડ-હોક કમિટીની રચના કરવામાં આવી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બોર્ડના રોજિંદા કામકાજ સંભાળવા અને નિર્ધારિત સમયમર્યાદામાં ચૂંટણી કરાવવાનો છે.

બાંગ્લાદેશે ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને IPL માંથી હટાવવાના વિરોધમાં ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ ICC એ બાંગ્લાદેશની જગ્યાએ સ્કોટલેન્ડને તક આપી હતી. બાંગ્લાદેશના રમતગમત મંત્રાલયે તેની તપાસ કરાવી હતી.

તમીમ ઈકબાલને કમિટીના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ કમિટીમાં ૧૧ સભ્યો સામેલ છે. આમાં અથર અલી ખાન, રાશના ઈમામ, મિર્ઝા યાસિર અબ્બાસ, સૈયદ ઈબ્રાહિમ અહેમદ, મિન્હાજુલ આબેદીન નન્નુ, ઈશરાફિલ ખુસરુ, તંજીમ ચૌધરી, સલમાન ઈસ્પહાની, રફીકુલ ઈસ્લામ અને ફહીમ સિંહા સામેલ છે.

૨૦ વર્લ્ડ કપ દરમિયાન થયેલા વિવાદ અને બોર્ડની અંદર વધતા અસંતોષને કારણે બુલબુલને હટાવવામાં આવ્યો. આ દરમિયાન છ ડિરેક્ટરોએ પણ રાજીનામું આપી દીધું હતું, જેનાથી બોર્ડ પર દબાણ વધી ગયું. NSC ના ડિરેક્ટર અમીનુલ એહસાને જણાવ્યું કે BCB બોર્ડને ભંગ કરવા અને એડ-હોક કમિટી બનાવવાની જાણકારી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ને આપી દેવામાં આવી છે.

ICC ના નિયમો સરકારી હસ્તક્ષેપની મંજૂરી આપતા નથી, પરંતુ ૯૦ દિવસમાં ચૂંટણી કરાવવાની સમય મર્યાદા નક્કી હોવાને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પર કોઈ પ્રતિબંધની સંભાવના ઓછી માનવામાં આવી રહી છે.

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નર ડ્રિંક એન્ડ ડ્રાઇવ કેસમાં ફસાયો

## આવતા મહિને કોર્ટમાં હાજરી આપવી પડશે; પીએસએલ માટે પાકિસ્તાન પરત ફરશે

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર ડેવિડ વોર્નર પર ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ નોંધાયો છે. સિડનીમાં પોલીસે તેમને બ્રીથ ટેસ્ટ દરમિયાન પકડ્યા અને ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ. હવે તેને આવતા મહિને કોર્ટમાં હાજર થવું પડશે.આ ઘટના સિડનીના મારુબ્રા વિસ્તારની છે, જ્યાં પોલીસ રેન્ડમ બ્રીથ ટેસ્ટ કરી રહી હતી. વોર્નર પોતાની કાર લઈને ટેસ્ટિંગ પોઈન્ટથી પહેલા જ રોકાઈ ગયા, પરંતુ પોલીસે તેમની પાસે જઈને તપાસ કરી. ટેસ્ટમાં તેઓ નશાની હાલતમાં મળી આવ્યા.પોલીસ વોર્નરને મારુબ્રા પોલીસ સ્ટેશન લઈ ગઈ, જ્યાં તેનું આલ્કોહોલ લેવલ ૦.૧૦૪ નોંધાયું. ત્યારબાદ તેના પર ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ દાખલ કરવામાં આવ્યો.વોર્નર હાલમાં પાકિસ્તાન સુપર લીગ (PSL)માં કરાચી કિંગ્સની કેપ્ટનશીપ કરી રહ્યો છે. મેચો વચ્ચે મળેલા બ્રેકમાં તેઓ ઓસ્ટ્રેલિયા ગયો હતો. હવે તે ૯ એપ્રિલે પેશાવર ઝાલ્મી સામેની મેચ પહેલા પાકિસ્તાન પરત ફરવાની તૈયારીમાં છે. આ મેચ કરાચીમાં રમાશે.વોર્નરે ૨૦૨૪ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમણે ઓસ્ટ્રેલિયા માટે ૧૧૨ ટેસ્ટ, ૧૬૧ વનડે અને ૧૧૦ ટી-૨૦ મેચ રમી હતી. ત્રણેય ફોર્મેટમાં કુલ મળીને ૧૫ હજારથી વધુ રન બનાવ્યા હતા.સંન્યાસ પછી પણ વોર્નર ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમી રહ્યો છે. ગત સિઝનમાં બિગ બેશ લીગમાં સિડની થંડર માટે તેણે આઠ મેચમાં ૪૩૩ રન બનાવ્યા હતા અને ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. તેણે આગામી સિઝન માટે પણ ટીમ સાથે કરાર કર્યો છે.



# વૈભવ સૂર્યવંશીની બેટિંગ પર ફિદા હાર્દિક પંડ્યા : તે 'ડર' શબ્દ જ નથી જાણતો



મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ રાજસ્થાન રોયલ્સના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની પ્રશંસા કરી. વૈભવે માત્ર ૧૫ વર્ષની ઉંમરે જે આત્મવિશ્વાસ અને નિર્ભયતાથી બેટિંગ કરી, બધાને પ્રભાવિત કર્યા.

મેચ પછી હાર્દિકે કહ્યું, "૧૬-૧૭ વર્ષનો છોકરો જે રીતે રમી રહ્યો છે તે જોવું ખરેખર રસપ્રદ છે. મેચ પહેલા અમે તેના વિશે ઘણી વાતો કરી રહ્યા હતા. તે જે રીતે બેટિંગ કરે છે, તેની નિર્ભયતા અને શોટ રમવાની તેની ક્ષમતા અદ્ભુત છે. હું તેને તેના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવું છું.'' મેચ પછી હાર્દિકે વૈભવની પીઠ પણ થપથપાવી.

આ મેચમાં સૌથી ખાસ ક્ષણ ત્યારે આવી જ્યારે વૈભવ સૂર્યવંશીએ વિશ્વના શ્રેષ્ઠ ફાસ્ટ બોલરોમાંના એક જસપ્રીત બુમરાહનો સામનો કર્યો. યુવા બેટ્સમેન, કોઈ પણ ડર વિના, બુમરાહની એક જ ઓવરમાં બે છગ્ગા ફટકાર્યા.

વૈભવે મુંબઈ સામે ૧૪ બોલમાં એક ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૩૯ રનની ઈનિંગ રમી. તેણે સાબિત કર્યું કે તે મોટા તબક્કા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેની ઈનિંગે શરૂઆતની ઓવરોમાં જ મેચનો માર્ગ નક્કી કરી દીધો.

# T20 વર્લ્ડ કપના ધુરંધરો હજુ આઉટ ઓફ ફોર્મ

ભારતના વર્લ્ડ T20 વિજયના હીરો IPLમાં શાનદાર પદાર્પણ કરે તેવી અપેક્ષા હતી, પરંતુ મોટાભાગના ધુરંધર ખેલાડીઓ હાલમાં તેમની પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ કરી રહ્યા છે.

**સંજુ સેમસન**

ચેન્નાઈ સુપર કિંગ્સનો નવો ખેલાડી સંજુ, જે વર્લ્ડ કપમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' રહ્યો હતો, તે ત્રણ મેચમાં ફક્ત ૨૨ રન જ બનાવી શક્યો છે.

**ઈશાન કિશન**

સનરાઈઝર્સના કેપ્ટને પહેલી મેચમાં ૮૦ રન બનાવ્યા હતા પરંતુ અન્ય બે મેચમાં ફક્ત ૧૫ રન જ ઉમેર્યા. તેમણે વર્લ્ડ કપમાં ૧૯૩ ના સ્ટ્રાઈક રેટથી ૩૧૭ રન બનાવ્યા હતા.

**શિવમ દુબે**

ચેન્નાઈ માટે તેણે ત્રણ મેચમાં ફક્ત ૬૯ રન જ બનાવ્યા છે. તેણે ખાસ કોઈ પ્રભાવ પાડ્યો નથી. તેણે નવ વર્લ્ડ કપ મેચમાં ૨૩૫ મહત્વપૂર્ણ રન બનાવ્યા હતા.

**સૂર્યકુમાર યાદવ**

તેણે દિલ્હી સામે મુંબઈ માટે અડધી સદી ફટકારી હતી, પરંતુ તે હજુ પણ તેના "મિસ્ટર ૩૬૦'' ફોર્મથી ઘણો દૂર છે. અત્યાર સુધી, તેણે ત્રણ મેચમાં ફક્ત ૭૩ રન બનાવ્યા છે. તેણે વર્લ્ડ કપમાં ૨૪૨ રન બનાવ્યા હતા.

**જસપ્રીત બુમરાહ**



તેણે વર્લ્ડ કપમાં સૌથી વધુ ૧૪ વિકેટ લીધી હતી અને ફાઈનલમાં તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. તે આઈપીએલમાં હજુ સુધી કંઈ ખાસ કરી શક્યા નથી, જોકે તે આર્થિક રીતે સફળ રહ્યો છે.

**અક્ષર પટેલ**

તેણે T20 વર્લ્ડ કપમાં ૧૧ વિકેટ લીધી હતી. તેણે IPL૧૯ માં દિલ્હીના કેપ્ટન તરીકે બે વિકેટ લઈને પ્રભાવ પાડ્યો. પરંતુ તેનું બેટ શાંત છે.

**હાર્દિક પંડ્યા**

મુંબઈના કેપ્ટને એક વિકેટ લીધી અને માત્ર ૧૮ રન બનાવ્યા. તે દિલ્હી સામે રમ્યો ન હતો. તેણે વર્લ્ડ કપ નવ મેચોમાં ૨૧૭ રન બનાવ્યા અને નવ વિકેટ લીધી.ફોર્મ માં ક્યારે વાપસી કરશે?

**અભિષેક**

T20 વર્લ્ડ કપ ફાઈનલમાં અડધી સદી ફટકારી હતી. આઈપીએલમાં તેણે હૈદરાબાદ માટે ૩ મેચમાં ૧૮ ની સરેરાશથી ફક્ત ૫૫ રન બનાવ્યા છે. આમાં એક મેચમાં ૪૮ રનનો સમાવેશ થાય છે

**વરૂણ ચક્રવર્તી**

T20 ઈતિહાસમાં બીજા ક્રમના સૌથી વધુ વિકેટ લેનાર બોલર વરૂણે વર્લ્ડ કપમાં ૧૪ વિકેટ લીધી હતી. જોકે, આ વખતે, KKR વતી રમતી વખતે, તે બે મેચમાં વિકેટવિહીન રહ્યો અને ઘણા રન આપ્યા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્સ માટે ભવ્ય સાંસ્કૃતિક મહાયજ્ઞનું આયોજન

## ૨૪ કલાકમાં ૧,૦૦૦થી વધુ કલાકારોની પ્રસ્તુતિનો મહત્વાકાંક્ષી પ્રયાસ

સુરત, તા.૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત શહેરને વૈશ્વિક પટલ પર આગવી ઓળખ અપાવવાના હેતુસર એક અનોખું અને ભવ્ય સાંસ્કૃતિક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મે મહિનાના અંતિમ અઠવાડિયામાં ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવા માટે ૨૪ કલાક દરમિયાન ૧,૦૦૦થી પણ વધુ કલાકારો દ્વારા વિવિધ કળાઓની પ્રસ્તુતિ કરવાનો મહત્વાકાંક્ષી પ્રયાસ કરવામાં આવશે.

આ આયોજનને સફળ બનાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂર્વ તૈયારીના ભાગરૂપે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે 'સમૃદ્ધિ', નાનપુરા, સુરત ખાતે યોજાશે. બેઠક દરમિયાન કાર્યક્રમની રૂપરેખા, આયોજન, કલાકારોની ભાગીદારી, સમયપત્રક તેમજ અન્ય જરૂરી બાબતો અંગે વિસ્તૃત ચર્ચા—વિચારણા કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ ભવ્ય સાંસ્કૃતિક મહાયજ્ઞનો મુખ્ય હેતુ સુરત શહેરની સાંસ્કૃતિક વૈવિધ્યતા અને કલાકારોની પ્રતિભાને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવાનો છે. નાટક, સંગીત, નૃત્ય, સાહિત્ય સહિત વિવિધ કલા ક્ષેત્રોને એક મંચ પર લાવીને શહેરના કલાકારોને વૈશ્વિક ઓળખ આપવાનો ચેમ્બર ઓફ કોમર્સનો આ એક અનોખો પ્રયાસ છે.

આથી સુરતના નાટક, સંગીત, નૃત્ય, સાહિત્ય તેમજ અન્ય તમામ કલા ક્ષેત્ર સાથે સંકળાયેલા કલાકારો, સંસ્થાઓ અને રસિકોને આ અગત્યની બેઠકમાં ઉપસ્થિત રહી પોતાના સૂચનો અને ભાગીદારી દ્વારા આ ઐતિહાસિક આયોજનને સફળ બનાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વધુમાં વધુ કલાકારોને ઉપસ્થિત રહી આ મહાયજ્ઞનો હિસ્સો બનવા અપીલ કરવામાં આવી છે.



# ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વિષયે માર્ગદર્શન આપતા શ્રેયસ ગાંધી

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા MSMEs માટે માર્ગદર્શક સેશન યોજાયું

સુરત, તા.૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે MSMEs (માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસ)ને ડિજિટલ યુગમાં સક્ષમ બનાવવા માટે 'Digital Transfromation fro MSMEs - Building Your Virtual Business with Websaye' વિષય પર સેશન યોજાયું હતું. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં MSMEs માટે ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં વ્યવસાયને વધુ વ્યાપક બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો છે. વીર ઈન્ફોટેકના ડિરેક્ટર શ્રી શ્રેયસ ગાંધીએ કાર્યક્રમ અંગેની માહિતી આપી હતી. તેમણે કાર્યક્રમના ઉદ્દેશો અને MSMEs માટે ડિજિટલ ટેકનોલોજીના લાભો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વીર ઈન્ફોટેક દ્વારા 'Building Your Virtual Business with Websaye' વિષે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન દરમિયાન ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઓનલાઈન બિઝનેસની સ્થાપના, વેબસાઈટ અને ડિજિટલ માર્કેટિંગના મહત્વ અંગે ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ Websaye પ્લેટફોર્મ દ્વારા કેવી રીતે વ્યવસાયને વર્ચ્યુઅલ રીતે વિકસાવી શકાય તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ સેશનમાં MSMEsને ડિજિટલ યુગમાં આગળ વધવા માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

# અંકલેશ્વર નગરપાલિકામાં સર પ્રક્રિયામાં ૭૮૦૯ મતદારોનો ઘટાડો

## કુલ નવ પૈકીના એક નંબરના વોર્ડમાં મતદારોની સંખ્યા વધી

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર નગરપાલિકામાં વર્ષ ૨૦૨૧માં નોંધાયેલ મતદારોમાં ૨૦૨૬માં પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીમાં કુલ ૭૮૦૯ મતદારોનો ઘટાડો નોંધાયો છે.નગરપાલિકા ના કુલ નવ વોર્ડ પૈકી વોર્ડ નંબર ૧માં ૨૦૨૬માં મતદારોમાં વધારો નોંધાયો છે.જયારે અન્ય વોર્ડ માં ઘટાડો નોંધાયો છે.

અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણી જાહેર થઇ છે,ત્યારે નગરપાલિકાના કુલ નવ વોર્ડ છે.ગત વર્ષ ૨૦૨૧માં ૫૫.૪૩૩ મતદારો નોંધાયા હતા.જયારે ચાલુ વર્ષ ૨૦૨૬માં પ્રસિદ્ધ થયેલ નવી મતદાર યાદીમાં ઘટાડો નોંધાયો છે.ગત વર્ષ ૨૦૨૧ની મતદાર યાદીમાં કુલ ૫૫.૪૩૩ મતદારો હતા.જયારે વર્ષ ૨૦૨૬ની વોર્ડ મુજબ પ્રસિદ્ધ થયેલ નવી મતદાર યાદીમાં કુલ ૪૭,૬૨૪ મતદારો નોંધાતા કુલ ૭૮૦૯ મતદારોનો ઘટાડો નોંધાયો છે.નગર પાલિકાના કુલ નવ વોર્ડ પૈકી વોર્ડ નંબર ૧માં નવી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી મુજબ મતદારોમાં વધારો નોંધાયો છે.જયારે અન્ય વોર્ડમાં ઘટાડો નોંધાયો છે.

# કે આર જે હેલ્થ સેન્ટરની વર્ષ ગાંઠની ભવ્ય ઉજવણી

સુરત, તા.૮

મોઢ વણીક સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત કે આર જે ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટરની પ્રથમ વર્ષ પૂર્ણ કર્યા નિમિત્તે સેલિબ્રેશન વિક ની ઉજવણી તા. ૫ એપ્રિલ થી તા. ૧૨ એપ્રિલ દરમિયાન કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે તમામ ઓપીડી ની કન્સલ્ટિંગ સંપૂર્ણપણે વિના મૂલ્યે કરેલ છે તમામ ડાયગ્નોસ્ટિક સેવાઓ પર ૧૦% સુધી વિશેષ રાહત આપવામાં આવશે. આ કેન્દ્રમાં પહેલેથી જ ખૂબ જ રાહત દરે ઉપલબ્ધ સેવાઓ પર આ વધારાની રાહત આપવામાં આવી રહી છે. જેથી શહેરની જનતાને ગુણવત્તા સભર આરોગ્ય સેવાઓ નો લાભ લઈ શકે આ અવસરનો જરૂરિયાત મંદો એ લાભ લેવા ટ્રસ્ટના પ્રમુખ મનહરભાઈ લાપસીવાળાએ જણાવ્યું છે. વધુ માટે પ્રાથમિક પૂછ પરછ મો. ન. ૭૦૮૮૧૦૮૦૧૦/૨૦ નો સંપર્ક કરવો.

# કોસંબાના હુમલા અને એટ્રોસિટીના કેસમાં બે આરોપીનો નિર્દોષ છુટકારો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

કોસંબા ખાતે નોંધાયેલા હુમલા અને જાતિવિષયક ગુનામાં ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ જતા બે આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા હતા. કોસંબાના સંજય ચૌહાણ અને ઓલપાડના નિલેશ રાવલ પર આક્ષેપ હતો કે, જૂની અદાવતમાં તેઓએ રિક્ષામાં આવી વસાવા બંધુને જાતિવિષયક ગાળો આપી લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કર્યો હતો. આ અંગે પોલીસમાં મારામારી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી અને મુખ્ય સાહેદોએ કોર્ટમાં પોતાની જુબાની બદલી નાખી હતી (હોસ્ટાઈલ થયા હતા). કોર્ટે નોંધ્યું કે સાહેદોએ ફરિયાદને સમર્થન આપ્યું નથી. હથિયારોની રિકવરી અને મેડિકલ પુરાવા આરોપીઓ સામે ગુનો સાબિત કરવા માટે અપૂરતા છે. પુરાવાના અભાવે કોર્ટે બંને આરોપીઓને તમામ આરોપોમાંથી મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. બચાવ પક્ષે વકીલ રમીઝ ફરીદ મસ્તાન અને વી એમ કુંભારેએ કરેલી દલીલો મહત્વની રહી હતી.



# સુરતના ૬૪ વર્ષિય શોભાબેન શાહની નવકાર મંત્ર લખવાની અનેરી સિદ્ધિ

સુરત, તા.૮

૯ એપ્રિલ વિશ્વ નવકાર મહામંત્ર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નવકાર મંત્ર એ જૈન પરંપરાનો આદિ મંત્ર છે. સુરતના ૬૪ વર્ષના શોભાબેન શાહે નવકાર મંત્રને અલગ અલગ સ્વરૂપે લખ્યા છે. તેઓનું માનવું છે કે કોઈપણ પરિસ્થિતિમાં વ્યક્તિ નવકાર મંત્રનો સાક્ષાત્કાર કરે તો તેને ફાયદો થાય છે અને આ જ વિચારીને તેમણે ૧૦૦ કે ૨૦૦ નહીં પરંતુ ૭૫ હજાર કરતા પણ વધુ વખત નવકાર મંત્ર અલગ અલગ રીતે લખ્યા છે.

શોભાબેને એક વર્ષ સુધી બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી ૫૫ જેટલા પુસ્તકમાં નવકાર મહામંત્ર લખ્યા છે જેમાં ૫૫૦ વર્ષ પ્રાચીન હસ્તપ્રત, જૈન સમાજના શાસન ધ્વજ, અષ્ટ મંગલની પ્રતિકૃતિ, કમળ, પતંગિયા, હૃદય કમળ, તેમજ ભગવાનની પ્રતિકૃતિમાં નવકાર મંત્ર અલગ અલગ ભાષામાં લખ્યા છે. તેમણે જણાવ્યું હતું

કે, આ નવકાર મંત્ર લખવાથી હું અર્ધ ધ્યાનમાંથી હું ધર્મ ધ્યાનમાં આવી અને નેગેટિવિટી તરફથી પોઝિટિવિટી તરફ વળી. હવે મન એકદમ શાંત રહે છે. અમારા ગુરુ સાહેબે પુસ્તક આપ્યા હતા. જેમાંથી પ્રથમ પુસ્તક જ્યારે મેં લખ્યું ત્યારે મને સારી અનુભૂતિ થઈ. ત્યારબાદ મને વિચાર આવ્યો કે અલગ અલગ પ્રકારે નવકાર લખી શકાય અને બસ તે દિવસથી મેં લખવાની શરૂઆત કરી હતી. બ્રાહ્મ મુહૂર્તમાં સવારે ૩:૦૦થી ૭:૦૦ વાગ્યા સુધી હું લખવાનું કામ કરતી હતી. ખાસ કરીને મને વિચાર આવ્યો હતો કે આદેશ્વર ભગવાને બ્રાહ્મી લિપિ બતાવી છે તો તેમાં પણ નવકાર લખું. મને લિપિ આવડતી ન હતી, પરંતુ મોબાઈલ થકી શીખી અને ત્યારબાદ મેં બ્રાહ્મી લિપિ માં નવકાર લખવાનો પ્રયત્ન કર્યો અને તેમને નવકાર નું પુસ્તક લખતા એક મહિનાનો સમય લાગતો હોય છે.

# સાવરકુંડલામાં રોડ માટે ૩.૫૫ કરોડ મંજૂર કરાવતા ધારાસભ્ય કસવાલા

## સાવરકુંડલા તાલુકા ના રામગઢ, જાબાળ,નવાગામ જાંબુડાના ગામોને સુવિધામાં વધારો થશે

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલા વિધાનસભાના મત વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્વારા ગુજરાત સરકારમાં રજૂઆત કરી સાવરકુંડલા તાલુકાના રામગઢ - જાબાળ રોડના ૧.૨૫ કરોડ નું કામ,નવાગામ- જાંબુડા રોડ ૮૦ લાખ તેમજ પીયાવા-ખાલપર રોડ નું ૧.૫૦ કરોડ નું કામ કુલ ૩.૫૫ કરોડની રકમ ની સૈધાંતિક મંજુરી તારીખ ૨૪-૩-૨૦૨૬ ના રોજ આપવામાં આવી છે. જેથી સાવર કુંડલા તાલુકાના રામગઢ - જાબાળ, નવાગામ- જાંબુડા ના ગામ તેમજ પીયાવા-ખાલપર રોડ બનવાથી સાવરકુંડલા -લીલીયા - ગારીયાધાર તાલુકાના ગામો આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની સુવિધામાં મોટો વધારો થશે.આ ગામોના નાગરિકોને નવીન અને સુવિધાયુક્ત રસ્તાઓની ભેટ મળશે શ્રી કસવાલાએ જણાવ્યું હતું કે, આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારના લોકોને અવરજવરની સારી સુવિધા મળશે અને ખેડૂતોને પણ પોતાના પાકને બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, જે ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપશે. આ સાવરકુંડલા તાલુકાના ૫ ગામ ૩.૫૫ કરોડના કામો મંજુર કરવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ આ જનહિતના કામોને તાત્કાલિક મંજૂરી આપવા બદલ ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# અંકલેશ્વરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ટિકિટ મુદ્દે રાજકીય ભારે ગરમાટો

## મોવડી મંડળ માટે પણ ટિકિટની ફાળવણી કરવાની પ્રક્રિયા જટીલ બની

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર શહેર તથા તાલુકા વિસ્તારમાં આવનારી નગરપાલિકા, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અંતિમ ચરણમાં પહોંચી જતા રાજકીય પક્ષોમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ભાજપમાં ટિકિટ માટે દાવેદારોની લાંબી યાદી સામે આવતા પાર્ટીના મોવડીમંડળ માટે ઉમેદવાર પસંદગી મોટો પડકાર બની છે.

ટિકિટ મેળવવા માટે દાવેદારો દ્વારા ધારાસભ્યો, સંગઠનના આગેવાનો અને પક્ષના વરિષ્ઠ નેતાઓ મારફતે સિફારિશોનો દોર શરૂ થયો હોવાનું જાણવા મળે છે. દાવેદારો મોવડીમંડળ સુધી પોતાની રજૂઆત પહોંચાડવા સક્રિય બનતા રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.સેન્સ પ્રક્રિયા પૂર્ણ થતા હવે ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થવાની રાહ જોવામાં આવી રહી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આવતીકાલે તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે તેવી ભારોભાર શક્યતા છે. યાદી જાહેર થાય તે પહેલાં છેલ્લી ઘડીના દબાણો અને ચર્ચાઓનો દોર ચાલુ રહ્યો છે. દરમિયાન ભરૂચ જિલ્લામાં ધારાસભ્યો અને સંગઠનના પદાધિકારીઓ વચ્ચે ઉમેદવારોની પસંદગી મુદ્દે મતભેદ અને ખેંચતાણ સર્જાય હોવાની ચર્ચાઓ પણ રાજકીય ગલિયારામાં સાંભળવા મળી રહી છે.

જોકે અંતે સંગઠનનો નિર્ણય ઉપર રહ્યો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. માહિતી મુજબ ટિકિટ મેળવવા માટે અનેક સ્થાનિક દાવેદારો ગાંધીનગર સુધી સંપર્ક સાધી રહ્યા છે. ત્રણ ટર્મથી ચૂંટાતા આવેલા કેટલાક વર્તમાન નગરસેવકોના પત્તા કપાય ગયા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે, જ્યારે પક્ષ દ્વારા નવા ચહેરાઓને તક આપવાની દિશામાં પ્રયાસો હાથ ધરાયા હોવાનું રાજકીય સૂત્રો જણાવે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ઉમેદવારી જાહેર થતાની સાથે જ રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ બનશે તેવી રાજકીય નિરીક્ષકોમાં ચર્ચા ચાલી રહી છે.

### બે અઠવાડીયાના યુદ્ધ

પહેલા પાનાનું ચાલુ

કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી.જોકે, આગ કયા પ્રકારની સુવિધામાં લાગી હતી તે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી નથી. ગૃહ મંત્રાલયે એ પણ સ્પષ્ટ કર્યું કે આ ઘટનામાં કોઈના ઘાયલ થવાના સમાચાર નથી.નોંધનીય છે કે આના લગભગ એક કલાક પહેલા બહેરીનમાં એલાર્મ સાયરન વગાડવામાં આવ્યા હતા અને નાગરિકોને સુરક્ષિત સ્થળોએ જવાની સલાહ આપવામાં આવી હતી.

યુદ્ધવિરામને લઈને ટ્રમ્પે કહ્યું છે કે ચીને ઈરાનને વાતચીત માટે તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એક ટેલિફોનિક વાતચીતમાં તેમને પૂછવામાં આવ્યું કે શું ચીને ઈરાનને યુદ્ધવિરામ માટે પ્રેરિત કર્યું? આના પર ટ્રમ્પે કહ્યું, "હા, મેં સાંભળ્યું છે". જોકે, આ મુદ્દે ચીનના વિદેશ મંત્રાલય તરફથી હજુ સત્તાવાર પ્રતિક્રિયા આવવાની બાકી છે.

તે જ સમયે, વોશિંગ્ટન સ્થિત ચીની દૂતાવાસના પ્રવક્તા લિયુ પેંગયુએ જણાવ્યું હતું કે સંઘર્ષ શરૂ થયો ત્યારથી ચીન યુદ્ધવિરામ અને યુદ્ધ સમાપ્ત કરવા માટે કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ચીન શાંતિ તરફના દરેક પ્રયાસનું સ્વાગત કરે છે અને તમામ પક્ષોએ વાતચીત દ્વારા મતભેદોનો અંત લાવવો જોઈએ.

ચીને આશા વ્યક્ત કરી કે તમામ સંબંધિત પક્ષો આ તકનો લાભ ઉઠાવીને વહેલી તકે સંઘર્ષનો અંત લાવશે. નોંધનીય છે કે ચીન આ પહેલા ૨૦૨૩માં ઈરાન અને સાઉદી અરબ વચ્ચે સમજૂતી કરાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી ચૂક્યું છે

### શેરબજારમાં લાલચોળ

પહેલા પાનાનું ચાલુ

નિફ્ટીમાં ૨૫૧૦ પોઈન્ટ તથા મીડકેપ ઈન્ડેક્સમાં ૧૯૦૦ પોઈન્ટનો ઉછાળો હતો.

સોના-ચાંદીમાં પણ તોતીંગ તેજી હતી. વિશ્વ બજારમાં સોનુ ૮૯ ડોલર ઉંચકાઈને ૪૭૯૬ ડોલર થયું હતું. લોકલ માર્કેટમાં સોનુ વાયદો, ૩૧૩૦ના ઉછાળાથી ૧૫૩૪૨૦ હતું. ચાંદી વાયદામાં ૧૧૭૦૦ના ઉછાળાથી ૨૪૩૦૫૦ હતી.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૪૧ પૈસાના ઉછાળાથી ૯૨.૫૮ થયો હતો. બીજી તરફ ક્રૂડતેલમાં પ્રચંડ કડાકો હતો. ડબલ્યુટીઆઈ ક્રૂડ ૯૧.૦૫ ડોલર થઈને ૯૬.૧૪ ડોલર હતું. બ્રેન્ટ ક્રૂડ ૧૯ ટકા ગગડીને ૯૧.૮૮ ડોલર થયા બાદ ૯૪.૪૧ ડોલર સાંપડ્યું હતું.

### યુદ્ધ વિરામ પાછળ

પહેલા પાનાનું ચાલુ

આ જ પોસ્ટમાં તેમણે ઈરાનને હોર્મુઝને ફરીથી ખોલવા વિનંતી પણ કરી હતી.પરંતુ ટૂંક સમયમાં જ યુઝર્સનું ધ્યાન પાકિસ્તાની વડા પ્રધાનની પોસ્ટની એડિટ હિસ્ટ્રી પર ગયું, જેના પરથી જાણવા મળ્યું કે તેમની આ પોસ્ટ કોઈ બીજાએ તૈયાર કરી હતી. આ પોસ્ટમાં અમેરિકાની મહત્વની હસ્તીઓને ટેગ કરવામાં આવી હતી, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, મિડલ ઈસ્ટના વિશેષ અમેરિકી દૂત સ્ટીવ વિટકૉફ અને વિદેશ મંત્રી માર્કો રુબિયોનો સમાવેશ થતો હતો.

રસપ્રદ વાત એ છે કે, શાહબાઝ શરીફની પોસ્ટના અગાઉના વર્ઝનનો જે સ્ક્રીનશોટ શેર કરવામાં આવી રહ્યો છે, તેના પર લખેલું છે- 'ડ્રાફ્ટ- પાકિસ્તાનના પીએમનો એક્સ પર મેસેજ'. મેસેજની એડિટ હિસ્ટ્રી પછી એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે શું આ મેસેજ અગાઉથી લખીને મોકલવામાં આવ્યો હતો.

લોકોએ સવાલ ઉઠાવ્યો છે કે શું પાકિસ્તાનનો રાજદ્વારી સંદેશ બહારથી મોકલવામાં આવી રહ્યો છે. કેટલાક યુઝર્સે કહ્યું છે કે પોસ્ટ પહેલા 'Draft : Pakistan's PM message on X' જોઈને એવું લાગે છે કે પાકિસ્તાનના PMની ટીમ તરફથી નહીં, પરંતુ બહારથી આવેલો ડ્રાફ્ટેડ મેસેજ છે. કારણ કે કોઈ દેશના PMની ટીમ ડ્રાફ્ટ મેસેજમાં પોતાના દેશનું નામ નહીં લખે. તે સીધું 'ડ્રાફ્ટ: PM મેસેજ' લખી શકે છે.

ઘણા યુઝર્સ સવાલ ઉઠાવી રહ્યા છે કે શું આ મેસેજ ટ્રમ્પની ટીમ તરફથી મોકલવામાં આવ્યો હતો. ઠ પર એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે એવું લાગે છે કે શરીફ વ્હાઈટ હાઉસના નિર્દેશો હટાવવાનું ભૂલી ગયા હતા. એક અન્ય યુઝરે તો તેનાથી પણ આગળ વધીને આરોપ લગાવ્યો કે ડોનાલ્ડ ટ્રમ્પ પાકિસ્તાનને કંટ્રોલ કરી રહ્યા છે. જોકે, સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આ દાવાઓની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

### સબરીમાલામાં મહિલાઓના

પહેલા પાનાનું ચાલુ

બેન્ચમાં એકમાત્ર મહિલા ન્યાયાધીશ, જસ્ટિસ નાગરત્નાએ પૂછ્યું, "જો કોઈ મહિલાને માસિક ધર્મ હોવાને કારણે મંદિરમાં પ્રવેશતા અટકાવવામાં આવે તો શું તે અસ્પૃશ્યતા નથી? બંધારણ અસ્પૃશ્યતાને સંપૂર્ણપણે નાબૂદ કરે છે."

ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથે ભેદભાવનો મામલો છેલ્લા ૨૬ વર્ષથી દેશની અદાલતોમાં છે. ૨૦૧૮માં, ૫ જજોની બેન્ચે ૪:૧ના બહુમતીથી મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર લાગેલો પ્રતિબંધ હટાવી દીધો હતો. ત્યારબાદ ઘણી પુનર્વિચાર અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના ૯ જજોની બંધારણીય બેન્ચ ૭ એપ્રિલથી ૨૨ એપ્રિલ સુધી ૫૦થી વધુ અરજીઓ પર સુનાવણી કરશે. કોર્ટમાં રિવ્યુ પિટિશનરો અને તેમને ટેકો આપનારા ૭ એપ્રિલથી ૯ એપ્રિલ સુધી, જ્યારે વિરોધ કરનારા ૧૪ એપ્રિલથી ૧૬ એપ્રિલ સુધી દલીલો રજૂ કરી શકશે.

### ફ્રાન્સ દ્વારા ૧૨૯ ટન

પહેલા પાનાનું ચાલુ

સર્વ પ્રથમ સોનુ પરત લાવવા માટેનો ખર્ચ બચાવી લીધો અને બીજી તરફ ઉંચી કિંમતે સોનુ વેચીને નફો પણ કરી લીધો હતો. આમ ફ્રાન્સે ૧૨.૮ બીલીયન યુરોનો નફો પણ કર્યો છે. ફ્રાન્સે અલગ-અલગ ૨૬ વ્યવહારોમાં આ સોનુ વેંચ્યું હતું અને તેણે વેંચેલું સોનુ ફ્રાન્સના કુલ સોના ભંડારના ફક્ત પાંચ ટકા હોવાનું મનાઇ છે.ફ્રાન્સ પાસે હવે ૨૦૪૩૭ ટન સોનુ પડ્યું છે. અને તે પુરેપુરું ફ્રાન્સમાં જ મોજુદ છે. જો કે ફ્રાન્સની સેન્ટ્રલ બેન્કના ગર્વનરે સ્પષ્ટ કર્યું છે કે કોઇ રાજકીય કારણોસર નહીં પરંતુ સોનાને અપગ્રેડ કરવા માટેનું આ પગલું હતું.

બીજી તરફ જર્મનીમાં પણ હવે માંગ ઉઠી છે કે ટ્રમ્પના સમયમાં અમેરિકા ભરોસાપાત્ર રહ્યું નથી અને તેથી અમેરિકામાં આપણા દેશનું સોનું હોવું જોઇએ નહીં અને આગામી સમયમાં તે પણ પરત મેળવી લે તેવા સંકેત છે.

### વ્યાજદરો યથાવત

પહેલા પાનાનું ચાલુ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે અગાઉ રેપો રેટમાં ઘટાડો થવાના સંકેત આપ્યા હતા, પરંતુ ગવર્નરના આ નિર્ણયથી દેશના કરોડો લોનધારકો અને ઘર ખરીદનારાઓને નિરાશા સાંપડી છે.રેપો રેટમાં કોઈ ફેરફાર ન થવાને કારણે હોમ લોન અને ઓટો લોનની ઈએમઆઈમાં પણ કોઈ ઘટાડો થશે નહીં અને તે પહેલાની જેમ જ યથાવત રહેશે. આ નિર્ણયથી મધ્યમ વર્ગના ખિસ્સા પરનો બોજ હળવો થવાની આશા હાલ પૂરતી ઠગારી નીવડી છે.

### તા. ૧૦ એપ્રિલથી ટોલ

પહેલા પાનાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે ફાસ્ટેગ વાર્ષિક પાસે ૫૦ લાખ ગ્રાહકો આંકડો પાર કરી લીધો છે. આ ગ્રાહકોને વાર્ષિક ૩ હજાર રૂપિયામાં ૨૦૦ ટોલથી પસાર થવાની મંજૂરી આપે છે.

ટોલ પ્લાઝા પર કેટલાક સરકારી વિભાગો કે સેવાઓ સાથે સંકળાયેલા લોકો પોતાનું આઈડી કાર્ડ દેખાડીને છૂટનો દાવો કરી દે છે. ભલે યાત્રા ખાનગી હોય, નવા નિયમોમાં આ બંધ કરી દેવામાં આવ્યું છે. હવે ટોલમાં છૂટ કોઇ વ્યક્તિને નહીં, બલકે તેના અધિકૃત ઉપયોગના આધારે મળશે.

આ સાથે હવે કેટલાક વાહન ચાલકો માટે ટોલ પ્લાઝા અને હાઈ-વે ચેક પોઈન્ટ પર આધાર, ડ્રાઈવીંગ લાયસન્સ કે પાસપોર્ટ જેવા માન્ય સરકારી આઈડી ન દેખાડવા પર દંડ થઈ શકે છે અથવા રસ્તો રોકી શકાય છે.

### પશ્ચિમ રેલ્વે

પેજ-૨ પાનાનું ચાલુ

લંબાવવામાં આવી છે. ૩. ટ્રેન નં. ૦૯૦૯૩ ઉધના-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક વિશેષ ૧૫ મે થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૯૪ અયોધ્યા કેન્ટ-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ ૧૬ મે થી ૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૪. ટ્રેન નંબર ૦૯૦૯૭ ઉધના-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક સ્પેશિયલ ૧૯ મે થી ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૯૮ અયોધ્યા કેન્ટ-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ ૨૦ મે થી ૨૯ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૫. ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ ૧૫ મે થી ૨૬ જૂન, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ૧૮ મે થી ૨૯ જૂન, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૬. ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ ૧૫ મે થી ૧ જૂન સુધી લંબાવવામાં આવી છે. ૨૬, ૨૦૨૬. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક વિશેષ ૧૮ મે થી ૨૯ જૂન, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૧૮૯, ૦૯૧૮૩, ૦૯૦૯૩, ૦૯૦૯૭, ૦૯૪૬૫ અને ૦૯૪૫૧ ના વિસ્તૃત દોડ માટે બુકિંગ ૮ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને રેક રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### આર.એન.જી. પટેલ

પેજ-૨ પાનાનું ચાલુ

ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા અને તાલીમની અસરકારકતા દર્શાવે છે.

સોલર ઉદ્યોગમાં વધતી જતી તકોને ધ્યાનમાં રાખીને સંસ્થામાં ચલાવવામાં આવતા બી.વોક (સોલર એન્ડ રીનીવેબલ એનર્જી), બી.વોક (પ્રોડક્શન ટેકનોલોજી) અને બી.વોક (ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી) કોર્સ પ્રત્યે વિદ્યાર્થીઓમાં વધતી જતી માંગ પણ નોંધપાત્ર છે. આ કોર્સના વિદ્યાર્થીઓએ

આભાર - નિહારીકા રવિયા કંપનીના પ્રતિનિધિઓનું વિશેષ ધ્યાન આકર્ષ્યું હતું. ઉપરાંત, પેરેન્ટ સંસ્થા એન. જી. પટેલ પોલીટેકનિકના ડિપ્લોમા વિદ્યાર્થીઓએ પણ ઉત્તમ પ્રદર્શન કરીને પસંદગી મેળવી હતી. આ પ્રસંગે આ બંને કોલેજોએ રિલાયન્સ સોલર સાથે ભવિષ્યમાં સહકાર વધારવા રેં માટે પહેલ કરી છે, જેના પરિણામે વિદ્યાર્થીઓને ટ્રેનિંગ, ઈન્ટરનશિપ તથા પ્લેસમેન્ટની વધુ સુવર્ણ તકો પ્રાપ્ત થશે અને તેમની કારકિર્દી માટે ખૂબ જ લાભદાયક સાબિત થશે. આ રીતે સંસ્થા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સાથે દેશની અગ્રણી કંપનીઓમાં ઉત્તમ પેકેજ સાથે રોજગાર તકો ઉપલબ્ધ કરાવવામાં સતત પ્રયત્નશીલ છે. પસંદગી પામેલા તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, મંત્રીશ્રી મોહનભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. લતેશ બી. ચૌધરી તેમજ ડિપ્લોમા કોલેજના પ્રિન્સિપાલ પ્રો. કાર્તિક દેસાઈ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### કીમ-સાયણ રોડ

પેજ-૨ પાનાનું ચાલુ

હતી.જયારે મો. સા.ચાલકને પણ ઈજા થઈ હતી.જો કે તે સમયે મો.સા. ચાલકે ઈજાગ્રસ્ત શ્રમિકનો સારવાર ખર્ચ આપવાની જબાબદારી લેતા રાજનકુમારને સુરત શહેર ખાતેની નવી સિવિલ હોસ્પિટલ માં ખસેડાયો હતો.જ્યાં આઠ દિવસની સારવાર બાદ બિહારી રાજનકુમારનું મોત થયું હતું. આ બાબતે મૃતક ના વતનના કનૈયાકુમાર વિશ્વનાથસિંગે ગત તા.૦૫ મી એપ્રિલના રોજ અજાણ્યા મો.સા.ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૮ એપ્રિલ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પ્રદેશ ભાજપ સંકલનમાં સુરત સહિતના મહાનગર પાલિકાના ઉમેદવારોની પસંદગી

## ટિકિટ વાંચ્છુઓનું આખરી ઘડીએ ભારે લોબિંગ, પાર્ટીનો ક્રાઈટેરિયા, વોર્ડના મતદારોનું સમીકરણ વગેરેની કાર્યકરોમાં ભારે ચર્ચા

**સુરત,તા.૦૮**

ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સુરત સહિતની ૧૫ મહાનગરપાલિકાઓના ઉમેદવારોના નામોની આખરી પસંદગી માટે ભાજપ મોવડી મંડળની સંકલન બેઠકમાં મંથન શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે ટિકિટ વાંચ્છુ ઉમેદવારોમાં ભારે ઉત્તેજના છવાઈ ગઈ છે.

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની ટિકિટ મેળવવા માટે ૨૧૦૦ જેટલા દાવેદારો કતારમાં ઉભા રહી ગયા છે. અને ટિકીટ માટે તીવ્ર ખેંચતાણ અને ભારે લોબીગ, ભલામણોનો દોર શરુ થયો છે. આ દરમિયાન આજે તા.૮ના રોજ સુરત માટે નામો નક્કી કરવા પ્રદેશ ભાજપની સંકલન બેઠક મળી છે. પક્ષના નામે મળેલી સત્તા પોતાના નામે મળ્યાનું માનીને વહીવટ કરનાર કેટલાક મોટામાથાઓ અને હાંસિયામાં રહેલા સત્તાના કેન્દ્રમાં આવવાના દરેક ચૂંટણી વખતે થતા પ્રયાસો વચ્ચે આ વખતે અનેક મોટામાથાના પત્તા કપાવાની શક્યતા પક્ષના વર્તુળો જોઈ રહ્યા છે. જેના પગલે ટિકીટ માટે જ્ઞાતિ,કામગીરી, પરિવાર, સિનિયોરિટી વગેરે ધોરણોને આગળ કરીને પ્રયાસો થઈ રહ્યા છે. આ સ્થિતિમાં પ્રાપ્ત માહિતી અનુસાર ૬૦ વર્ષથી ઉપરનાને, ત્રણ ટર્મ લડેલાને ટિકિટ નહીંના ધોરણો ઉપરાંત એકવાર હોદ્દો પદ મેળવનારના પરિવારમાંથી પણ ટિકિટ નહીં આપવા સહિતના જાહેર નહીં થયેલા ધોરણો પણ અપનાવાશે. નવોદિતોને, વર્ષોથી સક્રિય પણ ટિકીટથી વંચિત રહેલાને, સંગઠનના લોકોને ટિકીટ વધુ અપાય તેવી પણ ચર્ચા કાર્યકરોમાં થતી જોવા મળે છે. દરેક ચૂંટણીમાં નામો જાહેર થયા પછી અમે રહી ગયા, ફલાણા ફાવી ગયાનો અસંતોષની ચિનગારી જોવા મળતી હોય છે તેને ફેલાવા માટે સમય ન મળે તે માટે ભાજપ દ્વારા તા.૧૧ના ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ પહેલા જ તા.૧૦ અથવા વહેલામાં વહેલું તા.૯ના નામો જાહેર કરવાનો વ્યુહ પણ જોવા મળ્યો છે. બીજી તરફ, ભાજપે ઉમેદવારના નામે નહી પણ પક્ષના નામે કાર્યકરોના ઘર ઉપર ઝંડો લગાવવા સહિત પ્રચાર શરુ કરી દીધો છે.

(તસવીર : હનીફ મલેક)




ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ખડગે દ્વારા કેરળ ખાતે ચૂંટણી પ્રચારમાં ગુજરાતની જનતાનું હળાહળ અપમાન કરવાના મુદ્દે સુરત શહેર ભાજપ દ્વારા આજે પત્રકાર પરિષદ યોજીને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ખડગેના જાહેર નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદમાં શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલ, માજી મેયર હેમાલીબેન બોઘાવાલા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજ સાંજથી ભાજપના ઉમેદવારો તબક્કાવાર જાહેર થવાની શક્યતા

## મુખ્યમંત્રીના નિવાસસ્થાને ત્રણ દિવસથી ચાલતો બેઠકનો દોર

**ગાંધીનગર,તા.૦૮**

ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે મુખ્યમંત્રીના નિવાસ સ્થાને બેઠક યોજવામાં આવી છે. આ બેઠક બાદ આજે મોડી સાંજ સુધીમાં ભાજપના ઉમેદવારોની જાહેરાત થાય તેવી શક્યતાઓ છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થયા બાદ રાજકીય પક્ષો દ્વારા મુરતીયાઓની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે. ત્યારે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે મુખ્યમંત્રીના નિવાસ સ્થાને બેઠક યોજવામાં આવી છે. સતત ત્રણ દિવસ સુધી યોજાયેલી આ બેઠક બાદ આજે મોડી સાંજ સુધીમાં ભાજપના ઉમેદવારોની જાહેરાત થાય તેવી શક્યતાઓ છે.

ઉમેદવારોની પસંદગી માટે ભાજપની ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉમેદવારોના નામ અંગે ચર્ચાઓ કરાઈ હતી. ત્યારે ભાજપના સુત્રો દ્વારા એવું જાણવા મળ્યું છે કે, પ્રથમ યાદી આજે સાંજ સુધીમાં જાહેર થઈ શકે છે. મોડી સાંજ સુધીમાં પ્રથમ યાદી જાહેર થઈ શકે છે. પ્રથમ યાદીમાં નિર્વિવાદિત નામો જાહેર કરાશે. ભાજપ દ્વારા તબક્કાવાર યાદી જાહેર કરવામાં આવશે.

# કાંઠા સુગરના લોન કૌભાંડમાં તળિયા ઝાટક તપાસ યોજવા ઉઠેલી માંગણી

## કૌભાંડકારીઓ સામે કલમ ૯૩ મુજબ તપાસ કરવા દર્શન નાયક દ્વારા રજુઆત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

શ્રી સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લી. સુરતમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯૩ની જોગવાઈ અનુસાર નુકસાનીની તપાસણી કરી જવાબદારી સામે નિયમોનુસાર પગલાં ભરવા બાબતે રાજ્ય રજીસ્ટ્રાર તથા સુરત જિલ્લા રજીસ્ટ્રાર સમક્ષ સરકારી આગેવાન તથા કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન નાયક દ્વારા કરાયેલી લેખિત રજુઆતમાં જણાવાયું છે કે, શ્રી સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લી. સુરતે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈ અને તેનું સંચાલન સહકારી કાયદા, કાનૂન અને મંજૂર પેટાનિયમોને આધીન છે.

મળેલ માહિતી મુજબ તાજેતરમાં શ્રીકાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ લી.,મોજે.સરસ,તા. ઓલપાડ, જિ. સુરતમાં રુ.૧૫.૬૫/- કરોડનું લોન કૌભાંડ થયેલ છે. જે મુજબ ખાંડનો ખોટો સ્ટોક માન્ય કરી બેંક દ્વારા લોન આપવામાં આવેલ છે. જે અન્વે ઓલપાડના પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નંબર ૧૧૨૧૪૦૪૨૨૬ ૦૫૩૦/૨૦૨૬ થી ઈ.પી.કો. કલમ:૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦(બી) મુજબ નોધવેલ છે અને તેના આરોપીઓની તરીકે શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ લી.મોજે.સરસ, તા. ઓલપાડ,જિ.સુરતના મેનેજિંગ ડિરેક્ટર અને શ્રી સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લી. સુરતના મેનેજિંગ ડિરેક્ટર સહિતના નામો દર્શાવેલ છે. આમ, આ સમગ્ર કૌભાંડ પોલીસના રેકર્ડ પર છે.

ખેડૂતો અને સાંભસદો દ્વારા અમોને જણાવ્યા મુજબના ઉપરોક્ત ગુનામાં મંડળીને રુ.૧૫.૬૫/- કરોડની લોન બેંક દ્વારા ખોટા ખાંડના સ્ટોક ઉપર આપવામાં આવેલ છે અને તેમાં બેંકને નુકસાની થયેલ છે. બેંકના નાણાં કોઈના અંગત નથી, પરંતુ બેંકના સભાસદોના અને જાહેર નાણાં છે. જેથી આ કામે માત્ર બેંકના મેનેજિંગ ડિરેક્ટર સામે પોલીસ ફરિયાદ થવાથી પ્રશ્ન પૂરો થઈ જતો નથી. પરંતુ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯૩માં થયેલ જોગવાઈ મુજબ બેંકને થયેલ નુકસાન બદલ બેંકના સંચાલક સહિત તમામ જુદાજુદા હોદ્દેદારો પણ જવાબદાર છે. કેમ કે, શ્રી સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લી.માં બોર્ડની મિટિંગમાં ઠરાવ કર્યા વિના કે સત્તા આપ્યા વિના કોઈ પણ લોન અંગે, સ્ટોકની સ્થળ ચકાસણી અંગે, NCDC ની લોન કે કમિશન સાથેની લોન અંગેની મંજૂરી આપવામાં આવતી નથી. જેથી પ્રાથમિક રીતે તેમની સામે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯૩ની જોગવાઈ મુજબ તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવી જરૂરી છે.

# દક્ષિણ ગુજરાતમાં ભેજ પવન ફુંકાવા સાથે વાદળ છવાયા

## ભરૂચ, નર્મદા, સુરત, ડાંગ, દમણમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૮**

શહેરમાં મંગળવારે મોડી સાંજે પવનની ગતિ તેજ થવા સાથે તાપમાનનો પારો નીચો રહ્યો હતો. હવામાન વિભાગની માવઠાની આગાહી વચ્ચે સુરત સહિત દ.ગુજરાતના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે ત્યારે ગત સાંજથી પવનની ગતિ વધી છે. આજે સવારે પણ દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૧૦ કિ.મીની ઝડપે પવન ફુંકાઇ રહ્યો છે. શહેરમાં વાદળ છવાયું વાતાવરણ રહેવા સાથે ગરમીનું પ્રમાણ પણ ઓછું રહયું હતું. દરમિયાન સુરત ઉપરાંત, નવસારી, વલસાડ, વ્યારા સોનગઢ, આહવા ડાંગ, વાપી, દાદર નગર હવેલી, દમણમાં આજે હવામાન વિભાગ દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વિતેલા બે ત્રણ દિવસથી શહેરના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગઈકાલે પ્રતિ કલાક ૧૪ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે આજે સવારથી શહેરમાં વાદળ છવાયું વાતાવરણ રહયું હતું.

રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમ ભેજવાળા પવનો આગામી દિવસોમાં ફુંકાશે આ વિસ્તારમાં ગરમીનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ભારે પવન ફુંકાવા સાથે સુરત ઉપરાંત ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ, દમણ દાદર નગર હવેલી સહિતના વિસ્તારોમાં આજે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. માવઠાની આગાહીને પગલે ખેડુતોની પણ ચિંતા વધી છે. હાલ કેરીની સિઝન ચાલી રહી છે ત્યારે કેરી પકવતા ખેડુતોની મુંઝવણ વધી છે. સુરતનું આજે સવારનું લઘુત્તમ તાપમાન ૨૫.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહ્યું હતું.



સુરત શહેરના કોટ વિસ્તારમાં વરિયાવી બજારમાં આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસ ચોકીની સામે એક વર્ષો જૂના મકાનની દીવાલ અને સ્લેબ અચાનક પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનાના કારણે ફસાયેલા ૮૦ વર્ષના વૃદ્ધા માટે ફાયરના જવાનો 'દેવદૂત' બનીને આવ્યા હતા અને તેમનું દિલધડક રેસ્ક્યુ કર્યું હતું. (તસવીર : હનીફ મલેક)

# વરિયાવી બજારમાં વર્ષો જૂના ઘરનો સ્લેબ અને દીવાલ ધરાશાયી

## દુર્ઘટનામાં ફાયર બ્રિગેડે ૮૦ વર્ષના વૃદ્ધાને હેમખેમ ઉગારી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૮**

સુરત શહેરના કોટ વિસ્તારમાં વરિયાવી બજારમાં આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસ ચોકીની સામે એક વર્ષો જૂના મકાનની દીવાલ અને સ્લેબ અચાનક પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનાના કારણે ફસાયેલા ૮૦ વર્ષના વૃદ્ધા માટે ફાયરના જવાનો 'દેવદૂત' બનીને આવ્યા હતા અને તેમનું દિલધડક રેસ્ક્યુ કર્યું હતું.

મળતી માહિતી પ્રમાણે, વરિયાવી બજારમાં કૃષ્ણ મંદિરની બાજુમાં ઘર નંબર ૨૧૯૧માં આજે વહેલી સવારે ૩:૫૦ કલાકે ભારે અવાજ સાથે કડાકો થયો હતો. એક માળના આ મકાનનો સ્લેબ અને દીવાલ ધરાશાયી થતાં આસપાસના લોકો જાગી ગયા હતા. ધૂળની ડમરીઓ વચ્ચે લોકોએ બચાવ-બચાવની બૂમો પાડતા વાતાવરણ ગમગીન બની ગયું હતું. મકાન ધરાશાયી થયું ત્યારે ઘરમાં હાજર ૮૦ વર્ષીય હરિબેન કાટમાળમાં નીચે ફસાઈ ગયા હતા. પથ્થરો અને લાકડાના કારણે તેઓ બહાર નીકળી શકતા નહોતા. ઘટનાની જાણ થતા જ મુગલીસરા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયરના જવાનોએ જોખમી સ્થિતિમાં કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન માનવતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. ફાયર ઓફિસર બળવંતસિંહે જીવના જોખમે કાટમાળમાંથી હરિબેનને શોધી કાઢ્યા હતા.

# સાનિધ્ય પેટ્રોલિયમ પંપના આઠ કર્મચારીઓ દ્વારા હિસાબી ગોટાળો

## ડીજીટલ પેમેન્ટની સ્લીપનો દુરૂપયોગ કરી રૂા.૧૫.૭૬ લાખની ઉચાપત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

શહેરમાં વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં પેટ્રોલપંપમાં કામ કરતા કર્મચારીઓએ જ માલિકને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ બનાવને પગલે વેપારી વર્ગમાં ચિંતા ફેલાઈ છે.

ફરિયાદી નિકુંજભાઈ મુકેશભાઈ અકબરી (ઉંમર ૨૩, રહે-સીમાડા ગામ, સરથાણા) દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. ૦૨/૦૭/૨૦૨૫ થી તા. ૨૯/૦૮/૨૦૨૫ દરમ્યાન સારોલી વિસ્તારના "સાનિધ્ય પેટ્રોલીય" નામના પેટ્રોલપંપ પર આ ગુનો આચરવામાં આવ્યો હતો. ફરિયાદી દ્વારા પેટ્રોલ વેચાણ અને હિસાબની જવાબદારી કર્મચારીઓને સોંપવામાં આવી હતી. આ કેસમાં કુલ ૮ આરોપીઓનો સમાવેશ થાય છે, જેમાં રમેશસિંગ નથુસિંગ (હૈદરાબાદ), કમલેશસિંગ નારાયણસિંગ અને મનોહરસિંગ પુખેસિંગ (રાજસ્થાન), ઉમેશ પ્રજાપતી (સુરત), ઓમસિંગ સંતોષસિંગ (છત્તીસગઢ), અર્જુનભાઈ વિશ્વકર્મા (કડોદરા), સુખદેવસિંહ તથા દિનેશભાઈનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ પેટ્રોલપંપ પર નોકરી કરતા હોવાથી ફરિયાદીએ તેમના પર વિશ્વાસ રાખ્યો હતો. ફરિયાદ મુજબ, આરોપીઓએ સંગઠિત રીતે છેતરપિંડીનો કાવતરું રચ્યું હતું. તેઓ ગ્રાહકો પાસેથી પેટ્રોલ માટે રોકડ રકમ લેતા અને જ્યારે કોઈ ગ્રાહક ડેબિટ/ક્રેડિટ કાર્ડથી ચૂકવણી કરતો ત્યારે સ્વાઈપ મશીનમાંથી નીકળતી સ્લીપ ગ્રાહકને આપતા નહોતા. આ સ્લીપનો ઉપયોગ કરીને તેઓ હિસાબમાં ખોટી એન્ટ્રી દર્શાવતા અને રોકડ રકમ પોતાની પાસે રાખતા હતા. વધુમાં, આરોપીઓએ ડુપ્લિકેટ સહીવાળી સ્લીપ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન નિષ્ફળ ગયાની ખોટી નકલો બનાવી હિસાબમાં દર્શાવી, પેટ્રોલપંપના માલિકને ગેરમાર્ગે દોર્યો હતો. આ રીતે રોજિંદા હિસાબમાં ગેરરીતિ કરીને કુલ રૂપિયા ૧૫,૭૬,૯૮૬/- ની ઉચાપત કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# પાંડેસરામાં ડમ્પરની અડફેટમાં બાઈક સવાર યુવાન ઘવાયો

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૮**

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં બેદરકારીથી વાહન હંકારવાના કારણે અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક કિશોરને ગંભીર ઈજા પહોંચી હતી. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે અને આરોપી ડ્રાઈવર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ફરિયાદી સંદીપકુમાર રામાશંકર પાલ (ઉંમર ૩૨, રહે-ભેસ્તાન) દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, ઘટના તા. ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે આશરે ૯ વાગ્યાના સમય દરમિયાન બની હતી. પાંડેસરા વિસ્તારમાં મિલન પોઈન્ટથી તેરે નામ તરફ જવાના રસ્તા પર તિરુપતી સ્કૂલ પાસે આ અકસ્માત સર્જાયો હતો.ફરિયાદ મુજબ, ફરિયાદીના મામાનો દીકરો આદર્શ સાયકલ પર ઘરે પરત ફરી રહ્યો હતો. તે સમયે સફેદ રંગનું SMCનું અશોક લેયલન્ડ કંપનીનું ડમ્પર (રજી. નં. GJ-05-GV-2185) અચાનક જમણી બાજુ દબાવી બેદરકારીપૂર્વક હંકારવામાં આવતા સાયકલ સાથે જોરદાર અથડામણ થઈ હતી. અકસ્માતના કારણે આદર્શ જમીન પર પડી ગયો અને તેને જમણા પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.સ્થળ પર હાજર લોકો અને પ્રગતિ સ્કૂલના સ્ટાફે તાત્કાલિક પ્રતિક્રિયા આપી, ઘાયલને ખાનગી વાહન મારફતે કૈલાશનગર ચોકડી નજીક આવેલી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. તબીબી તપાસમાં આદર્શના પગના ઘૂંટણના ભાગે ફ્રેક્ચર થયાનું જાણવા મળ્યું છે.આ બનાવમાં ડમ્પર ડ્રાઈવર આશિર્વાદ રાજુભાઈ અમલ્યારે (ઉંમર આશરે ૨૪, રહે-દાહોદ) વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન હંકારવાનો ગુનો નોંધાયો છે. તા. ૦૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અનેક વોરન્ટની અવગણના કરતો આરોપી પોલીસ કમિશનરના હસ્તક્ષેપ બાદ ઝડપાયો

## હત્યાની કોશીશના ગુનામાં સંડોવાયેલા સિદીક સોડાવાલાએ જેલમાંથી છૂટવા કરેલી જામીન અરજી પણ કોર્ટે રદ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૮**

હાફ મર્ડર કેસમાં સંડોવાયેલા ગોપીપુરાના આરોપી સિદીક સોડાવાલાને કોર્ટ મુદ્દતે હાજર નહી રહેવાનું ભારે પડ્યું હતું. સિદીક સોડાવાલા છેલ્લા કેટલાક સમયથી લાલગેટ પોલીસને વોરંટની બજવણી થવા દેતો ન હતો. આ મામલે કોર્ટે પોલીસ કમિશનરને યાદી સાથે વોરંટની અમલવારી માટે જાણ કરતા સતત નાસ્તા ફરતા સિદીક સોડાવાલાને પકડી લઈ કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. કોર્ટ સિદીક સોડાવાલા સામે ગુસ્સે થઈ હતી અને જેલમાં મોકલી દેવાયો હતો. જેલમાં બંધ સિદીકે થોડા દિવસો બાદ જામીન અરજી કરી હતી, પરંતુ કોર્ટે જામીન પણ નકારી કાઢ્યા હતા.

વર્ષ ૨૦૧૮માં ચૌટા બજાર ખાતે એસ એમ સીની મલ્ટી લેવલ પાર્કિંગ ચલાવતા વકાર હયાત મેમણ ઉપર જીવલેણ હુમલો કરવાના કેસમાં ગોપીપુરા મેઈન રોડ શેરી ખાતે રહેતા સિદીક ઉર્ફે સિદીક સોડા ઉસ્માન સોડાવાળા, ફેઝાન પુઠ્ઠાવાલા, અમ્માર ફ્રુટવાલા, ઈલિયાસ ભૂરા, મહેતાબ ભૈયા, યાહ્યા, અલ્પાક સૈયદ, વસીમ ગાવટી અને ઝુબેર સોડાવાલા સામે લાલગેટ પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો.

આ કેસમાં આરોપી સિદીક ઉર્ફે સોડા સહિતના આરોપી જામીન ઉપર મુક્ત થયા હતા. દરમિયાન આ કેસની ન્યાયિક કાર્યવાહી શરૂ થવાની હતી. વર્ષ ૨૦૨૩ માં આરોપી સિદીકને સમન્સ બજેલુ પણ કોર્ટમાં હાજર થયો ન હતો. અને ત્યારથી આરોપી સિદીક વિરુદ્ધ વોરંટ ચાલ્યું હતું. અને આરોપી સોડાએ કોર્ટ સમક્ષ હાજર ન રહી વોરંટી અમલવારી થવા દીધી ન હતી. આખરે પોલીસ કમિશનરને યાદી સાથે વોરંટની અમલવારી માટે મોકલતા બજવણી થઈ હતી. કોર્ટે આરોપી સોડાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેને જેલમાં મોકલી દીધો હતો. અને ગઈ કાલે તેની રેગ્યુલર જામીન રદ કરી હતી. કોટે જણાવ્યું હતું કે આરોપીની ગેરહાજરીના કારણે આ કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી, જેથી જામીન પર મુક્ત કરવા યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી.

# ઓનલાઈન શોપિંગમાં ગ્રાહકો સાથે ઠગાઈ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૮**

શહેરમાં ઓનલાઈન શોપિંગના નામે છેતરપિંડીનો એક વધુ કેસ સામે આવ્યો છે, જેમાં સાયબર ક્રાઈમ પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ મામલે અ.પો.કો. સતિષ બલિરામ (સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ, છેલ્લા બે મહિનાથી સારોલી વિસ્તારમાં આવેલા કોહીનુર-૨ ટેક્સટાઈલ પ્લાઝામાંથી આરોપીઓ દ્વારા "www.pavitrawear.com" નામની વેબસાઈટ ચલાવવામાં આવતી હતી. આ વેબસાઈટ પર લેડીઝ વેર કપડાંના આકર્ષક ફોટા મૂકી સસ્તા ભાવે વેચાણની જાહેરાત કરવામાં આવતી, જેના કારણે ગ્રાહકો ઓનલાઈન ઓર્ડર આપતા હતા.પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી અંકીત તુલશીભાઈ અજુડીયા (ઉંમર ૨૯, રહે-પુણાગામ) અને મૌલીક નિલેશભાઈ દુધાગરા (ઉંમર ૨૫, રહે-મોટા વરાછા) મળીને આ છેતરપિંડી ચલાવતા હતા. તેઓ ગ્રાહકો પાસેથી ઓનલાઈન પેમેન્ટ લઈ, ઓર્ડર મુજબની વસ્તુ મોકલવાના બદલે સસ્તી અને નકામી ગુણવત્તાની વસ્તુઓ પાઠવી લોકોને છેતરતા હતા.સાયબર ક્રાઈમ પોલીસે દરોડા પાડી બંને આરોપીઓને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ૧૦ મોબાઈલ ફોન (કિંમત અંદાજે રૂ.૨.૪૯ લાખ), ૨ સીપીયુ, ૧૦ ડેબિટ/ક્રેડિટ કાર્ડ અને ૯ ચેકબુક સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

'સહકારથી સમૃદ્ધિ' આત્મનિર્ભર ભારત ગતિ-પ્રગતિની મિશાલ

ધી રાંદેર પીપલ્સ કો.ઓ. બેંક લિ.

Since 1st August 1923

બેંકની બહુવિધ ધિરાણ યોજનાઓ નિમ્નતર વ્યાજ સાથે

બિઝનેસનો સાર
લાલબેંક દોઢસો કરોડને પાર

| Year IN Cr | 2024-25 | 2025-26 |
|---|---|---|
| SHARE CAPITAL | 2.72 | 3.01 |
| TOTAL BUSINESS | 135.08 | 150.68 |
| DEPOSITE | 85.49 | 100.70 |
| LOAN | 49.59 | 49.98 |
| CD RATIO | 58.01% | 49.63% |
| GROSS PROFIT | 1.42 | 1.03 |
| GROSS NPA (Rs) | 1.72 | 1.67 |
| NET NPA (Rs) | 0 | 0 |

સુવર્ણ ધિરાણનો શુકનવંતો સ્પર્શ ૮.૧૫%

હાઉસીંગ લોન અમારી પારિવારીક પ્રસન્નતા તમારી ૯.૧૦% થી ૯.૩૦%

લાલબેંકની અવિરત પ્રગતિમાં હિસ્સેદાર સૌ ગ્રાહક તથા સભાસદ ભાઈઓ અને બહેનોનો ધી રાંદેર પીપલ્સ બેંક લિ., ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીઓ અને વહીવટી સ્ટાફ, પરિવારજનો સૌનો આભાર વ્યક્ત કરે છે અને અભિનંદન પાઠવે છે

: મુખ્ય કચેરી / બ્રાંચ :
ઉમદ ફળિયા, બોટાવાલા માર્ગ, રાંદેર, સુરત
ફોન: ૨૭૬૫૯૫૧,૨૭૬૨૬૨૨

: સહારા દરવાજા બ્રાંચ :
ન્યુ બોમ્બે માર્કેટ, એ-૨૩૨, ઉમરવાડા, સુરત-બારડોલી મેઈન રોડ, સુરત.
ફોન: ૨૩૨૩૬૪૧,૨૩૩૫૨૧૮,૯૪૦૮૭ ૩૧૫૦૨

વિશેષ:- સૌ સભાસદ ભાઈ બહેનોનેને નમ્ર વિનંતી છે કે ડિવિડન્ડ મેળવવા બેન્ક ની મુખ્ય કચેરીનો સંપર્ક કરી પોતાના kyc ની પૂર્તતા કરાવશો